૧. તા. ૬/૭--૪--૧૯૭૨ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૨ની બીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૬/૭-૪--૧૯૭૨ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૨ની બીજી સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૨૪માં મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિના ઠરાવ નં. ૩ ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"સદરહુ સમિતિના ઉપરના ઠરાવ નં. ૩ અંગે ઠરાવવામાં આવ્યું કે અનુસ્નાતક કક્ષાએ જો કોઈ વિષયમાં ડેઝર્ટેશન કે માસ્ટર એસે રાખવામાં આવેલો હોય તો તે માટે સંબંધકર્તા અભ્યાસસમિતિઓને પુછાવવું."

(૨) બાબત ક્રમાંક ૬૨ નો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમ અંગે પુનર્વિચારણા કરવા માટે જનરલ એજ્યુકેશનની અભ્યાસસમિતિને જણાવવું. દરમ્યાન જનરલ એજ્યુકેશન અંગે હાલ જે અભ્યાસક્રમ ઘડેલો છે તે અમલમાં રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જનરલ એજ્યુકેશનની બેઉ વર્ષોની પરીક્ષાઓ માર્ચ--એપ્રિલ, ૧૯૭૩ થી યુનિવર્સિટીએ લેવાનું રાખવું."

૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના રીડરની ખાલી પડેલી જગ્યા માટે તથા સમાજવિદ્યા ભવનમાં રીડર ઈન લેબર વેલ્ફેરની ખાલી પડેલી જગ્યા પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ પર બબ્બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) રસાયણવિજ્ઞાનના રીડર અંગેની વરણીસમિતિ પર નીચે જણાવેલા સભ્યોમાંથી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) ડૉ. ટી. આર. શેષાદ્રિ

(૨) ડૉ. રંગાચાર્ય

(૩) ડૉ. કીડવાઈ.

(૨) લેબર વેલ્ફેરના રીડર અંગેની વરણીસમિતિ પર નીચે જણાવેલા સભ્યોમાંથી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) ડૉ. આનંદજી (બનારસ હિન્દુ યુનિવર્સિટી)

(૨) ડૉ. વી. બી. કર્ણિક

(૩) ડૉ. એસ. પી. પૂણેકર.

વધુમાં ડૉ. પરેશ મજમુદાર આ વિષયના યુનિવર્સિટીના પ્રાધ્યાપક તરીકે વરણીસમિતિના સભ્ય રહેશે.

૩. સ્ટે. ૧૧૮ (૭) અનુસાર બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ પર સભ્યપદે નીમેલ શિક્ષક ડૉ. ય. ગુ. નાયક હવે સેનેટ સભ્ય નહીં હોવાથી તેમની ખાલી પડેલી જગ્યા પર તે વિદ્યાશાખામાંથી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા એવા શિક્ષકની તા. ૨૨--૧૧--૧૯૭૨ સુધીના સમય સુધી સભ્યપદે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર તા. ૨૨--૧૧--૧૯૭૨ સુધીના સમય માટે ડૉ. ય. ગુ. નાયકની જગ્યાએ પ્રો. પી. ડી. પાઠકની નિમણૂક કરવી.

૪. વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કોરસપોડન્સ કોર્સીઝ) દાખલ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ સેનેટે તેની તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ની ખાસ સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હતી તે સિન્ડિકેટે તેની તા. ૧૫-૪--૧૯૭૨ની સભામાં એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલેલ હોઇ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવો અને તે વિદ્યાશાખાની ભલામણો આવ્યેથી તે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું. દરમ્યાન પત્રવ્યવહારથી અભ્યાસક્રમ અંગે ભારતની અન્ય યુનિવર્સિટીઓમાંથી માહિતી મગાવવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.

૫. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં નીચેના ચાર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો તૈયાર કરવા માટે નીમેલી સમિતિની તા. ૨૮--૨--૧૯૭૨ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(1) One-year advance course in Psychiatric Social Work—D.P.S.W.

(2) One-year Teacher Training course in Special Education for the Non-normal Children—D.S.E.N.C.

(3) One-year course in Psychiatric Occupational Therapy—D.P.O.T.

(4) Two-year course in Psychotherapy—D.P.

(1) " The Diploma in Teacher Training course in Special Education for the Mentally Retarded " should be renamed as " Diploma in Special Education for the Non-normal".

(2) The committee recommends that until a properly constituted Board of Studies takes over, this committee should function as the ad-hoc Committee discharging the functions of the Board of Studies in all these diplomas.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) Diploma in Teacher Training in Special Education for the Mentally Retarded Children ને બદલે Diploma in Special Education for Non-normal Childern નામાભિધાન રાખવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

(૨) સદરહુ અભ્યાસક્રમો અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી ઍડ-હૉક સમિતિ રચવી :

(૧) ડૉ. ઓ. વી. શાહ
(૨) ડૉ. સી. ટી. ભોપટકર
(૩) ડૉ. એમ. એમ. ત્રિવેદી
(૪) શ્રી. રમેશભાઈ અમીન
(૫) ડૉ. એસ. મજમુદાર
(૬) શ્રી. એન. એમ. પરીખ
(૭) ડૉ. કે. જી. દેસાઈ

૬. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એમ. પી. ભટ્ટ તરફથી ભવનના અધ્યક્ષ મારફતે "મૅથેમેટિકલ ઈકોનોમિકસ ઍન્ડ ઈકોનોમેટ્રિકસ, ઈકોનોમિક એનાલિસિસ ઍન્ડ પોલિસી"નો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવા તા. ૨૪--૫--૧૯૭૨ના પત્રથી આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "Mathematical Economics and Econometrics, Economic Analysis and Policy"નો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમાનો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમાનો અભ્યાસક્રમ ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી અને તે સમિતિનો અહેવાલ આવ્યેથી તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી:

(૧) પ્રો. મહેશભાઈ ભટ્ટ
(૨) પ્રિ. આર. વી. શાસ્ત્રી
(૩) શ્રી. મુકુન્દભાઈ ત્રિવેદી
(૪) ડૉ. વી. પી. ભારદ્વાજ
(૫) ડૉ. વાય. કે. અલઘ
(૬) ડૉ. આર. જે. મોદી
(૭) પ્રો. સી. જી. ખત્રી
(૮) અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષ
(૯) આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

(૧) એમ.એ. (અર્થશાસ્ત્ર સાથે)

અથવા

(૨) એમ.કૉમ.

૭. તા. ૩/૪--૧૦-૧૯૭૦ની સિન્ડિકેટની સભાએ નીમેલ પરીક્ષા સુધારણા સમિતિની જુદી જુદી સભાઓમાં થયેલાં સૂચનોની બાબતમાં જુદી જુદી અભ્યાસસમિતિઓના ઠરાવો પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--સમિતિની ભલામણો પૈકીની ભલામણ નં. ૧ સિન્ડિકેટની તા. ૪--૧૨--૧૯૭૧ની સભામાં મંજૂર કરવામાં આવી છે. બાકીની ભલામણો અંગેની વિચારણા એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭--૪--૧૯૭૨ની સભામાં મોકૂફ રાખવામાં આવી છે.)

લાંબાણ ચર્ચાવિચારણાને અંતે પરીક્ષા સુધારણા સમિતિની ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ભલામણ નં. (૧) અંગે સિન્ડિકેટે તેની તા. ૪--૧૨--૧૯૭૧ની સભામાં નિર્ણય કરેલો છે તેની નોંધ લેવી.

(૨) અને (૩) સદરહુ ભલામણો (૨) અને (૩)ની નોંધ લેવી.

(૪) ભલામણ નં. (૪) વિજ્ઞાનની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિનો વિચારણા માટે મોકલવી.

(૫) ભલામણ નં. (૫) વિજ્ઞાન વિદ્યાશાખાને વિચારણા માટે મોકલીને પ્રાયોગિક પરીક્ષા શકય તેટલી દૂષણરહિત બને તે માટે સમગ્ર રીતે વિચારણા કરીને વ્યવહારક્ષમ ઉપાયો સૂચવવા માટે જણાવવું.

(૬) ભલામણ નં. (૬) લક્ષમાં લઈને પોતપોતાના વિષયને લગતા અભ્યાસક્રમ અંગેનો ઢાંચો તૈયાર કરીને જે તે અભ્યાસસમિતિની સમક્ષ રજૂ કરવા માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ હેઠળની અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને જણાવવું.

(**નોંધ.**—પોતાનો પ્રસ્તાવ તૈયાર કરવા માટે જે તે અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી પોતાને યોગ્ય લાગે તે નિષ્ણાતોની મદદ લઈ શકશે.)

વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં બીજા વર્ષની (સેકંડ ઇયરની) પરીક્ષામાં વિદ્યાર્થીઓના મુખ્ય વિષયનાં ત્રણે પ્રશ્નપત્રોમાં પાસ થવા માટે સરવાળે ઓછામાં ઓછા ૭૬ ગુણની આવશ્યકતા રાખવામાં આવી છે તેને બદલે ૭૫ ગુણ આવશ્યક ગણવાનું રાખવું અને તે અંગે સંબંધકર્તા રેગ્યુલેશનોમાં ઘટતા સુધારો કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૮. યુનિવર્સિટી ભાષાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સિન્ડિકેટ અને સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

૯. યુનિવર્સિટી મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સિન્ડિકેટ અને સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

૧૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સિન્ડિકેટ અને સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

૧૧. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સિન્ડિકેટ અને સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

તે પછી તા. ૨૭--૬-૧૯૭૨ના રોજ સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને બુધવાર, તા. ૨૮--૬--૧૯૭૨ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે સભાગૃહ ફરીથી મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧૨. પ્રા. અંબુભાઈ દેસાઈ તરફથી તેમના તા. ૨૫--૩--૧૯૭૨ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

૧. "તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ અને ૮--૧--૧૯૭૨ની સભામાં પસાર થયેલા ઠરાવના સંદર્ભમાં અનુસ્નાતક કેન્દ્રો અને ભવનોમાં કામ કરતા શિક્ષકોનાં વેતનો સત્વરે સુધારવા અને જૂન ૧૯૭૨થી અમલી બનાવવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

૨. "ગઈ સેનેટની સભાઓમાં બજેટ પરની ચર્ચામાં ઘણા બધા સભ્યોએ કરેલા સૂચનના સંદર્ભમાં યુનિવર્સિટી પરીક્ષામાં પ્રાશ્નિક, પરીક્ષક, સીનિયર સુપરવાઈઝર અને અન્ય નિમણૂકો માટેના વેતનદરો સુધારવા અને ૧૯૭૩ની માર્ચ--એપ્રિલની પરીક્ષાથી અમલી બનાવવા આ સભા સિન્ડિકેટને અનુરોધ કરે છે."

૩. "કૉલેજોના એફિલિયેશન માટે તથા યુનિવર્સિટી પરીક્ષા સંશોધન માટે અગાઉ સેનેટ-સભાઓમાં થયેલાં ભારપૂર્વકનાં સૂચનોને ધ્યાનમાં લઈને એવા 'સેલ' સત્વરે ઊભા કરવામાં આવે અને ૧૯૭૨--૭૩ના વર્ષમાં આ સેલ કાર્ય શરૂ કરે તેવી જોગવાઈ કરવા આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે."

૪. "યુનિવર્સિટી સિન્ડિકેટે નિયુક્ત કરેલી વિજિલન્સ કમિટીને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કૉલેજ સંચાલન સાથે સીધા સંકળાયેલા ન હોય તેવા અને યુનિવર્સિટીનાં ધારાધોરણો બરાબર પળાય તેવો આગ્રહ ધરાવતા સેનેટ સભ્યોને તે કમિટીમાં ઉમેરવા આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) અનુસ્નાતક શિક્ષણના કામકાજ માટે માન્ય શિક્ષકના માનદ પુરસ્કારની ટોચમર્યાદા રૂ. ૨૪૦થી વધારીને રૂ. ૩૦૦ની તાજેતરમાં કરવામાં આવી છે તે જોતાં અનુસ્નાતક શિક્ષકોના માનદ પુરસ્કાર અંગેનાં હાલનાં ધારાધોરણોમાં વિશેષ ફેરફાર કરવો નહીં.

(૨) યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેના નિયત કરવામાં આવેલા પુરસ્કારના દરમાં કશો ફેરફાર કરવો નહીં.

(૩) સદરહુ પ્રસ્તાવ અંગે સમગ્ર રીતે વિચારણા કરવા અને પરીક્ષાઓના નીચેના તબક્કાઓ લક્ષમાં રાખીને તબક્કાવાર પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(1) Pattern (નમૂના/તબક્કા) કેટલી
(2) Paper-setting
(3) Conduct
(4) Assessment

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ (અધ્યક્ષ)
(૨) પ્રો. પી. જી. માવળંકર
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) ડૉ. કે. જી. દેસાઈ
(૫) આચાર્ય ય. પ્રા. શુકલ
(૬) શ્રી. નરહરિ પરીખ
(૭) આચાર્ય બી. એમ. પીરઝાદા
(૮) શ્રી. એ. ટી. દેસાઈ
(૯) આચાર્ય અંચ. કે. ત્રિવેદી
(૧૦) પ્રો. બબાભાઈ પટેલ
(૧૧) શ્રી. રમેશભાઈ શાહ
(૧૨) ડૉ. રમણભાઈ ભટ્ટ
(૧૩) શ્રી. જે. એમ. મહેતા (સભ્ય-સચિવ).

(૪) સદરહુ પ્રસ્તાવ પ્રા. અંબુભાઈ દેસાઈએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૧૩. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬--૧૨--૧૯૭૦ના રોજ રાજભવન ખાતે મળેલ સભામાં થયેલ નીચેનું સૂચન એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની અભ્યાસસમિતિઓને વિચારણા માટે મોકલેલ તે અંગે જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સૂચન :

"All development activities of respective areas should be systematically utilised for imparting work experience to students in colleges. This would also help in creating a spirit of self-reliance and dignity of labour."

અભ્યાસસમિતિઓની ભલામણો

પ્રાકૃત--પાલિની તા. ૨૩--૯--૧૯૭૧ની સભાની ભલામણ :

"પ્રાકૃત અને પાલિના વિદ્યાર્થીઓને હસ્તલિખિત ગ્રંથભંડારોમાં જઈને હસ્તપ્રતોનો પ્રત્યક્ષ પરિચય થાય તે માટે અને સંશોધનની પ્રક્રિયાનો ખ્યાલ આવે તે માટે યુનિવર્સિટી, જે તે કૉલેજો અથવા સંસ્થાઓ તેની વ્યવસ્થા કરવા સહાય કરે તે બહુ જ જરૂરી છે."

સમાજશાસ્ત્રની તા. ૨૩--૯--૧૯૭૧ની સભાની ભલામણ :

"ઉપરની બાબતની વિચારણા કરવામાં આવી ત્યારે અભ્યાસસમિતિના સભ્ય શ્રી. બળવંતભાઈ મહેતાનો પત્ર જે અધ્યક્ષ પર આવ્યો હતો તે સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓને લક્ષમાં લેતાં એમ લાગે છે કે તેમના સમગ્ર અભ્યાસક્રમનાં વિવિધ પાસાંઓ અંગે કેવળ સૈદ્ધાન્તિક જ્ઞાન જ તેઓ ન મેળવે પરંતુ એ જ્ઞાનને ચકાસવા માટે જુદાં જુદાં ક્ષેત્રોની અંદર પ્રત્યક્ષ જ્ઞાન મેળવે તેવી અનુકૂળતા પોતપોતાના વિસ્તાર પ્રમાણે જે તે કૉલેજ કરે તેવી ભલામણ કરે છે."

મનોવિજ્ઞાનની તા. ૧૩--૧૦--૧૯૭૧ની સભાની ભલામણ :

"આ સભા ઠરાવે છે કે વર્ક એક્સ્પિરિયન્સ કયા પ્રકારનો, કેવી રીતે, કયા સમયમાં આપવો તે વિષે જાણવા મળે તો તે અંગે વધુ વિચારણા થઈ શકે."

ઝૂલૉજીની ઑડહૉક સમિતિની તા. ૯--૧૦--૧૯૭૧ની સભાનો ઠરાવ :

"આ સભા ઉપરોક્ત બાબતનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરે છે અને વધુમાં સાથે સાથે આગ્રહ રાખે છે કે ઝૂલૉજીનો અભ્યાસ પ્રયોગશાળા પૂરતો મર્યાદિત ન રાખતાં કુદરતી પરિસ્થિતિમાં પણ કરવા આગ્રહ રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરીને પોતાના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ કાર્યના અનુભવ મળે તે રીતે સંસ્થાગત રીતે સાંકળવા માટે સૂચવવું અને રાષ્ટ્રીય સામાજિક સેવાની યોજનાના લેહગની પ્રવૃત્તિઓની યાદી પણ તેઓની જાણ અને માર્ગદર્શન માટે પરિપત્રિત કરવી.

૧૪. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨--૪--૧૯૭૧ની સભામાં નીચેનો ઠરાવ જુદી જુદી અભ્યાસ-સમિતિઓને વિચારણા માટે મોકલેલ તે અંગે જુદી જુદી અભ્યાસસમિતિઓના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્યુટોરિયલ કામ અંગે નોંધ, ટ્યુટોરિયલ કેવી રીતે લેવા અને વિદ્યાર્થીઓને તે કામમાં બની શકે તેટલા ઓનપ્રોન કેમ કરી શકાય તથા ટ્યુટોરિયલના કામનાં ધ્યેય શાં છે તેની વિગતો સાથેની નોંધ તૈયાર કરવા માટે પણ અભ્યાસસમિતિઓને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે ટ્યુટોરિયલ વર્ગમાં શિક્ષણ કામ કેવી રીતે ગોઠવવું તે બાબતમાં નીચે જણાવેલાં સૂચનો કૉલેજોની જાણ અને માર્ગદર્શન માટે મોકલી આપવાં :

(૧) પ્રોફેસરો પણ ટ્યુટોરિયલો લે;

(૨) ટ્યુટોરિયલોની હાજરીનું પ્રમાણપત્ર મેળવવું;

(૩) ટ્યુટોરિયલો લેવા અંગે નક્કર માર્ગદર્શન હાથપોથીમાં ટી.વાય.ના એક પેપર અંગે ત્રીસેક ટોપિકસ વ્યાખ્યાનો માટે નોંધવા અને એક એક વ્યાખ્યાન પર ટ્યુટોરિયલ કયા લઈ શકાય તેની નોંધ આપવી;

(૪) ટ્યુટોરિયલ કાર્યની નોંધ જર્નલ (લેખનપોથી) રૂપે એસાઈનમેન્ટ્સ આપવાં. કરેલા વાચનની નોંધ, અંગ્રેજી વાચનસામગ્રીના ઉપયોગની નોંધ, જર્નલ પરીક્ષામાં રજૂ થાય.

૧૫. પ્રી-યુનિ. કક્ષાએ હિંદીને વૈકલ્પિક વિષય તરીકે લેનાર કોઈ વિદ્યાર્થી ન હોય તોપણ ખંડ સમયના વ્યાખ્યાતા રાખવાનું બંધન દૂર કરવાનું સૂચન હવે પછી શરૂ થતી કૉલેજો માટે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬ ૨૭--૮--૧૯૭૧ની ભલામણ પર સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬--૧૧--૧૯૭૧ની સભાના નીચેના ઠરાવ અનુસાર પુનર્વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે જૂની કૉલેજો અને હવે પછી શરૂ થતી કૉલેજો અંગે કશો ભેદભાવ રાખવો જોઈએ નહીં એ સૂચન સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા અને સિલોનના મંત્રી તરફથી ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની ફેબ્રુઆરી ૧૯૭૨ની સભામાં રજૂ થયેલ એન.એસ.એસ. અંગે નીચેની બાબત માટે માગેલ અભિપ્રાય અંગે વિચારણા કરવા બાબત :

How can N.S.S. intergrated into the educational system.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એન.એસ.એસ. યોજના અંગેની સલાહકાર સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૭. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદની જૂન ૧૯૭૨થી નીચે જણાવેલ ચાર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવાની માન્યતા મેળવવા માટેની અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

1. Diploma in Psychotherapy
2. Diploma in Advanced Psychiatric Social Work
3. Diploma in Psychiatric Occupational Therapy
4. Diploma in Special Education for Non-normal Children.

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને ઉપર જણાવેલ ચાર ડિપ્લોમાના અભ્યાસક્રમોનું શિક્ષણકાર્ય કરવા માટે નીચેની શરતોનું પરિપાલન થયેથી તા. ૧૮મી જૂન ૧૯૭૩ સુધી એક વર્ષ માટે માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરવાની માન્યતા માટે જરૂરી પાત્રતા ધરાવતા હોય અને ફક્ત આ ડિપ્લોમાઓના અભ્યાસક્રમનું જ શિક્ષણકાર્ય (exclusively) કરતા હોય તેવા આઠ પૂરા સમયના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલયમાં ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે, તથા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ સામયિકો મંગાવવા માટે કરવામાં આવે; અને

(૩) ક્લિનિકલ શિક્ષણ માટે હૉસ્પિટલમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવે.

(**નોંધ.**—પૂરતી વ્યવસ્થા માટે આ બાબતો માટે નિમાયેલ સમિતિનો નિર્ણય માન્ય ગણાશે.)

૧૮. જ્યુરિસ્પ્રુડન્સ, ક્રાઈમ્સ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિ અંગેની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ત્રીજી એલએલ.બી.ની પરીક્ષામાં ફરજિયાત અંગ્રેજીના પ્રશ્નપત્ર--૬નો અભ્યાસક્રમ નીચે પ્રમાણે સુધારવા તથા તે માટે લૉ રેગ્યુ. ૧૦ (ન્યૂ) સુધારી તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા ભલામણ કરવી :

English Text

I

'Law, Liberty and Social Justice'
by Justice B. B. Gajendragadkar
(Asia Publishing house):

(*a*) Reference to context i.e. explanation	..	15 marks
(*b*) Topics	..	20 marks
(*c*) Legal Phrases	..	15 marks
		50 marks

II

(*a*) Essay on general legal topics	..	20 marks
(*b*) Translation from English into Gujarati, or Hindi, or precis-writing	..	15 marks
(*c*) Comprehension	..	15 marks
		50 marks"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ લૉ રેગ્યુ. ૧૦ (ન્યૂ) સુધારીને તેને તા. ૧૧મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૯. જ્યુરિસ્પ્રુડન્સ, ક્રાઈમ્સ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"(૧) આથી ભલામણ કરવામાં આવે છે કે લૉ રેગ્યુ. ૧૨ (ન્યૂ)માં જુનિયર અને સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમમાં નીચે મુજબ સુધારો કરવો અને બંને પરીક્ષાઓ માટે સુધારેલો રેગ્યુ. ૧૨ (ન્યૂ) જૂન ૧૯૭૨થી અમલમાં લાવવો :

Junior LL.M. (Group III) :

Paper IV--Specific Contract :

Agency. Sale of Goods Act and Partnership.

Senior LL.M. (Group III) :

Paper II—Carriage of Goods, Patent and Trade Marks.

(૨) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે જુનિયર એલએલ.એમ.ના ગ્રુપ ૩ના પ્રશ્નપત્ર ૪ માટે 'આર્બિટ્રેશન'નો મુદ્દો રદ કર્યો હોઈ તે અંગેનાં ભલામણ કરેલાં પુસ્તકો રદ કરવાં.

(૩) સિનિયર એલએલ.એમ.ના અભ્યાસક્રમના ગ્રુપ ૧માં નીચે મુજબનો સુધારો સિન્ડિકેટે તેની તા. ૧૫-૪--૧૯૭૨ની સભામાં જૂન ૧૯૭૩થી અમલમાં લાવવા ઠરાવેલું તેને જૂન ૧૯૭૨થી અમલમાં લાવવા ભલામણ કરવી :

Senior LL.M.

Group I : Jurisprudence, International Law and Constitutional Law.

Paper I : Legal Philosophy & Legal institutions Changing Society, with special reference to India.

Paper II : Legislation, principles, interpretations and drafting.

Paper III : Law and the Economic system in India. Government Regulation of private enterprise.

Paper IV : Administrative Law in India, U. K. and U.S.A."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ લૉ ૨૬૫, ૧૨ (ન્યૂ) સુધારીને તેને તા. ૧૫મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૮. જ્યુરિસ્પ્રુડન્સ, કાઈમ્સ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮--૬--૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે પહેલા, બીજા અને ત્રીજા વર્ષ એલએલ.બી. માટેના સેમેસ્ટર પદ્ધતિનો અભ્યાસક્રમ અમલમાં આવે છે તેને લગતા લૉ ઑ. ૩--એ સેમેસ્ટર ઑર્ડિનન્સ નીચે પ્રમાણે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

Students who have kept both the terms before the institution of the semester system or one term before it and one term after it in the First or Second LL.B. or Third LL.B. class will be allowed to offer in all the papers of the examination in which they will have to appear after keeping two terms in the law college.

The exemptions obtained by them will be considered equivalent to the exemptions and papers of the examination in which they offer."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ લૉ ઑ. ૩--એ સેમેસ્ટર ઉમેરવા અને તેને તા. ૧૫મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. જ્યુરિસ્પ્રુડન્સ, કાઈમ્સ, લૉ ઑફ પોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮-૬-૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

(૧) દ્વિતીય એલએલ.બી.ની સેમેસ્ટર પદ્ધતિનો લૉ રેગ્યુ. સેમેસ્ટર-૭ ઉમેરી તેમાં નીચે પ્રમાણે પ્રશ્નપત્રો રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

Second LL.B.

Monsoon Semester

(1) Law of Property and Indian Succession Act

(2) Hindu Law and Mohmedan Law

(3) Company Law (Indian Companies Act, 1956 with amendments).

Winter Semester

(1) Legal Theory (Jurisprudence)

Optional Subjects

(2) Paper V

(3) Paper VI

(૨) વધુમાં આ સભા ભલામણ કરે છે કે કાયદાની સેમેસ્ટર પદ્ધતિના લૉ રેગ્યુ. ૪ના પેરેગ્રાફની છેલ્લી પંક્તિમાં Winter Semester શબ્દો છે તેના આગળ or/Monsoon Semester શબ્દો ઉમેરવા અને સુધારેલો લૉ રેગ્યુ.-૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે રાખવા ભલામણ કરવી :

L. R. 4 :

Winter or Monsoon Semester

No candidate shall be admitted to the Semester examination unless he having either passed the Monsoon or Winter Semester examination, as the case may be, under R. 3 above or been permitted to attend the Winter or Monsoon Semester, as the case may be, under clause (*a*) or (*b*) of R. 3-A.

He has attended the requisite number of days in Winter Semester or Monsoon Semester in a law college affiliated to this University. (The details of the above papers remains unchanged.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ લૉ રેગ્યુ. સેમેસ્ટર-૭ ઉમેરવા અને લૉ રેગ્યુ.-૪ સુધારીને તેને ૧૧મી જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪--૪--૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એમ.ફાર્મ. પદવી ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી સાથે મેળવનાર વિદ્યાર્થીને વિજ્ઞાન વિદ્યાશાખા તથા રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવીનું કાર્ય કરવાની છૂટ આપવી અને તે અંગે ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 316 :

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a Faculty different from the one in which he has obtained his Master's Degree or M.D. Degree in the Faculty of Medicine. But a candidate in the Faculty of Arts who has taken a Master's Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the Faculty of either Arts including Education or Commerce who has taken his Master's Degree in Economics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of the two faculties.

Notwithstanding anything contained above, a candidate who has obtained a Master's Degree in Pharmacy of this University or of any other University recognised as equivalent thereto may be permitted to register his name as a research student for the Ph.D. Degree in the Faculty of Science provided that his subject of research for the Ph.D. Degree falls within the area of Pharmaceutical Chemistry."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 316 :

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a Faculty different from the one in which he has obtained Master's Degree or M.D. Degree in the Faculty of Medicine. But a candidate who has taken an M.Sc. Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the Faculty of either Arts including Education or Commerce who has taken his Master's Degree in Enonomics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of the two Faculties.

Notwithstanding anything contained above, a candidate who has obtained a Master's Degree with Pharmaceutical Chemistry of this University or of any

other University recognised as equivalent thereto may be permitted to register his name as a research student for the Ph.D. Degree in the Faculty of Science, provided that his subject of research for the Ph.D. Degree falls within the area of Pharmaceutical Chemistry.

૨૩. પીએચ.ડી. પદવી માટે ઉત્તીર્ણ જાહેર કરવામાં આવેલા નીચેના વિદ્યાર્થીઓ અંગે નીમવામાં આવેલ રેફરીઓના અહેવાલની નોંધ લેવા બાબત.

ક્રમાંક	નામ	વિષય
૧.	શ્રી. જે. એમ. પટેલ	કેમિસ્ટ્રી
૨.	,, એચ. એમ. રાવલ	મેથેમેટિકસ
૩.	,, જી. એચ. થાનકી	કેમિસ્ટ્રી
૪.	,, આર. એસ. પાંડેય	સંસ્કૃત
૫.	,, પી. વી. ત્રિવેદી	કેમિસ્ટ્રી
૬.	,, બી. એમ. પટેલ	,,
૭.	,, ટી. એન. કિષ્ણામૂર્તિ	,,
૮.	,, કૈલાસચંદ્ર	,,
૯.	,, કે. પી. સુંદરરાજ	,,
૧૦.	શ્રીમતી ગિરિજા રાજારામ	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલોની નોંધ લેવી.

૨૪. સરદાર પટેલ ઈન્સ્ટિટચૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષ તરફથી મેથેમેટિકલ એન્ડ સ્ટેટિસ્ટિકલ ટેકનિકસ ઈન ઈકોનોમિક રિસર્ચ માટે આઠ અઠવાડિયાંનો પૂર્ણ સમયનો ટ્રેનિંગ પ્રોગ્રામ યોજયો હતો તેમાં ભાગ લેનાર શિક્ષકોને યુનિવર્સિટીની ૧૯૭૩ના વર્ષમાં લેવાનારી એમ.એ.ની પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયના મેથેમેટિકલ ઈકોનોમિકસ અને ઈકોનોમિકસનાં પ્રશ્નપત્રોમાં સત્રો ભર્યા વગર બેસવા દેવા પરવાનગી આપવા બાબતમાં આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન અને સરદાર પટેલ ઈન્સ્ટિટચૂટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ તરફથી યોજવામાં આવેલા તાલીમ વર્ગોમાં જે અધ્યાપકોએ ભાગ લીધો હોય તેમને એમ.એ.ની પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયના મેથેમેટિકલ ઈકોનોમિકસ અને ઈકોનોમેટ્રિકસનાં બે પ્રશ્નપત્રોમાં સત્રો ભર્યા વગર બેસવા દેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષય અંગે યુનિવર્સિટી તરફથી ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા માટે પગલાં લેવાઈ રહેલાં હોઈ ભવિષ્યમાં ઉપર નં. (૧)માં જણાવ્યા મુજબની પરીક્ષામાં બેસવાની સગવડ આપવામાં આવશે નહિ એમ સ્પષ્ટતા કરવી.

૨૫. પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીની વયમર્યાદા અંગે હાલ વિદ્યાર્થી જે વર્ષમાં દાખલ થાય તેના બીજા સત્રના પહેલા દિવસે ૧૭ વર્ષની ઉંમર હોવી જરૂરી છે એવી જોગવાઈ ઓર્ડિ. ૨૧૩ તથા ઓર્ડિ પ્રી-મેડિકલ ૫ માં છે. આમાં છૂટ આપવા બાબતમાં ઈન્ડિયન

મેડિકલ કાઉન્સિલના સેક્રેટરી તરફથી તેમના તા. ૧૩--૬--૧૯૩૨ના પત્રથી કરવામાં આવેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"He has completed the age of 17 years at the time of admission or will complete this age on 31st December of the year of his admission to the 1st M.B.,B.S. Course. Provided that the candidates who are being admitted directly to the $5\frac{1}{2}$ years Integrated M.B.,B.S. course should have completed the age of 16 years at the time of admission or will complete this age on 31st December of the year of his admission to the pre-medical course."

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ ઑર્ડિ. ૨૫૩ તથા ઑર્ડિ. ફ્રૉ મેડિકલ--૧ નીચે મુજબ ચેપ્ટર તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 253 :

Candidates for the Degree of M.B.,B.S. for being eligible for admission to a Medical College affiliated to this University—

(*i*) shall have completed the age of 17 years at the time of admission or will complete this age on 31st December of the year of his admission to the 1st M.B.,B.S. Course, provided that the candidates who are being admitted directly to the $5\frac{1}{2}$ years Integrated M.B.,B.S. course should have completed the age of 16 years at the time of admission or will complete this age on 31st December of the year of his admission to the pre-medical course;

(*ii*) must have passed an examination at least of the Matriculation standard of a statutory Indian University and must further have passed the Intermediate Examination in Science in the written part and the practicals of this University with Physics, Chemistry and Biology as their subjects or an equivalent examination of another recognized University in the subjects of Physics, Chemistry and Biology. The subject of Chemistry should include Organic Chemistry both theoretical and practical as a part of syllabus for the said examination.

Provided always that candidates who have not passed in any practical test at the Intermediate Science Examination but who have passed at the B.Sc. Examination in a practical test in the same subject or subjects need not be called upon to appear for the practical examination in the subject or subjects concerned at the Intermediate Science Examination again in the event of their to join a Medical College.

O. Pre-Med. 5 :

No candidate for the Degree of M.B.,B.S. or B.D.S. shall be eligible for admission to courses leading to the First M.B.,B.S. or First B.D.S. in a Medical College or Dental College affiliated to this University unless he has —

(*i*) completed the age of 17 years at the time of admission or will complete this age on 31st December of the year of his admission to the Ist M.B.,B.S. course, provided that the candidates who are being admitted directly to the 5½ years Integrated M.B.,B.S. course should have completed the age of 16 years at the time of admission or will complete this age on 31st December of the year of his admission to the pre-medical course;

(*ii*) passed an examination at least of the Matriculation standard of a statutory Indian University or Board and has passed Pre-University Science, and Pre-Medical examination of this University or any equivalent examinations of other University in the subjects of Physics, Chemistry and Biology. The subject of Chemistry at either Pre-Medical or Pre-University Science or any equivalent course should include a study of Organic Chemistry both Theoretical as well as Practicals.

૨૬. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ જાતે વધુ અભ્યાસ કરે તે જરૂરી હોઈ વર્ષ દીઠ પેપર દીઠ એક પેપર તૈયાર કરાવવાનું ફરજિયાત બનાવવા અને તે પેપરમાં ૨૫ ટકા ગુણ મેળવે તે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા દેવાની મંજૂરી આપવી. આ પેપર તપાસવા માટે શિક્ષકને રૂ. ૨નું મહેનતાણું આપવા પણ ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ જાતે વધુ અભ્યાસ કરે તે માટે પ્રત્યેક વર્ષે પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ એક લેખ (પેપર) વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવાનું ફરજિયાત બનાવવા અને તે અંગે અનુસ્નાતક ભવનના અધ્યક્ષ/અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જનું પ્રમાણપત્ર વિદ્યાર્થીઓના પરીક્ષા પ્રવેશ માટે આવશ્યક ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૨-૬-૧૯૭૨ની સભામાં પ્રિન્સિ. ડી. એચ. વેલવનનો નીચેનો પ્રસ્તાવ વધુમતે મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રિવાર્ષિક અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થવા છતાં દ્વિતીય વર્ષનાં સત્રો ભરવાની છૂટ જે વિદ્યાર્થીઓને આપવામાં આવી હોય તે પૈકી જે વિદ્યાર્થીઓ ત્યાર પછીની પરીક્ષામાં પ્રથમ વર્ષની પરીક્ષામાં અનુત્તીર્ણ રહ્યા હોય, પરંતુ દ્વિતીય વર્ષની પરીક્ષામાં પૂરેપૂરા પાસ થયા હોય એવા વિદ્યાર્થીઓનું દ્વિતીય વર્ષનું પરિણામ અનામત રાખી તેમને

તૃતીય વર્ષનાં સત્રો ભરવાની છૂટ આપવા ભલામણ કરવી અને તે અંગેના નિયમોમાં જરૂરી ફેરફારો કરી તેમનો તાત્કાલિક અમલ કરવા વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૨૮. વાણિજ્યની વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એ. પછી બી.કોમ.ની પરીક્ષા આપવા માટે પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.કોમ.ના અંગ્રેજી, જનરલ એજ્યુકેશન અને અર્થશાસ્ત્રના વિષયોમાંથી મુક્તિ આપવી અને તેને અનુલક્ષીને ઑર્ડિ. કોમ.-૧ (બી) આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારી તેને જૂન ૧૯૭૨થી એક વર્ષનો મુદત માટે અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. કોમ.-૧ (બી) મંજૂર કરવા અને તેને ટ્રાંઝિટરી ઑર્ડિનન્સ તરીકે જૂન ૧૯૭૨થી એક વર્ષ માટે અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ટ્રાંઝિટરી ઑર્ડિ. કોમ-૧ (બી)ની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧-૬-૧૯૭૨ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે જૂન ૧૯૭૩થી સેકન્ડ બી.કોમ.નો નવો અભ્યાસક્રમ અમલમાં આવે છે તેમાં ૮ પ્રશ્નપત્રોને બદલે ૭ પ્રશ્નપત્રો રાખવા અને સેક્રેટરિયલ પ્રેક્ટિસનો પ્રશ્નપત્ર, પ્રેક્ટિસ એન્ડ પ્રોસીજર ઑફ ટેક્સેશનના વિકલ્પ તરીકે રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. પ્રી-યુનિ. વિનયનનો અર્થશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ તથા તેને લગતો સંબંધકર્તા રેગ્યુ. પ્રી-કોમર્સ સુધારી સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં લાવ્યાના;

૨. એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨નો અર્થશાસ્ત્રનો સુધારેલો અભ્યાસક્રમ તથા તેને લગતા સંબંધકર્તા રેગ્યુલેશનો. રેગ્યુ. એમ.એ. ૧૧ અને રેગ્યુ. એમ.એ. ૮ સુધારી સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં લાવ્યાના;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૧. જ્યુરિસ્પ્રુડન્સ, કાઇન્સ, લૉ ઑફ પ્રોપર્ટી વગેરેની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ તેની તા. ૮-૬-૧૯૭૨ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

" જુનિયર અને સિનિયર એલએલ.એમ. ના વર્ગો જૂન ૧૯૭૨થી ભેગા યોજી શકાય તે અંગે ચર્ચાવિચારણા કરી આ સભા ભલામણ કરે છે કે સદરહુ સૂચન સાથે આ સભા સહમત છે અને તે માટે સંબંધકર્તા લૉ ઑ. ૬-એ (ન્યૂ), લૉ. રેગ્યુ. ૧૨ (ન્યૂ) અને લૉ રેગ્યુ. ૧૭ (ન્યૂ) આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવામાં આવેલ છે તે ૧૯૭૨ના જૂનથી અમલી બને છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સંબંધકર્તા લૉ ઑર્ડિ. ૬-એ (ન્યૂ) અને લૉ રેગ્યુ. ૧૨(ન્યૂ) અને લૉ રેગ્યુ. ૧૭(ન્યૂ) સુધારવા અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૨. લૉ કૉલેજોમાં આચાર્યની નિમણૂક માટે શૈક્ષણિક લાયકાત નક્કી કરવા બાબતમાં કાયદાની વિદ્યાશાખાની તા. ૪-૪-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બીજી વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યોની નિમણૂક માટે જે શૈક્ષણિક લાયકાતનાં ધોરણો છે તે કાયદાની કૉલેજોના આચાર્યોની નિમણૂક માટે નિયત કરવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યો માટે નિયત કરેલી ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૩૩. બી.કૉમ.ના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં બિઝનેસ મૅનેજમેન્ટ તથા એડવાન્સ્ડ ઇકૉનોમિકસના વૈકલ્પિક વિષયો શીખવવા માટે શિક્ષકોની લાયકાત સૂચવવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભામાં વાણિજ્ય વિદ્યાશાખાની વિચારણા માટે મોકલેલી હોઈ વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ અનુસાર ચાલુ વર્ષ પૂરતી શિક્ષકોની લાયકાત મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા ભવિષ્યમાં આ નિયમો અંગે શિક્ષકોની લાયકાત અંગે વિદ્યાશાખાની સદરહુ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ મૅનેજમેન્ટ અને એડવાન્સ્ડ ઇકૉનોમિકસના વૈકલ્પિક વિષયો શીખવવા માગતી કૉલેજોમાં આ વિષયો માટે એક પ્રાધ્યાપક હોવા જરૂરી છે તેવી ભલામણ કરવી. વાણિજ્ય વિદ્યાશાખામાં ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં બિઝનેસ મૅનેજમેન્ટના વૈકલ્પિક વિષય શીખવવા માટે શિક્ષકની લાયકાત કૉમર્સના વિષય શીખવવા માટેની જરૂરી લાયકાત મુજબ રાખવી. એડવાન્સ્ડ ઇકૉનોમિકસનો વૈકલ્પિક વિષય શીખવવા માટે શિક્ષકની લાયકાત અર્થશાસ્ત્રના વિષય શીખવવા માટેની જરૂરી લાયકાત મુજબ રાખવી. "

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(૨) સદરહુ બાબત અંગેના નિયમો ઘડવા અંગે વાણિજ્યની વિદ્યાશાખાની ભલામણ પરની વિચારણા મોકૂફ રાખવી.

૩૪. ખંડ સમયના અધ્યાપકો માટે નોકરીની શરતો અને અન્ય લાભો આપવાની બાબતમાં ચર્ચાવિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૪--૧૨--૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટની તા. ૧૦-૬--૧૯૭૨ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

ઑ. ૧૨૦-એ હેઠળ નીચેની નોંધ નીચે પ્રમાણે સુધારવા માટે એકે. કાઉન્સિલને ભલામણ કરવામાં આવે :

Note.—(1) Daily attendance of not less than four hours shall be compulsory for every full-time teacher on all working days and for every part-time

teacher who is required to work for two or less than two days on his working day or days.

(2) Attendance of not less than 12 hours per week shall be compulsory for every part-time teacher who is required to work for more than two days.

(3) No. (1) and (2) above shall not apply to part-time teachers who are also engaged in a profession.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-એ નીચેની નોંધ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૫. નર્સિંગની અભ્યાસસમિતિના અધ્યક્ષ તરફથી રેગ્યુ. (નર્સિંગ)--૭ નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારી, સુધારેલ રેગ્યુ. (નર્સિંગ)--૭ને બી.એસસી. (નર્સિંગ)--૨ ની ૧૯૭૩ માર્ચની પરીક્ષાથી અમલમાં લાવવા આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

R. (Nursing)-7 :

" To pass the B.Sc. (Nursing)-II Examination, a student must obtain at least 50% of full marks obtainable separately in (*i*) Theory, and (*ii*) Practical and/or oral tests in each of the subjects at the University examination, and separately in the internal assessment of both theory and practical and/or oral in each subject, provided that the minimum number of marks required for passing in the subjects of English, Economics and Electives (Political Science, History, Philosophy and Indian Culture) shall be 36% of the full marks obtainable separately in each of those subjects at the University examination and separately in the internal assessment of each of those subjects."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવા તથા રેગ્યુ. નર્સિંગ-૭ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૬. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૯-૫-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે એમ.ફાર્મ.નો અભ્યાસક્રમ દોઢ વર્ષના ગાળાનો છે તે બદલીને બે વર્ષના ગાળાનો કરવા તથા તે માટે સુધારેલા અભ્યાસક્રમ અંગેના ફાર્મસી ઑર્ડિનન્સ ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ તથા ફાર્મસી રેગ્યુલેશનો ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ સુધારવા અને સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમ ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ફાર્મસી ઑર્ડિ. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ તથા ફાર્મસી રેગ્યુલેશનો ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ " ગ "** તરીકે સામેલ છે.)

૩૭. શ્રી. કે. બી. વ્યાસના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ શ્રી. એચ. ડી. ભટ્ટનો મહાનિબંધ તપાસવા તેમ જ વાઈવા માટે નીચેની રેફરીઓની કમાનુવર્તી નિમણૂક સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભામાં કરી હતી :

૧. શ્રી. વિ. ર. ત્રિવેદી (બાહ્ય રેફરી)

૨. શ્રી. દર્શક અથવા | બાહ્ય રેફરી ઉપરાંત મૌખિક પરીક્ષા માટે (શ્રી. દર્શકે ના પાડતાં શ્રી.
શ્રી. સુંદરમ્ | સુંદરમને નીમ્યા છે.)

૩. શ્રી. કે. બી વ્યાસ—ગાઈડ

શ્રી. સુન્દરમ્ મૌખિક પરીક્ષા માટે આવી શકે તેમ નહિ હોવાથી તેમની જગ્યાએ મૌખિક પરીક્ષક તરીકે કોને નીમવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. ડી. ભટ્ટનો મૌખિક પરીક્ષા માટે શ્રી. સુન્દરમ્‌ની જગ્યાએ પ્રો. વી. આર. ત્રિવેદીને નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રો. વી. આર. ત્રિવેદી સદરહુ કામગીરી સ્વીકારી શકે તેમ ન હોય તો તેઓની જગ્યાએ અન્ય પરીક્ષકની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૮. તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ તથા તા. ૮-૧-૧૯૭૨ના રોજ મળેલ સેનેટની વિશેષ સભામાં મંજૂર થયેલ નીચેના ઠરાવના સંદર્ભમાં સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણ પંચે એક્સ્પરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે એનો અમલ થાય તે માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયની અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે તે અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગનિષ્ણાતો, વિકાસ અધિકારીઓ, સમાજસેવકો અને દૃષ્ટિવંત કુશળ બેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ યુનિવર્સિટી નિયુક્ત કરે પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડે એ અપેક્ષિત છે જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

(**નોંધ**—સિન્ડિકેટે તેની તા. ૧૭-૬-૧૯૭૨ની સભામાં ઉપરના ઠરાવના સંદર્ભમાં નીચેના સભ્યોની સમિતિ નીમી છે :

૧. શ્રી. બબલભાઈ મહેતા

૨. શ્રી. ઈન્દ્રવદન મોદી

૩. આચાર્ય ગિરીશભાઈ પટેલ
૪. શ્રી. હીરાલાલ ભગવતી
૫. શ્રી. ઈશ્વરભાઈ પટેલ
૬. શ્રી. રણજિતભાઈ શાસ્ત્રી
૭. શ્રી. અરવિંદભાઈ નરોત્તમ
૮. શ્રી. એસ. પી. તનેજા
૯. શ્રી. બી. જી. શાહ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર એકેડેમિક કાઉન્સિલ તરફથી નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રિ. એસ. આર. ભટ્ટ
૨. શ્રી. નરહરિ પરીખ
૩. પ્રિ. ય. પ્રા. શુક્લ
૪. ડૉ. પરેશ મજમુદાર
૫. ડૉ. કે. જી. દેસાઈ
૬. પ્રિ. જે. સી. ત્રિવેદી.

૩૯. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫/૬-૧-૧૯૭૨ની સભામાં ક્રમાંક ૮૬થી યુનિવર્સિટી વિદ્યાભવનોની તંત્રરચના વગેરે અંગેના હાલના સ્ટેચ્યૂટ ૨૦૨ સુધારવા માટે આચાર્યશ્રી ગિરીશભાઈ પટેલના આવેલ સૂચનની બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની પાંચમી અને છેલ્લી તા. ૨૪-૬-૧૯૭૨ના રોજ મળેલ સભાના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના અહેવાલ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) અનુસ્નાતક ભવનોની હાલની વ્યવસ્થામાં નીચે પ્રમાણેનું સ્વાયત્તતાનું તત્ત્વ દાખલ કરવું :

(૨) સ્વાયત્તતા ત્રણ સ્તરે સ્થાપવી ઘટે :

(અ) યુનિવર્સિટી વહીવટીતંત્ર અને ભવનો વચ્ચે,

(આ) ભવન અને વિષય-વિભાગ વચ્ચે, અને

(ઇ) વિષય વિભાગમાંના આંતર્ગત વ્યવહારમાં.

(૩) ભવનના અધ્યક્ષ ભવનમાં સમાવિષ્ટ વિષય વિભાગોના વડાઓની બનેલી સંયોજન સમિતિ સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે; એ જ રીતે વિષય વિભાગના વડા એમના વિષયના બધા અધ્યાપકોની બનેલી સંયોજન સમિતિની સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે અને તેનો અમલ કરે.

(૩-અ) આ બંને પ્રકારની સલાહકાર સમિતિઓ વિદ્યાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું દર મહિને એક વાર મળે.

(૫) યુનિવર્સિટીનાં જુદાં જુદાં અધિકારમંડળોમાં અને ખાસ કરીને વિદ્યાકીય કાર્યક્ષેત્રોમાં દરેક વિષય વિભાગના પ્રોફેસર કે રીડરને સભ્યપદ મળવું જોઈએ.

વધુમાં વ્યાખ્યાતાઓનું પણ અમુક નિશ્ચિત પ્રમાણમાં પ્રતિનિધિત્વ આવાં મંડળોમાં હોવું ઘટે. અલબત્ત યુનિવર્સિટીના કાનૂની માળખામાં જેટલું શકય હોય તેટલું જ પ્રતિનિધિત્વ આપી શકાય.

(૬) ગ્રંથાલય, કાર્યાલય, ઈત્યાદિ બાકીનાં કાર્યો માટે અધ્યક્ષનું કામ સંયોજનનું રહે. વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિઓ માટે પણ ભવનના અધ્યક્ષને જ બધા વિષયવિભાગોના વિદ્યાર્થીઓનું બનેલું સમાન કાર્યક્ષેત્ર સુલભ થવું ઘટે.

(૭) વ્યાખ્યાતાની નિમણૂક માટે હાલ જે આખી સિન્ડિકેટની બનેલી સમિતિ ઈન્ટરવ્યૂ લે છે અને તે પછી તેની ભલામણ પરથી સિન્ડિકેટ નિમણૂક કરે છે તે પ્રથા રદ કરીને જે તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટેની પસંદગી સમિતિ નીચે પ્રમાણે રાખવી :

હોદ્દાની રૂએ કુલપતિશ્રી, જે તે ભવનના અધ્યક્ષ, વિષય વિભાગના વડા અને એ વિષયના એકેડેમિક કાઉન્સિલે સૂચવેલા બહારના બે નિષ્ણાતો.

(૮) રિસર્ચ આસિસ્ટન્ટની નિમણૂક જે તે વિષય વિભાગના વડા અને તેમના સાથી પ્રોફેસરો, રીડરો, વ્યાખ્યાતાઓની કે એઓમાંથી નિમાયેલી પસંદગી સમિતિ કરે. જ્યારે સંશોધન કાર્ય કોઈ એક નિયત અધ્યાપકના માર્ગદર્શન હેઠળ ચાલતું હોય ત્યારે એ સંશોધન-કામમાં ઉપયોગમાં લેવા માટે રિસર્ચ આસિસ્ટંટની નિમણૂક બાબતમાં સદર અધ્યાપકની પસંદગી નિર્ણાયક ગણવી.

(૯) વિષય વિભાગના અંદાજપત્ર તૈયાર કરવાનું કામ વિષય વિભાગના વડા એ વિષયની સંયોજન સમિતિની સલાહથી કરશે.

(૧૦) ભવનોને વધારે કાર્યક્ષમ બનાવવા તથા અનુસ્નાતક શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિને વધારે ઉપકારક બનાવવાના હેતુથી સ્વાયત્તતાની ઉપર્યુકત જોગવાઈઓ સૂચવવામાં આવી છે. પ્રત્યેક ભવનમાં અને પ્રત્યેક વિષયવિભાગમાં કેવળ અનુસ્નાતક વર્ગોના શિક્ષણ આગળ જ સંપર્ક્કાર્ય સમાપ્ત થવું ન ઘટે, પણ શિક્ષણ ઉપરાંત સંશોધન ઉપર ભાર મૂકાવો ઘટે. પ્રત્યેક વિષય વિભાગના અધ્યાપકો અને રિસર્ચ આસિસ્ટન્ટો મળીને સમસ્ત વિભાગે હાથ ધરવા જેવો કોઈ સંશોધન વિષય હાથ ધરે અને તે ઉપરાંત પોતાના વિષયની જે શાખામાં અધ્યાપકને વિશેષ રસ હોય તેમાં સુધ્ધાં એ વ્યકિતગત સંશોધન કાર્ય હાથ ધરે. ખરેખર તો આ હેતુ સિદ્ધ કરવા માટે જ ભવનોની તંત્રરચનામાં વધુ સ્વાયત્તતા અને વધુ કાર્યક્ષમતા ગણવાની હિમાયત કરેલી છે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની નીચેની ભલામણ અંગેની વિચારણા મોકૂફ રાખવી :

(૪) ભવનના અધ્યક્ષ અને વિષય વિભાગના વડાની મુદત ત્રણ વર્ષની હોય અને અધ્યક્ષ તથા વડા દર ત્રણ વર્ષે વારાફરતી બદલાતા રહે તથા ભવનના અધ્યક્ષ પ્રોફેસર કક્ષાના જ હોય, જ્યારે વિષયવિભાગના વડા પ્રોફેસર કે રીડર કક્ષાના હોય એવો એક મત હતો, જ્યારે આ બંને પદો કાયમી હોય તેવો વિરુદ્ધનો મત હતો.

૪૦. એકાઉન્ટન્સીની અભ્યાસસમિતિની તા. ૧૧-૧૦-૧૯૭૧ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"એકાઉન્ટન્સી વિષય માટે પરીક્ષાના પરીક્ષકોની પેનલનું લિસ્ટ જોતાં તેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના

અનુભવોને ક્રેડિટ સિસ્ટિમમાં ગુણાંક ગણવામાંથી બાકાત રાખેલ છે તો તેમને ક્રેડિટ સિસ્ટિમમાં ગણવા માટે નીચે પ્રમાણે પદ્ધતિ અમલમાં લાવવી :

"(૧) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પાંચ વર્ષથી નીચેનો જો પ્રોફેશનલ સ્ટેન્ડિંગનો અનુભવ હોય તો તેને ૪ ક્રેડિટ ગુણ આપવા અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને પાંચ વર્ષથી વધુ પ્રોફેશનલ સ્ટેન્ડિંગ અનુભવ હોય તો તેને ૬ ક્રેડિટ માર્ક્સ આપવાના રાખવા.

(૨) આઈ.સી.ડબલ્યુ.એ. થયેલા માટે પણ ઉપર જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની માફક ક્રેડિટ માર્ક્સ આપવાના રાખવા અને તેમને જો એમ.કોમ.ની ક્રેડિટ આપી હોય તો તે ગુણાંક આપવામાં ગણવા નહીં."

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૧. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં (૧) એડવાન્સ્ડ કોર્સ ઈન સાયકિયેટ્રિક સોશિયલ વર્ક (ડી.પી એસ.ડબલ્યુ.), (૨) ટીચર ટ્રેનિંગ કોર્સ ઈન સ્પેશિયલ એજ્યુકેશન ફોર ધ નોન-નોર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.), (૩) સાયકિયેટ્રિક ઓકયુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.), અને (૪) સાયકોથેરાપી (ડી.પી.)ના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે શિક્ષકોની માન્યતા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૬—૬—૧૯૭૨ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૬--૬--૧૯૭૨ની સભાની ભલામણ

"આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે (૧) સાયકિયેટ્રિક સોશિયલ વર્ક (ડી.પી.એસ.ડબલ્યુ.), (૨) ટીચર ટ્રેનિંગ કોર્સ ઈન સોશિયલ એજ્યુકેશન ફોર ધ નૉન-નૉર્મલ ચિલ્ડ્રન (ડી.એસ.ઈ.એન.સી.), (૩) સાયકિયેટ્રિક ઑકયુપેશનલ થેરાપી (ડી.પી.ઓ.ટી.), તથા (૪) સાયકોથેરાપી(ડી.પી.)ના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષકો તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકની માન્યતા અંગેના નિયમો ૧૪મી જૂન ૧૯૭૫ સુધીના સમયગાળા પૂરતા રાખવા અને તે માટે અનુક્રમે ઑર્ડિ. ૬૫--એફ હેઠળ (જી) તરીકે તથા ઑર્ડિ. ૬૫--એમ હેઠળ નોટ (vi) તરીકે મૂકીને તે સુધારેલા ઑર્ડિનન્સ તા. ૧૪મી જૂન ૧૯૭૫ સુધી મંજૂર કરવા, જે પછી આ નિયમોનું પુનરવલોકન કરવું."

"**O. 65–F** (*g*) :

(*i*) A teacher to be recognised as a post-graduate for courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), (2) Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.), (3) Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.), and (4) Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least a Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject with at least five years' teaching or clinical or research experience in the respective subject and / or related fields like Psychiatry, Social Work, Psychology, Psychoanalysis and Psychotherapy.

(*ii*) Notwithstanding anything contained above, these teachers who have been recognised as post-graduate teachers in the subject Psychology, be also recognised as a post-graduate teacher to teach the papers on Psychology in the above Diploma course.

(*iii*) A teacher with a post-graduate qualifications of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as a post-graduate teacher, if he has at least 5 years' teaching experience in Psychiatric Medicine at the under-graduate level.

Recognition as an Asst. to Post-graduate Teacher

O. 65-M—Note (vi) :

(*i*) A teacher to be recognised as an assistant to a post-graduate teacher for the courses for Diploma in Psychiatric Social Work (D.P.S.W.), Diploma in Special Education for the Non-normal Children (D.S.E.N.C.), Diploma in Psychiatric Occupational Therapy (D.P.O.T.) and Diploma in Psychotherapy (D.P.) by papers shall have at least Second Class Master's degree in the subject or a Post-graduate Diploma in the subject and three years' teaching or clinical or research experience in the respective subject and/or related fields like Psychiatry, Social Work, Psychology and Psychotherapy.

(*ii*) A teacher with a post-graduate qualification of M.D. or Diploma in Psychiatric Medicine (D.P.M.) or its equivalent will also be recognised as an assistant to a post-graduate teacher, if he has worked as a Registrar in the same branch for at least two years in a teaching institution, where he is working in his own speciality.

(*iii*) Notwithstanding anything contained above, a teacher who has been recognised as assistant to a post-graduate teacher in the subject Psychology, shall also be recognised as assistant to post-graduate teacher to teach the Psychology paper in the above Diploma courses.

વધુમાં આ સભા ઠરાવે છે કે ઉપર મુજબના ઑર્ડિ. ૬૫--એફ હેઠળ (જી) તથા ઑર્ડિ. ૬૫--એમ હેઠળની નોંધ (*vi*)નો અમલ હાલ બે વર્ષ પૂરતો કરવાનું રાખવું અને ત્યાર બાદ સદરહુ નિયમોમાં જે સુધારાવધારા કરવા જરૂરી જણાય તેના સંદર્ભમાં તે અંગે વિચારણા કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ટ્રાંઝિટરી ઑર્ડિ. ૬૫-એફ (જી) તથા ટ્રાંઝિટરી ઑર્ડિ. ૬૫--એમ હેઠળ Note (*vi*)નો અમલ તા. ૧૪મી જૂન ૧૯૭૫ સુધી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. શ્રી. પી. એ. ત્રિવેદીએ રજૂ કરેલ મહાનિબંધ "કન્સ્ટ્રકશન એન્ડ સ્ટાન્ડર્ડાઇઝેશન ઑફ મિકેનિકલ કોમ્પ્રિહેન્શન ટેસ્ટ ફોર ધી પ્યુપિલ્સ ઑફ સ્ટાન્ડર્ડ ૮થી ૧૧" અંગે અગાઉ નીમવામાં આવેલા બાહ્ય રેફરીઓએ મહાનિબંધ તપાસવા અસંમતિ દર્શાવી હોઈ, નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૭-૬-૧૯૭૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સૂચિત રેફરીઓ (એક્સ્ટર્નલ) :

1. Dr. G. K. Bennett
   304, East, 45th Street,
   New York, N. Y. 10017.
2. Dr. R. N. Mehrotra,
   Central Institute of Education,
   33, Chhatra Marg, Delhi–7.
3. Dr. E. Ghiselli,
   Department of Psychology,
   California University,
   Berkeley, Calif., 94720.
4. Dr. M. Varma,
   Department of Education,
   Gorakhpur University, Gorakhpur.
5. Dr. J. C. Nunnally,
   Jr. Professor of Psychology,
   Vanderbilt University,
   Nashville, Tenn, 37205, U.S.A.
6. Dr. J. R. Gerberich,
   2601, Woodley Place,
   N. W. Washington D. C. 20008, U.S.A.
7. Dr. T. Ernest Newland,
   Professor of Educational Psychology,
   University of Illinois,
   Urbana 111, 61801, U.S.A.

[નોંધ.—અગાઉ નીમવામાં આવેલ રેફરીઓ નીચે મુજબ છે :

(૧) ડૉ. ડોનાલ્ડ સુપર (ન્યૂયૉર્ક)
(૨) ડૉ. ફ્રેન્ક એસ. ફ્રીમેન (ન્યૂયૉર્ક).]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ અંગે ઉપર મુજબના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૩. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૭-૬-૧૯૭૨ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ અંગે નીચે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
			One from the following:
શ્રીમતી લીલા કે, પટેલ	Construction and standardization of performance tests of Intelligence for students of Std. II to XI in Gujarati	ડા. સી. એલ. ભટ્ટ	1. Dr. Emmy E. Merner, Asst. Professor of Child Development, University of California, Berkeley, California, 94709, U.S.A. 2. Dr. Frank B. Jex, Prof. of Educational Psychology, University of Utah, Salt Lake City, Utah, U.S.A. 3. Dr. Paul C. Davis, Dean & Professor of Psychology, Los Angeles Pacific College, Los Angeles, California, U.S.A. 4. Dr. T. Ernest Newland, Professor of EducationalP sychology, University of Illinois, Urbana, I I I, 61801, U.S.A.
			Second from the following : *Also for viva* 1. Dr. C. M. Bhatia, Ex-Vice-Chancellor, Allahabad University, Allahabad (U.P.).

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
			2. Dr. (Mrs.) Rajlakshmi Murlidharan, Dept. of Educational Psychology, National Council of Educational Research & Training, Arvind Marg, New Delhi-16.
			3. Dr. M. Varma, Head of the Dept. of Education, Gorakhpur University, Gorakhpur.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ અંગે ઉપર મુજબના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૪. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૭—૬—૧૯૭૨ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"રેગ્યુ. એજ્યુ. ૯ મુજબ વિદ્યાર્થી બી.એડ.ની પરીક્ષાના ભાગ ૧ તથા ભાગ ૨ માં નાપાસ થાય તો વર્ગ મળી શકે નહીં, પરંતુ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ ભાગ ૧ અને ભાગ ૨ ની પરીક્ષા એકસાથે પાસ કરે તો વર્ગ આપવા માટે રેગ્યુ. એજ્યુ. ૯માં નીચે મુજબનો પ્રોવિઝો ઉમેરવા ભલામણ છે :

Provided however that a candidate having failed at either Part I or Part II examination and appearing subsequently in the whole examination (i.e. Parts I & II) and passing thereat will be entitled to a class provided he satisfies other requirements."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. એજ્યુ. ૯ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૫. જ્યુરિસપ્રુડન્સની અભ્યાસસમિતિની તા. ૨૭—૬—૧૯૭૨ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે સિનિયર એલએલ.એમ.ના ગ્રુપ ૧—જ્યુરિસપ્રુડન્સ, ઇન્ટરનેશનલ લૉ ઍન્ડ કૉન્સ્ટિટ્યુશનલ લૉ ના પ્રશ્નપત્ર ૧, ૨, ૩ અને ૪ માટે ભલામણ કરેલાં પુસ્તકોની યાદી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવી."

Choice axiom, Applications of choice axiom. Equivalents of axiom of choice. Axioms which imply axiom of choice.

Course is roughly covered by " Axiomatic Set Theory ", Patrick Suppe-Chapters 1 to 8 D. Van Nostrand Com. Inc. 1960 Ed.

Also following Books are recommended :

1. " Set Theory " : Felix Hausdorff (translated by John R. Aumann) Chelsea Publishing Co. 1957.
2. " Naive Set Theory " : P. R. Helmos, D. Van Nostrand Co. Ltd., 1963.
3. " Theory of Sets " : E. Kamke, Dover Publication–1950.

AB (78)$_1$: Suggested syllabus for the paper on Differential Manifolds

Euclidean, Affine and Differentiable structure on R^n, Differentiable manifolds, projective spaces and projective algebraic varieties, the tangent bundle of a differentiable manifold, submanifolds and Riemann metrics, the Whitney Imbedding Theorem, Lie groups and their one-parameter subgroups, Integral manifolds and Lie subgroups, Fiber bundles, multilinear algebra. The course is covered by ' Introduction to differentiable manifolds ' by Leuis Auslander and Robert E. Mackenzie, McGraw Hill (1963).

References

1. " Differentiable Manifolds " by F. Brickell and R. S. Clark Van Nostrand Reinhold (1970).
2. Differentiable Manifolds " by S. T. Hu Halt, Reinhart and Winston.
3. " Differentiable Geometry " by L. Auslander, Harper and Raw Publication.

AB (78)$_2$: Computer Techniques :

1. *Elements :*
   - (*i*) The binary system, extended binary system, representations of informations in the binary system.
   - (*ii*) IBM punch cards, IBM card codes, Punching and verifying, Programme cards and reading of cards.
   - (*iii*) Boolian Algebra.

2. *Computer :*

Different types of digital computers, computer structure, Internal information flow, Input components, Output devices, storage concept and different types of storage, time commputing and multi-programming.

Computer logic, relations between Boolian algebra and digital computer, circulatory serial and parallel arithmetic operations control, decoding circuits, arithmetic control, register control, control of memory, control of instructive execution, timing and counters.

3. *Computer languages :*

Different types of computer languages and their study, process control simultations, data processing, coding and programming of a computer, sequence of instructions, flow charting and block diagram, loops, shifts and sub-routines.

Detail study for Fortran language : Fortran constants and variables, expressions, different kinds of statements, input and output, format, DO loops, Fortran Computer, Fortran II and IV languages.

4. *Programming applications:*

(*i*) *Errors in computation :* Truncation errors, round-off errors, errors in the evaluation of functions, accumulation of round-off errors, propogation of errors in arithmetic operations, choice of calculational procedures.

(*ii*) *Solution of linear Equations :* Direct method, iterative methods, inverse and rank of a matrix, determination of determinant, eigen values and eigen vectors of a square matrix transportation and assignment problems.

(*iii*) *Solution of ordinary differential equations:* One step methods, predictor corrector methods, absolute stability and relative stability, convergence, boundary value problems, eigen values problems, system of equations.

The following books are recommended for the course :

1. Daniel D. Benice : " Introduction to computer and data processing "
2. Edward A. Laurie : " Computers and computer languages "
3. Robert Steven Ledley : " Digital computer and control engineering", McGraw-Hill Book Company
4. Rajaraman : " Computer programming in Fortran IV "
5. V. Rajaraman : " Computer Oriented Numerical Methods ", Prentice Hall of India Pvt. Ltd.
6. Raymond W. Southworth and Samuel L. Deleeuw : " Digital computation and numerical methods ".

B (78)$_2$: Classical Theory of Fields:

The principle of Relativity:

Relativistic mechanics, charges in fields, the electro-magnetic field equations, constant electromagnetic field, electromagnetic waves, the propagation of light, the field of drawing charges, radiation of electromagnetic waves.

The course is given by the treatment of these topics in ' The Classical Theory of Fields ' by Landau and Lifshitz (Pergamon Press & Addison-Wesley), Third Ed. 1972, Chapters I to IX

B (78)$_3$: Statistical Mechanics:

I. The Phase Flows of Mechanical Systems:

Mechanical systems, Phase flow, Liouville's theorem, stationary measure-conserving phase flow, Poincare's, Hopf's and Jacobi's theorems, the theorem of V. Neumann and Birkhoff, the Ergodic hypothesis.

II. The Initial Distribution of Probability in the Phase Space:

A formal description of the concept of probability, on the application of the concept of probability.

III. Probability Distributions which depend on Time:

Mechanical systems with general equations of motion, Hamiltonian and Newtonian systems, the initial value problem, the approach of mechanical systems towards states of statistical equilibrium.

IV. Time-Dependent Probability Distribution :

Fluctuations in statistical equilibrium, Gibb's canonic probability distribution.

V. Statistical Thermodynamics:

The equation of state, the fundamental laws of thermodynamics, entropy and probability.

The scope of the syllabus is given by "Axiomatics of classical statistical Mechanics" by R. Kurth (Pergamon Press, London, 1960), Chapters III to VII.

Reference

Khinchin: "Mathematical Foundations of Statistical Mechanics" (Dover Publications).

B (78)$_4$: Relativity and Cosmology:

Special Relativity

I. The Special Principle of Relativity:

Michelson-Morley experiment, pre-relativistic length contraction and time dilation, Inertial frames, the special principle of relativity, the propagation of light, Events, the relativity of space and time, the Lorentz transformation.

II. Relativistic Kinematics:

Relativistic length contraction, time dilation, transformation of velocities.

III. Space-time:

The general Lorentz transformation, interval, 4-tensors and space-time, rules for the manipulation of 4-tensors, proper time, 4-velocity and 4-acceleration, the light cone.

IV. Relativistic Mechanics of Mass Points:

Mass, energy conservation as the basis of relativistic mechanics, inertial mass and 4-momentum, the relation between mass and energy.

Examples of mass-energy transmutation, force, transformation of the 3-force, varying proper mass.

V. Relativistic Mechanics of continuous matter Preliminaries, External and internal forces, properties of t^{ij}; The augmented momentum and mass densities, The equations of continuity and of motion, the mechanical energy tensor, perfect fluids and incoherent fluids.

The course is given by the treatment of these topics in 'Special Relativity', by W. Rindler (Oliver & Boyd, Edinburgh, II Ed. 1966) Chapters, I II, IV, V & VIII except articles 34, 35, 36, 37 and 38.

General Relativity

I. Tensors in Physics:

Maxwell's equations in tensor form, proper-time and the equations of motion via an example in relativistic mechanics, gravity as a metric phenomenon, the red-shift.

II. The Gravitational Field Equations in Free Space:

Criteria for the field equations, the Einstein field equations for free space, the divergence form of the Einstein field equations.

III. The Schwarzschild solution and its consequences:

The Schwarzschild solution, the Schwarzschild solution in isotropic coordinates, the general relativistic Kepler problem and the perihelion shift of Mercury, the trajectory of a light-ray in a Schwarzschild field, significance of the three tests of general relativity, on a classical explanation of perihelion motion.

IV. The Mathematical Structure of the Einstein Differential System:

Formation of the initial value problem, structure of Einstein's equations, separation of the Cauchy problem into two parts, characteric hypersurfaces of the Einstein equation system, Bicharacteristics of the Einstein system, Uniquences problem for the Einstein equations.

V. The Linearized Field Equations:

Linearization of the field equations, the time-independent and spherically symmetric field, the Weyl solutions to the linearized field equations, structure of the linearized equations, Gravitational Waves.

VI. The Gravitational Field Equations for Non-empty space:

Inclusion of forces in T^{Hij}, the electromagnetic field and T^{Hij} the field equations in non-empty space, classieal limit of the gravitational equations, the interior Schwarzchild solution and a simple model of a star.

VII. Further consequences of the field equations:

The equations of motion.

Cosmology:

I. Cosmology and Astronomy:

Observational background and definitions, the mathematical problem in outline, the Robertson-Walker metric, further discussion of the Robertson-Walker metric, The nebular red shift and the Robertson-Walker metric, Intrinsic symmetries and the metric tensor.

II. Cosmological Models:

Einstein's equations and the Robertson-Walker metric, static models of the universe, nonstatic models of the universe, the Godel solution, the steady-state model of the universe.

The course on General Relativity and Cosmology is given by the treatment of these topics in ' Introduction to General Relativity ' by Adler, Bazin and Schiffer (McGraw Hill Company Inc., New York) Chapters IV to XII except articles :

5.2, 5.3, 5.4, 5.5, 5.6, 6.7, 7.7, 10.2, 10.3, 10.4, 10.6, 12.7 and 12.8.

References

1. Synge, J. L. : " Relativity—the General Theory", North-Holland (1960).
2. Rindler, W. : " Essential Relativity ", Van Nostrand (1970)
3. Robertson, H. P. and Noonan : " Relativity and Cosmology " (Saunders, 1970)
4. Anderson, J. L. : " Principles of Relativity Physics " (McGraw Hill)
5. Landau & Lifshitz : " Classical theory of fields" (Addison-Wesley).

B (78)$_5$: Elasticity:

1. *Analysis of Strain:*

Deformation, Affine Transformations, Infinitesimal Affine, Deformations, A geometrical interpretation of the components of Strain, Strain quadric of Cauchy. Principal Strains. Invariants, General infinitesimal deformation, Examples of Strain, Notation, Equations of Compatibility.

2. *Analysis of stress:*

Body and surface forces, Stress tensor, Note on notation and units, Equations of equilibrium, Transformation of coordinates, Stress quadric of Cauchy, Maximum normal and shear stresses, Mohr's diagram, Examples of stress.

3. *Equations of elasticity:*

Hooke's law, Generalized Hooke's law, Homogeneous isotropic media, Elastic moduli for isotropic media. Simple Tension, Pure shear. Hydrostatic pressure, Equilibrium equations for an isotropic elastic solid, Dynamical equations of an isotropic elastic solid, The strain-energy function and its connection with Hooke's law, Uniqueness of solution, Remarks on existence of solution, Saint—Venant's principle.

4. *Extension, Torsion and Flexure or Beams:*

Extension of beams by longitudinal forces, Beam stretched by its own weight, Bending of beams by terminal couples, Torsion of a circular shaft, Torsion of Cylindrical bars, Stress function, Torsion of Elliptical cylinder, Simple solutions of the Torsion problem. Effect of grooves, Torsion of a rectangular beam and of a triangular prism, Complex form of Fourier series, Summary of some results of the complex variable theory, Theorem of Harnack, Formulas of Schwarz and Poisson, Conformal mapping, Solution of the Torsion problem by means of conformal mapping, Applications of corformal mapping, Membrane and other analogies, Torsion of hollow beams, Curvilinear coordinates, Torsion of shafts varying circular cross-section, Local effects, Torsion of anisotropic beams, Flexure of beams by terminal loads, Centre of flexure, Bending by a load along a principal axis, The displacement in a bent beam, Flexure of circular and elliptical beams, Bending of rectangular beams, Conformal mapping and the general problem of flexure; the cordiod section, Bending of circular pipe, Stress functions and analogies; beams of elliptical and equilateral triangular sections, Flexure of semicircular beams, Deformation of cylinders by leteral loads, Torsion of a cylinder by forces on the lateral surface.

5. *Two-Dimensional Elastostatic problems:*

Introductory remarks, Plane deformation, Plane stress. Generalized plane stress, Plane elastostatic problems, Airy's stress function, General solution of the biharmonic equation, Formulas for stresses and displacements, The structure of functions $\phi(z)$ and (z), First and second boundary-value problems in plane elasticity, Remarks on the existence and uniqueness of solutions, The role of conformal representation in plane problems of elasticity, An elementary method of solution of the basic problem for simply connected domains, Solution of basic problems for a circular region, Solution of problems for the infinite region bounded by a circular. Infinite region bounded by an ellipse, Problems for the interior by a ellipse, Basic problems for doubly connected domains, Integrodifferential equations for the basic problems, Integral equation for the basic problems, Solution of integrodifferential equations.

6 *Three-dimensional problems:*

General solutions, Concetrated forces, Deformation of elastic half space by normal loads, The problem of Boussinesq, Spherical shell under external and internal pressures, Spherical harmonies, Elastic equilibrium of a sphere and other problems, Bett's method of integration, Existence of solutions.

Course complied by I.S Sokolnikoff:

Chapters 1 (omit 11), 2, 3, 4 (omit 62), 5 (omit 86 to 89), 6 (omit 99 to 104).

Books for reference

1 "A treatise on Mathematical Theory of Elasticity" : A. E. H. Love
2 "Theory of elasticity" : Timoshenko and J. N. Goodier
3 "Theoretical Elasticity" : A. E. Green and W. Zerna.

B $(78)_6$: Foundations of Mechanics:

(I) Differential Theory :

Finite-dimensional Banach spaces, Local differential calculus, Manifolds and mapplings, Vector bundles, the tangent functor, tensors.

(II) Calculus on Manifolds :

Vector fields as dynamical systems, Vector fields as differential operators, exterior algebra, Carten's calculus of differential forms, orientable manifolds, integration on manifolds

(*III*) *Conservative Mechanics:*

Symplectic algebra, symplectic geometry, integral invariants Hamiltonian systems, Lagrangian systems, the Legendre transformation, summary of variational principles.

(*IV*) *Time Dependent Mechanics:*

Contact manifolds and time dependent Hamiltonians, canonical transformations, groups of symmetries and integral invariants.

The scope of the syllabus is given by 'Foundations of Mechanics' by R. Abraham (W. A. Benjamin, Inc., New York, I Edition, 1967) Chapters I to IV.

B (78)$_7$: Operational Research:

1. Probability, Conditional probability, Independence of events, Concept of random variables and their distributions. Mathematical expectations. Idea of sampling.

   Study of Discrete and Continuous distributions like Binomial, Poisson, Pascal, Rectangular, Exponential, Normal, Gamma and Beta distributions.

2. Definition and scope of O.R., Different phases of O.R.

   (*a*) Inventory. Deterministic models with and without restrictions, Probabilistic models, Min.-Max. solution of inventory problems.

   (*b*) Queueing theory. Concept of queues, Queueing models, special study for stationary states of M/M/1, M/M/s and M/E/1 queues with applications.

   (*c*) Linear Programming.

Linear programming, graphical method, simplex technique, duality, transportation problem, Assignment problem, Net work analysis, introduction to the theory of games for zero-sum two person game and its transformation to linear programming problem and Vice-versa.

Books recommended

1. Hogg and Craig: "Introduction to Mathematical Statistics"
2. Maurice Sasieni, Arthur Yaspan and Lawrence Friedman : "Operations Research: Methods and Programs"
3. Hadley G.: "Linear Programming"
4. Hadley and Whitin: "Analysis of Inventory System"
5. Churchman, Ackoff and Arnoff: "Introduction to Operations Research"
6. J. C. Turner: "Modern Applied Mathematics. Probability-Statistics-O.R."
7. Gass: "Linear Programming".

B (78)$_8$: Hilbert space and its applications:

Hilbert spaces :

Definition, Crthogonal and Orthonormal vectors, Orthonormal basis, Annihilators, Closed linear subspaces, Complete linear subspaces, Convex sets and minimizing vector, Orthogonal complement, Projections.

Continuous linear mappings, Dual space, Riesz-Frechet theorem, Adjoints, isometric, unitary, self-adjoint and normal operators, invariant and reducing subspaces.

Proper values and vectors, Proper subspaces, Approximate proper values, spectrum of an operator.

Completely continuous operator, Proper values of a co-operator, Spectral theorem for a normal co-operator.

Quantum Mechanics :

General principle of quantum mechanics–The states of a Microphysical System, The representation of Dynamical variables by linear operators, Equations of Motion.

The uncertainty principle, the linear Harmonic Oscillator.

The Schrodinger Co-ordinate Representation :

The Co-ordinate representation, the rectilinear Motion of a Stream of Non-interacting Particles, Wave Packets, The linear Harmonic Oscillator, Angular Momentum Operators for a Single Particle, The Hydrogen Atom, Parity, The Momentum (represeatation.)

Electron Spin :

Intrinsic Spin, Spin Functions and Spin Operators, Identical Particles.

The Dirac Electron:

Relativistic Equations of Motion for a Charged Particle, The Dirac Equation for a Free Particle, The Magnetic Moment of Electron.

The course is roughly covered by:

1. *S. K. Berberian :* "Introduction to Hilbert Space", Oxford University Press, 1961 Chap. II to VII.
2. *R. A. Newing and J. Cunningham:* " Quantum Mechanics ": Oliver and Boyd Ltd. 1967. Chap. II, III, VI, VIII.

List of reference books

1. Simmon G. F. : "Introduction to Topology and Modern Analysis :" Mc-Graw Hill Book Co. Inc.
2. P. R. Halmos : "Introduction to Hilbert Space and the Theory of Spectral Multiplicity." Chelsea, New York (1961)
3. Landau L. D. & Lifshitz, E. M. : "Quantum Mechanics—Non—Relativistic Theory" Per-gamon (1959)
4. Powell J. L. & Craseman B. : "Quantum Mechanics" Addison Wesley (1961)
5. Van Neumann, J. : "Mathematical Foundations of Quantum Mechanics." Princeton (1955)

B (78)$_9$: Methods of Mathematics:

1. *Integral transforms :*

Fourier transforms, Fourier integral theorem. Inversion theorem. Convolution theorem. Fourier Sine and Cosine transforms. Fourier transforms for derivative of a fuction applications.

Laplace's transforms, Inversion theorem, Lerche's theorem, applications, Henkl's transforms, Henkel's transform of derivative of a function.

Multiple transforms, Fourier-Henkel transform, Discrete transforms, Z-transforms and application.

2. *Asymptotic expansion :*

Method of Steepest discent, Methods of stationary phase.

3. *Integral equations :*

Fredholm's equations of first and second kind. Voltera's equations of first and second kind. Integral equations with real values with symmetric terms. Dual integral equations.

4. *Generalised functions :*

Good functions, fairly good functions. Delta function. Hearisido functions, Connection between ordinary functions and generalised functions. Integral transforms of generalised functions. Product of generalised functions. Idea of limit on generalised functions. Infinite integral in generalised function.

5. ***Calculus of variations :***

Elements of the theory and further generalizations.

Books recommended

1. "Integral Transforms" : Sneddonis Fourier transforms—Mc Graw Hill
2. "Asympotic Expansion" : Eredlyi—Rinehart & Winston
3. "Integral equations" : Lectures on the Theory of Integral Equations I. G. Petrovsky Mir Publisher, Moscow (1971)
4. "Generalized Functions" : D. S. Jones, Mc-Graw Hill Book Co. (1966)
5. "Calculus of Variations : Gelfand & Fomin (Chapters 1 and 2) Prentice Hall Inc. (1963)

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૧૨૬

તા. ૨૭/૨૮--૬--૧૯૭૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભામાં બાબત નં. ૧૨ (૩)ના ઠરાવ અનુસાર કૉલેજોના એફિલિયેશન માટે તથા યુનિવર્સિટી પરીક્ષા સંશોધન માટે ઘટક (Cell) ઊભો કરવા અંગે સમગ્ર રીતે વિચારણા કરવા અને પરીક્ષાઓના તબક્કાઓ (૧) પેટર્ન—તરાહ અને તબક્કા કેટલા, (૨) પેપર-સેટિંગ (૩) કન્ડક્ટ, (૪) એસેસમેન્ટ અંગે સમગ્ર રીતે વિચારણા કરવા અને તબક્કાવાર સુચિંતિત અહેવાલ તૈયાર કરવા માટે ૧૩ સભ્યોની એક સમિતિ રચવામાં આવી હતી તે સમિતિની કુલ ૭ સભાઓ નીચે જણાવેલી તારીખોએ મળી હતી :

(૧) તા. ૨૫--૮--૧૯૭૨, (૨) તા. ૮--૯--૧૯૭૨, (૩) તા. ૨૨--૯--૧૯૭૨, (૪) તા. ૨૯--૯--૧૯૭૨ (૫) તા. ૫--૧૦--૧૯૭૨, (૬) તા. ૬--૧૦--૧૯૭૨ અને (૭) તા. ૨૧--૧૨--૧૯૭૨.

તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	૨૫--૮ --'૭૨	૮--૯ --'૭૨	૨૨--૯ --'૭૨	૨૯--૯ --'૭૨	૫--૧૦ --'૭૨	૬--૧૦ --'૭૨	૨૧--૧૨ --'૭૨
૧. આચાર્ય એસ. આર. ભટ્ટ (અધ્યક્ષ)	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર
૨. શ્રી. પી. જી. માવળંકર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩. ડૉ. કે. જી. દેસાઈ	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર	હાજર	ગેરહાજર	હાજર
૪. આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	ગેરહાજર
૫. શ્રી. નરહરિ પરીખ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	હાજર	ગેરહાજર
૬. આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	ગેરહાજર
૭. શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર	હાજર
૮. આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર
૯. શ્રી. રમેશભાઈ શાહ	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર
૧૦. ડૉ. રમણભાઈ ભટ્ટ	હાજર	હાજર	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૧. પ્રા. બબાભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	—	—	—	—
૧૨. શ્રી. ગિરીશભાઈ પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	—	—	—	—
૧૩. શ્રી. જે. એમ. મહેતા, સભ્ય-સચિવ	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર	હાજર

ઉપરોક્ત સભાઓમાં યુનિવર્સિટીનાં જુદાં જુદાં સત્તામંડળોએ અગાઉ નીમેલી પરીક્ષા સુધારણા અંગેની સમિતિઓએ કરેલી વિવિધ ભલામણો તથા ઉત્તરપત્રોનું પુનઃ મૂલ્યાંકન કરવું કે કેમ તે અંગે વિચારણા કરવા નીમેલી સમિતિની ભલામણો તથા સમિતિના જુદા જુદા સભ્યો તરફથી અને કાર્યાલય તરફથી રજૂ કરવામાં આવેલાં

સૂચનોને ચર્ચા દરમિયાન લક્ષમાં લેવામાં આવ્યાં હતાં અને જરૂર લાગે ત્યાં તેના પર વિસ્તૃત વિચારણા પણ કરવામાં આવી હતી. સમિતિએ પરીક્ષાને લગતી નીચેની બાબતો અંગે લંબાણ ચર્ચાઓ કરી હતી :

૧. પરીક્ષાના હેતુ અંગે
૨. પરીક્ષાની તરાહ અંગે
૩. પરીક્ષાઓ કેટલી તથા કોણ લે તે અંગે
૪. પ્રશ્નપત્રો કાઢવા અંગે
૫. પ્રાશ્નિકો અંગે
૬. પરીક્ષણ અને મોડરેશન અંગે
૭. પરીક્ષકોના રિપોર્ટ અંગે
૮. પરીક્ષકોના મહેનતાણા અંગે
૯. ગુણપત્રકો અંગે
૧૦. પરીક્ષાઓ દરમિયાન નિરીક્ષણ અંગે
૧૧. કેન્દ્રવ્યવસ્થા અંગે—બેઠકવ્યવસ્થા
૧૨. ઉત્તરપત્રોની રવાનગી અંગે
૧૩. ઉત્તરવહીઓને ડમી નંબરો આપવા અંગે
૧૪. પરીક્ષાનાં પરિણામો તથા ચંદ્રકો તથા ક્રમાંક અંગે
૧૫. પરીક્ષા સેલ (ઘટક)ના કામ અંગે
૧૬. પ્રાશ્નિક / પરીક્ષકોની નિમણૂકો વેળાસર કરવા અંગે
૧૭. ઓફિલિયેશન અંગે.

ઉપર જણાવેલ જુદાં જુદાં પાસાં અંગે વિચાર્યા બાદ સમિતિ નીચેની ભલામણો કરે છે :

(૧) પરીક્ષાનો હેતુ નિયત અભ્યાસ દ્વારા અપેક્ષિત જ્ઞાન વિદ્યાર્થીએ કેટલું પ્રાપ્ત કર્યું છે અને તે જ્ઞાન મેળવતાં મેળવતાં વિદ્યાર્થી વિષય પ્રત્યે નાનાભિમુખ બન્યો છે કે કેમ તે જાણવાનો છે. આ બાબતની તેની ચકાસણી કરવામાં જે પદ્ધતિ અખત્યાર કરવામાં આવે તે પણ એવી હોવી જોઈએ કે તે વિદ્યાર્થીને વધુમાં વધુ જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ વાળે અને શિક્ષણની સાથે સાથે જ તેનું પરીક્ષણ પણ થતું રહે તેવી હોવી જોઈએ.

વર્તમાન પરીક્ષા પદ્ધતિ, હાલ શિક્ષણક્ષેત્રે જે વાતાવરણ પ્રવર્તે છે અને શૈક્ષણિક સંસ્થાઓમાં જે સ્પર્ધાત્મક સ્થિતિ છે તે જોતાં, ઉપરના હેતુઓ પૂર્ણ કરી શકતી નથી તેમ સ્પષ્ટપણે માનવું છે. તેથી આ વર્તમાન પરીક્ષા પદ્ધતિ બદલવા માટે જુદા જુદા સ્તરે પ્રયત્ન કરી હાલની શિક્ષણપ્રથા જે પરીક્ષા પર જ અવલંબે છે તેમાં એવા મૂળભૂત ફેરફારો કરવા જરૂરી છે કે જેને લઈ વિદ્યાર્થી પોતાની સ્વયં મહેનતથી અને શિક્ષક દ્વારા અપાતા માર્ગદર્શનથી નિયત અભ્યાસક્રમનું અપેક્ષિત જ્ઞાન મેળવવા તરફ પ્રયત્નશીલ બને.

(૨) પરીક્ષાની તરાહ અંગે વિચારતાં પરીક્ષા લેખિત, મૌખિક, પ્રાયોગિક, વર્ષ દરમિયાન વિદ્યાર્થીએ કરેલ કામના મૂલ્યાંકન પર અવલંબિત—એ સૌ પ્રકારની અથવા તેમાંના અક અથવા વધારે પ્રકારની હોઈ શકે અને વિદ્યાર્થી વર્ષ દરમિયાન જે કાંઈ જ્ઞાન મેળવતો જાય તેનું તેમાં સતત પ્રતિબિંબ પડતું રહે એવા પ્રકારની પરીક્ષાનો તરાહ હોય તો તેને શ્રેષ્ઠ કહી શકાય.

આ પ્રકારની પરીક્ષાઓ નિબંધ પ્રકારના પ્રશ્નોથી તથા હેતુલક્ષી પ્રકારના તથા ટૂંકા જવાબના પ્રશ્નો દ્વારા કે વર્ગમાં ચર્ચા કે કોયડાઓ રજૂ કરી તેના દ્વારા યોજી શકાય.

(૩) ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સ્નાતક પદવી સુધીમાં પરીક્ષાઓના જે તબક્કાઓ છે તે અંગેની માહિતીને નજર સમક્ષ રાખીને તથા યુનિવર્સિટીના હાલ જે અભ્યાસક્રમો રચાયેલા છે અને તે અભ્યાસ-ક્રમોની તાત્કાલિક પુનઃરચના કરવાનું જ્યારે શકય જણાતું નથી ત્યારે અને કૉલેજોમાં શિક્ષણકાર્ય અંગે જે માળખું પ્રવર્તમાન છે તે જોતાં હાલ આપણી યુનિવર્સિટીમાં દર વર્ષને અંતે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાઓ લેવાની જે પ્રથા છે તેમાં તાત્કાલિક ફેરફાર કરવાની આ સમિતિ ભલામણ કરતી નથી.

અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવે અને તે અભ્યાસક્રમ વિદ્યાર્થી તબક્કાવાર પૂરો કરી ઇચ્છે તો પરીક્ષા આપી શકે તેવી તેમાં ગોઠવણ હોય તો હાલ જે સ્નાતકકક્ષા સુધીમાં દર વરસે વિદ્યાર્થીને ચાર પરીક્ષાઓ આપવાની હોય છે તેની સંખ્યામાં ઘટાડો કરી શકાય. પરંતુ ઉપર જણાવ્યા મુજબ જ્યાં સુધી હાલનો અભ્યાસક્રમ પ્રવર્તે છે ત્યાં સુધી યુનિવર્સિટી હાલ જે પરીક્ષા લે છે તે પરીક્ષા માત્ર કૉલેજને જ લેવાનું સોંપવાથી કોઈ ખાસ હેતુ સિદ્ધ કરી શકાય એમ લાગતું નથી. યુનિવર્સિટી દ્વારા જ્યારે પરીક્ષા લેવાતી હોય છે ત્યારે એક વસ્તુ સ્પષ્ટ છે કે વિદ્યાર્થીઓમાં એક પ્રકારની એવી લાગણી પ્રવર્તમાન હોય છે કે યુનિવર્સિટીની પરીક્ષા માટે વધુ તૈયારી કરવી આવશ્યક છે અને તેના કારણે વિદ્યાર્થી અભ્યાસ કરવા માટે વધુ અંશે પ્રેરાય છે.

આંતરિક કસોટી પરીક્ષાઓ જે કૉલેજો દ્વારા લેવાય છે તેમાં જો કોઈ કૉલેજ પોતાની કૉલેજના વિદ્યાર્થીના પિરિયોડિકલ એસેસમેન્ટ કરવા માંગતી હોય તો તે માટે કૉલેજને છૂટ આપવામાં આવે તો કાંઈ વાંધા જેવું નથી. વળી આ માટે કૉલેજ અઠવાડિક પરીક્ષાઓ, વર્ષમાં બે જ પરીક્ષાઓ, ચર્ચા, નિબંધલેખન, પુસ્તકવાચન, એવી કોઈ હેતુલક્ષી (objective) પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ શિક્ષણનું મૂલ્યાંકન કરી શકે.

જે કૉલેજ યુનિવર્સિટીની હાલની પદ્ધતિ અનુસાર આંતરિક કસોટી રાખવા ન માંગતી હોય, પરંતુ ઉપર સૂચવેલા કોઈ પ્રકારની કોઈ પ્રથા મુજબ પોતાની કૉલેજના વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાની ઇચ્છા રાખતી હોય તે કૉલેજ પોતે કઈ પ્રથા મુજબ આંતરિક મૂલ્યાંકન કરવા માંગે છે તેની વિગતવાર યોજના ૧૫મી જૂન પહેલાં યુનિવર્સિટીને લખી મોકલી તેની જાણ કરવાનું રાખે વળી કૉલેજ કોઈ વિદ્યાશાખામાં વર્ગવાર અલગ અલગ પદ્ધતિ રાખવા માંગે તો તેમ કરવાની પણ છૂટ રાખી શકાય. આ વ્યવસ્થાથી વર્ષને અંતે જે ગુણ યુનિવર્સિટીને મોકલાય તેની ચકાસણી કરવાનું જરૂરી બને તે માટે કૉલેજે તમામ રેકર્ડ યુનિવર્સિટીને ઉપલબ્ધ કરવાનું રાખવું જોઈએ.

કૉલેજોની આંતરિક પરીક્ષાઓ અંગે હાલ વર્ષ દરમિયાન જે ત્રણ અથવા ચાર કસોટીઓ નિયત થયેલ છે તે ચાલુ રાખવી. પરંતુ આ સમિતિનું એવું માનવું છે કે દરેક વિષયની આંતરિક પરીક્ષા માટે હાલ જે ૩૦ ગુણ છે (૩૦ ટકા) તેને બદલે તે ૧૦૦ ગુણની રાખવી. વળી કૉલેજોએ લીધેલી અને યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષાઓની સરખામણી સરળતાથી થઈ શકે તેવું વાતાવરણ ઊભું કરવા માટે યુનિવર્સિટીની પ્રત્યેક પરીક્ષા ૧૦૦ ગુણની રાખવી અને કૉલેજની આંતરિક કસોટીની પરીક્ષા પણ ૧૦૦ ગુણની રાખવી. કૉલેજના આંતરિક કસોટીના ૧૦૦ આંતરિક ગુણોમાં ૫૦ ગુણ હાલમાં લેવાતી કસોટી પરીક્ષાઓના આધારે અને ૫૦ અધ્યયનના (અધ્યયન નીચે Assignment, **Library, work, Seminer, Tutorials** અને હાજરી ઇત્યાદિનો સમાવેશ થશે) માટે ફાળવવાનું રાખવું.

આમ જેટલા ગુણની યુનિવર્સિટી પરીક્ષા હોય તેટલા ગુણની આંતરિક કસોટી-પરીક્ષા પણ હોય. આમ કરતો હેતુ—અભ્યાસનું સાતત્ય—જળવાય અને પરીક્ષણ પરથી ઝોક ખસેડી-અધ્યયન પર આવે તે સિદ્ધ કરવાનો છે. આમ કરવાથી વિદ્યાર્થીના સ્તર યુનિવર્સિટી કક્ષાએ અને કૉલેજ કક્ષાએ સમાંતર રહે છે કે કોઈ વધુ વધઘટ છે તેનો ખ્યાલ મળી રહે. હાલ ગુણપત્રકમાં યુનિવર્સિટીના ગુણ અને આંતરિક કસોટી પરીક્ષાના ગુણ જે પ્રમાણે જુદા જુદા બતાવવામાં આવે છે તે પ્રમાણે જુદા જુદા બતાવવાનું ચાલુ રાખવું.

(૪) પ્રશ્નપત્રો કાઢવા અંગે :

પરીક્ષાનું એક પાસું પેપરસેટિંગ છે અને આ કાર્ય સંપૂર્ણ ગુપ્તતાપૂર્વક થાય એવી તંત્ર પદ્ધતિ જરૂરી છે. સાથે સાથે પ્રશ્નપત્ર પણ સમગ્ર અભ્યાસક્રમને આવરી લેનું અને વિદ્યાર્થીએ કરેલા અભ્યાસની યથાવત્ કસોટી કરનું નીકળે તે પણ જરૂરી છે. સંપૂર્ણ ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્ર તરફ વળવું ઇચ્છનીય જણાતું નથી કેમકે તેમ કરવામાં કેટલાંક કેન્દ્રો પર જો પરીક્ષા સંચાલન તરફ સંપૂર્ણ તકેદારી ફરજ પરના અધિકારીઓ જેવા કે નિરીક્ષક વગેરે દ્વારા ન રખાય તો ઓબ્જેક્ટિવ પ્રશ્નપત્રનો જે હેતુ છે તે સાધી શકાય નહીં એમ લાગે છે.

અત્યારે પ્રશ્નપત્રોમાં ૮માંથી ૫ સવાલો કરવા અથવા ૧૦માંથી ૬ સવાલો કરવા એવા પ્રકારના સમગ્ર અભ્યાસક્રમને આવરી લે તેવા વિકલ્પ આપવામાં આવે છે અને પરિણામે આખો અભ્યાસક્રમ તૈયાર કરવાને બદલે અભ્યાસક્રમનો અમુક ભાગ જ તૈયાર કરવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં જાગે છે. પરિણામે ચકાસણીનો હેતુ સરતો નથી. આ પરિસ્થિતિ નિવારવા માટે આ સમિતિ ભલામણ કરે છે કે પ્રશ્નપત્રમાં આપેલા બધા જ પ્રશ્નો ફરજિયાત રાખી દરેક પ્રશ્નની અંદર પૂરતા આંતરિક વિકલ્પ મૂકવાનું રાખવું. આ આંતરિક વિકલ્પો અભ્યાસક્રમના નિશ્ચિત મુદ્દાઓને આવરી લે તેવી રીતે મુકાય તેની ચોકસાઈ રાખતા પ્રાધ્યિકોને સૂચના આપી શકાય, જેથી અભ્યાસક્રમનો એક આખો મુદ્દો અવગણવાનું વિદ્યાર્થી માટે શકય બને નહીં.

આવી રીતે આંતરિક વિકલ્પો દાખલ કરવાની સાથે પ્રશ્નપત્રોની રચના એવી થવી જોઈએ કે કુલ પ્રશ્નોની સંખ્યા વધે અને સરેરાશ પ્રશ્નોના જવાબોની લંબાઈ ઘટે. દા.ત. અત્યારે એમ.એડ. પરીક્ષામાં નીચે પ્રમાણે વ્યવસ્થા ચાલુ છે, દરેક પ્રશ્નપત્રમાં સરેરાશ ૪ પ્રશ્નો હોય છે. પહેલા પ્રશ્નમાં ૨ વિકલ્પોમાંથી એક વિકલ્પ વિદ્યાર્થીઓએ કરવાનો હોય છે. બીજા પ્રશ્નમાં ત્રણ વિકલ્પમાંથી બે વિકલ્પો વિદ્યાર્થીઓએ કરવાના હોય છે. એટલે કે બીજા પ્રશ્નના એક ભાગનો જવાબ પહેલા પ્રશ્નના જવાબ કરતાં અડધો હશે. ત્રીજા પ્રશ્નમાં ૬ વિકલ્પોમાંથી ૪ વિકલ્પો કરવાના હોય છે અને ચોથા પ્રશ્નમાં ૮ વિકલ્પમાંથી ૬ વિકલ્પો કરવાના થાય છે. આવી વ્યવસ્થાને લીધે હજાર શબ્દોના જવાબો આવે તેવા પ્રશ્નો આવરી લેવાય અને ૧૫૦—૨૦૦ શબ્દોના જવાબો આવે તેવા પ્રશ્નો પણ ગોઠવી શકાય. આમ થવાથી ચકાસણી માટે સમગ્ર અભ્યાસક્રમને આવરી લઈ શકાય અને અભ્યાસ-ક્રમના ઝીણવટભર્યા મુદ્દાઓને પણ પ્રશ્નપત્રમાં સમાવી શકાય.

ઉપર જે ફેરફારો સૂચવ્યા છે તે ફેરફારો જુદા જુદા વિષયોમાં અને જુદી જુદી પરીક્ષાઓમાં જુદા જુદા સ્વરૂપ લે એવા સંભવ છે. તેથી આ મુદ્દાઓ સમાવી લે તેવા પ્રત્યેક પરીક્ષા માટે પ્રત્યેક વિષયના નમૂનાનો એક એક પ્રશ્નપત્ર અભ્યાસસમિતિઓ પાસે તૈયાર કરાવવો અને આ પ્રશ્નપત્ર તે વિષયના એક નિષ્ણાત, પરીક્ષા પદ્ધતિ વિજ્ઞાનના એક જાણકાર તથા તે પેપર શીખવતા એક સીનિયર

શિક્ષકની બનેલી સમિતિ પાસે મૂકવો જોઈએ. તે સમિતિનાં સૂચનો સાથે અને અભ્યાસસમિતિએ તેને મંજૂર કર્યા પછી આ પ્રશ્નપત્રો કૉલેજોમાં પરિપત્રિત કરવા જોઈએ અને પ્રાશ્નિકોને પણ તેમના માર્ગદર્શન માટે ઉપલબ્ધ કરી શકાય.

યુનિવર્સિટીના પ્રશ્નપત્રમાં ઑબ્જેક્ટિવ ટાઈપ એટલે કે "હા" કે "ના" જેવા એક જ શબ્દમાં જવાબ આવે તેવા પ્રશ્નો વિદ્યાર્થીની કસોટી માટે સારા છે. પરંતુ હાલને તબક્કે પરીક્ષાઓ અનેક કેન્દ્રોમાં લેવાતી હોવાથી આવા પ્રશ્નોનો જે હેતુ છે તે કેટલે અંશે ફળીભૂત થશે તે વિશે શંકા છે અને તેથી પ્રશ્નપત્રના માળખા સંબંધમાં આ સમિતિ ટૂંકા જવાબોવાળા (short-answer-type) પ્રશ્નો પૂરતા પ્રમાણમાં રાખવાની આવશ્યકતા પર ભાર મૂકે છે અને પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાથી સ્નાતક પરીક્ષા સુધી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની શાખાઓમાં પાસ થવાનું ધોરણ ૩૬ ટકા જ હોવાથી આ સમિતિ એમ સૂચવે છે કે શક્ય હોય ત્યાં સુધી આવા પ્રશ્નોમાં વિકલ્પ મૂકવો નહીં. જવાબમાં જે મુદ્દાઓ અપેક્ષિત હોય તેનો નિર્દેશ કરીને પ્રશ્ન એસે ટાઈપ પ્રશ્નોમાં પણ પૂછવાનું રખાય તે માટે પરીક્ષકોને જરૂરી સૂચના આપવી જોઈએ.

(૫) પ્રશ્નપત્ર કાઢવા માટે પ્રાશ્નિકોની નિમણૂક કરવામાં જે વ્યકિતએ તે પ્રશ્નપત્રનું શિક્ષણકાર્ય છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કર્યું હોય તેવા શિક્ષકોને પસંદગી આપવા સમિતિ સૂચવે છે.

યુનિવર્સિટીની પરીક્ષાઓ—ખાસ કરીને ડિગ્રી પરીક્ષાઓ—પબ્લિક એકઝામિનેશન્સ હોઈ તેમાં બાહ્ય (એકસ્ટર્નલ) પરીક્ષકો નીમવાની હાલ જે પ્રથા છે તે ચાલુ રાખવી. પ્રી--યુનિ. અને એફ.વાય.ની કક્ષાએ પણ યુનિવર્સિટી બહારના વિસ્તારના શિક્ષકોને પ્રાશ્નિક તરીકે શક્ય હોય ત્યાં નીમવાનું રાખવું.

પ્રાશ્નિકોએ તેમણે કાઢેલા પ્રશ્નપત્રોના મોડેલ આન્સર્સ એટલે કે નમૂનાના જવાબો વિસ્તૃત નોંધ સાથેની માર્કિંગ સ્કીમ તેમ જ સમગ્ર ઉત્તરપત્ર પરીક્ષકે તપાસ્યા બાદ કેટલા ગુણ સુધી વધઘટને અવકાશ આપી શકાય તેની સ્પષ્ટ લેખિત સૂચના તૈયાર કરી આપવા જણાવવું કે જેથી તે પરીક્ષકોને આપી શકાય.

પ્રી--યુનિ.થી ડિગ્રી પરીક્ષા સુધી દરેક પ્રશ્નપત્ર માટે ડિટેઈલ્ડ સ્કીમ ઑફ એસેસમેન્ટ દરેક પ્રાશ્નિક પાસેથી મેળવવાનો આગ્રહ રાખવો.

જે વિષયમાં એક કરતાં વધુ પ્રશ્નપત્ર હોય ત્યાં હાલ બધા પ્રશ્નપત્રો માટે પ્રાશ્નિકો--પરીક્ષકોનું એક જ જૂથ નીમવામાં આવે છે તેને બદલે પ્રશ્નપત્ર દીઠ અલગ અલગ પ્રાશ્નિક--પરીક્ષક નીમવાનું શક્ય હોય તો રાખવું.

શક્ય હોય ત્યાં સુધી પ્રાશ્નિકોને માત્ર પ્રશ્નપત્ર કાઢવાનું જ કામ સોંપાય અને ઉત્તરવહીઓની તપાસણીનું કામ અલાયદા પરીક્ષકો નીમી તેમને સોંપવાનું રાખવા સમિતિ સૂચવે છે.

અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રાશ્નિકો અને પરીક્ષકો આ રીતે પૂરતા પ્રમાણમાં મળી શકવાની શક્યતા ન હોવાથી જ્યાં શક્ય હોય ત્યાં જ પ્રાશ્નિકો-પરીક્ષકો જુદા રાખવા.

પ્રાશ્નિકો--પરીક્ષકોની નિમણૂક માટે ભલામણ કરનારી સમિતિમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાઓના ત્રીનને બધા જ વિષયોના શિક્ષકો અંગે પૂરી માહિતી (જાણકારી) ન હોય તે સ્વાભાવિક છે, તે જોતાં જ્યારે કોઈ વિષયના પ્રાશ્નિક--પરીક્ષકોની નિમણૂક કરવાની હોય ત્યારે તે વિદ્યાશાખાના તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષને પરીક્ષકોની ભલામણ કરનારી સમિતિની બેઠકમાં આમંત્રી તેનાં સલાહસૂચન લેવાની પ્રથા અપનાવવા સૂચવવામાં આવે છે.

(૬) ઉત્તરપત્રોનું યોગ્ય રીતે મૂલ્યાંકન થઈ શકે તે માટે એક પરીક્ષકને વધુમાં વધુ ૩૦૦ જેટલાં જ ઉત્તરપત્રો પરીક્ષણ માટે આપવા અને ૧૫ દિવસના ગાળામાં તેનું પરીક્ષણ કામ પ્રાધ્યિનકોએ આપેલ 'મોડેલ આન્સર્સ' અને 'સ્કીમ ઑફ માર્કિંગ'ને અનુલક્ષીને તે કામ પરીક્ષક આટોપે તે અપેક્ષા છે. પરીક્ષણકાર્ય દરમિયાન પરીક્ષક કોઈ પણ પ્રકારના દબાણ હેઠળ કે અન્ય કામકાજના બોજા હેઠળ ન રહેતાં વિદ્યાર્થીના ઉત્તરપત્રોનું મૂલ્યાંકન 'ઑબ્જેક્ટિવલી' કરે તે અપેક્ષા છે. આ માટે પ્રી--સાયન્સ અને એફ.વાય.સાયન્સમાં ડમી નંબરો આપવાની જે પ્રથા હાલ શરૂ કરવામાં આવી છે તેવી ડમી નંબર આપવાની પ્રથા આવતે વર્ષે ટી.વાય.ની પરીક્ષામાં દાખલ કરવા માટે સમિતિ સૂચવે છે. જો તે શક્ય ન હોય તો ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષામાં તે દાખલ કરવી જરૂરી છે તેમ સમિતિ માને છે.

મોડરેશન

ઉત્તરપત્રોના મોડરેશનનો સ્પષ્ટ હેતુ એ છે કે જુદા જુદા પરીક્ષકો દ્વારા થતું મૂલ્યાંકન એકવાકયતા ધરાવે અને જો કોઈ પરીક્ષક વધારે પડતા કડક અથવા ઉદાર જણાય તો તેનું સમગ્ર મૂલ્યાંકન પરીક્ષકોની બીજીહરોળમાં આવે તે માટે ઘટતાં પગલાં લેવાનું બની શકે. આ બાબત દરેક મોડરેટરના ધ્યાન પર લાવવી. મોડરેશન ફક્ત પાંચપંદર ઉત્તરવહીઓમાં ગુણના ફેરફાર કરવામાં પર્યાપ્ત ન રહેતાં જે પરીક્ષામાં મોડરેટરો નીમવામાં આવે છે ત્યાં મોડરેટર્સની સૂચનાનું પરીક્ષકો અવશ્ય પાલન કરે અને નિયમિત રીતે ઉત્તરવહીઓ સમયસર મોડરેટરને મળી રહે તે માટે દરેક પરીક્ષક પ્રયત્નશીલ રહે તે ઇચ્છનીય છે. મોડરેટરોએ પણ પરીક્ષકોને સ્પષ્ટ લેખિત સૂચનાઓ આપવાનું ગમ્યું અને પરીક્ષકકાર્યમાં વિનાકારણ અવરોધ ઊભો કરવાની પરિસ્થિતિ ટાળવી જોઈએ. દરેક મોડરેટરે ઓછામાં ઓછા ૧૦ ટકા ઉત્તરવહીઓનું પૂરેપૂરી જવાબદારીથી મોડરેશન કરવાનું રાખવું આવશ્યક છે.

સમિતિ એમ સૂચવે છે કે યુનિવર્સિટીની ડિગ્રી પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓની ઉત્તરવહી પર આપવામાં આવેલા ગુણ તેમ જ પરીક્ષકોએ ચુપરત કરેલા ગુણપત્રક પરના ગુણ ચેક કરવા માટે યોગ્ય સંખ્યામાં 'ટેબ્યુલેટરો' નીમવાની પ્રથા શરૂ કરવી.

(૭) હાલ પરીક્ષણ અંગેના જે અહેવાલો પરીક્ષકો પાસેથી આવે છે તે અસ્પષ્ટ, ટૂંકા અને વિદ્યાર્થીના પ્રશ્નપત્રની સમજ અને સૂઝ પર પરીક્ષક તરીકે તેના કયા પ્રત્યાઘાત છે તે માહિતી આપતા નથી અને તેથી આ સમિતિ આ અહેવાલ માટે નીચેના મુદ્દાની માહિતી મળી રહે તેવું એક નિયત પત્રક તૈયાર કરવા સૂચવે છે અને તે નિયત પત્રકમાં જણાવેલ પ્રત્યેક મુદ્દાસર વિગતે અહેવાલ આપવા પ્રત્યેક પરીક્ષકને સૂચના આપવા જણાવે છે :

૧. પરીક્ષકે કુલ કેટલા ઉત્તરપત્રો તપાસ્યા.

૨. તપાસેલા ઉત્તરપત્રો પૈકી ૩૬ ટકાથી વધુ અને ૪૮ ટકાથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા તેમ જ ૪૮ ટકા અને ૬૦ ટકા વચ્ચે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા તેમ જ ૬૦ ટકા ઉપરના ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા.

૩. પ્રશ્નો અને વિદ્યાર્થીઓના ઉત્તર વચ્ચેના સંવાદિતા અને વિસંવાદિતાની નોંધ.

૪. પ્રાધ્યિનકે આપેલા મોડેલ આન્સર અંગેના તેના પ્રત્યાઘાતો

૫. વિદ્યાર્થીની વિષય અંગેની સૂઝ અને સમજ અંગેની માહિતી

ઉદાહરણની યાદી સાથે વિદ્યાર્થીઓએ આપેલા જવાબના નમૂનાઓ આપવા :

(અ) સામાન્ય ભૂલો

(બ) ભાષાકીય ક્ષતિઓ

૬. જનરલ રિમાર્કસ

વધુમાં પરીક્ષકોને અહેવાલમાં એ પણ માહિતી આપવા જણાવવું કે પ્રશ્નપત્ર કોઈ અમુક પુસ્તક પર આધારિત હતો તેમ જ વિદ્યાર્થીના ઉત્તરો કોઈ અમુક પુસ્તક, નોંધ કે ગાઈડમાંથી લેવાયા હોય તેવું તેમને તેમના પરીક્ષણ દરમિયાન જણાયું હતું.

(૮) પ્રાશ્નિકો અને પરીક્ષકોને હાલમાં અપાતું મહેનતાણું ઘણું ઓછું જણાય છે અને પ્રાશ્નિકો પ્રશ્નપત્રની સાથે સાથે પ્રશ્નોના મોડેલ જવાબો તૈયાર કરવાનું કામ વધુ ચોકસાઈથી અને જવાબદારીથી કરી શકે તે માટે સમિતિએ તે હાલ પ્રાશ્નિકો-પરીક્ષકોને અપાતા મહેનતાણા અંગે વિચાર કર્યો હતો અને ચર્ચાવિચારણા બાદ પ્રશ્નપત્ર કાઢવા માટેનો મહેનતાણાનો દર નીચે પ્રમાણે સૂચવેલ છે :

One paper of 2 hours' duration ... Remuneration Rs. 50/—
One paper of 3 hours' duation ... Remuneration Rs. 75/—
Paper for post-graduate examination ... Rs. 100/- per paper.

ઉત્તરપત્ર	મહેનતાણું
પ્રી-યુનિ. પરીક્ષામાં બે કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૦૦
પ્રી-યુનિ. પરીક્ષામાં ત્રણ કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૨૫
એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. માટે બે કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૨૫
એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. માટે ત્રણ કલાકના પ્રશ્નપત્રના ઉત્તરપત્ર માટે	... રૂ. ૧--૫૦
અનુસ્નાતક પરીક્ષાના ઉત્તરપત્ર માટે	... રૂ. ૨--૦૦

ઉત્તરપત્રો પરીક્ષકોને મોકલવા માટે જો શક્ય હોય તો યુનિવર્સિટીમાં બધા એકત્ર કરીને જે તે પરીક્ષકોને મોકલવા અથવા કેટલાંક નાનાં કેન્દ્રો પર રેલવે દ્વારા કે પોસ્ટ ઑફિસ દ્વારા ઉત્તરપત્રો રવાના કરવાનાં હોય તેની ગુપ્તતા વધુ જળવાય તે માટે રોજબરોજના ઉત્તરપત્રો તે જ દિવસે અથવા બીજે દિવસે બરોબર પેક (સીલ) કરીને નજીકના ગામની પોસ્ટ ઑફિસમાંથી કે સ્ટેશનથી મોકલવાનું શક્ય હોય ત્યાં વિચારે અને ગોઠવે.

(૯) વિદ્યાર્થીઓને આપવામાં આવતાં ગુણપત્રકોમાં ઈન્ટર્નલ અને યુનિવર્સિટી પરીક્ષાના દરેક વિષયના ગુણો જુદા જુદા બતાવવાની જે પ્રથા છે તે પ્રથા ચાલુ રાખવી. આંતરિક ગુણાંકન પણ યુનિવર્સિટી-ની પરીક્ષાના ગુણ જેટલું જ રાખવાની અન્યત્ર ભલામણ કરેલી છે.

ઉત્તરપત્રોના પુનઃમૂલ્યાંકન બાબતમાં વિગતે ચર્ચા કરી હતી. અગાઉ પ્રો. માવળંકરના અધ્યક્ષપણા નીચે નિમાયેલી સમિતિનો જે રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલ તરફથી સ્વીકારવામાં આવ્યો છે તેમાં જે જે મુદ્દાઓ વિચારવામાં આવ્યા હતા તે તથા અન્ય મુદ્દાઓનો સમગ્ર પ્રમાણે વિચાર કરીને સમિતિએ ઠરાવ્યું કે વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન કરવાનું વ્યવહારુ કે શક્ય નથી અને તેથી એકેડેમિક કાઉન્સિલે જે નિર્ણય લીધો છે તેમાં કોઈ ફેરવિચારણા કરવાની જરૂર નથી.

(૧૦) થી (૧૩) : યુનિવર્સિટી પરીક્ષાનાં ધોરણ જળવાઈ રહે તેમ જ પરીક્ષાનાં જુદાં જુદાં કેન્દ્રો પર તેના સંચાલન અંગે જે કેટલીક ટીકાઓ થઈ રહી છે તે માટે કેટલાંક સક્રિય પગલાં તાત્કાલિક લેવાય તેમ આ સમિતિ સૂચવે છે. આમાં ખાસ કરીને નીચેનાં કેટલાંક સૂચનો શક્ય હોય તો આગામી પરીક્ષાઓની સીઝનથી અમલી બનાવી યુનિવર્સિટી પરીક્ષાની પ્રતિષ્ઠા વધે તેમ કરવું જરૂરી જણાય છે.

(૧) જે તે કેન્દ્ર પર યુનિવર્સિટી પરીક્ષા લેવાતી હોય ત્યાં સમગ્ર પરીક્ષા દરમિયાન સ્થાનિક મુખ્ય નિરીક્ષકની સાથે શક્ય હોય ત્યાં સુધી એક વધારાના નિરીક્ષકને બહારથી નામવાનું રાખવું.

(૨) કેન્દ્ર પર પરીક્ષા દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના આચાર્ય કે અધ્યાપક જે કોઈ યુનિવર્સિટી પર પ્રતિનિધિત્વ ધરાવતા હોય તેમને પરીક્ષા સંચાલનનું કામ અવશ્ય સોંપવાનું રાખવું એટલું જ નહિ, પરંતુ આ કામ તેઓ સ્વેચ્છાએ સ્વીકારે અને યુનિવર્સિટીએ ઉપાડેલ પરીક્ષા સુધારણાના આ કાર્યમાં સહકાર આપે એવો ખાસ આગ્રહ કરવો.

(૩) જે કેન્દ્ર પર એક કરતાં વધુ સંલગ્ન કૉલેજો હોય ત્યાં શક્ય હોય ત્યાં સુધી એક વિદ્યાશાખાની પરીક્ષાઓ બીજી વિદ્યાશાખાની કૉલેજમાં એમ અરસપરસ ગોઠવવાનું રાખવું. દા.ત., કોઈ સ્થળે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની કૉલેજો હોય ત્યાં આર્ટ્સની પરીક્ષા સાયન્સ અથવા કૉમર્સ કૉલેજમાં અને કૉમર્સની પરીક્ષા આર્ટ્સ અથવા સાયન્સ કૉલેજમાં રાખવી.

(૪) કેન્દ્રો પર વિદ્યાર્થીઓ એકબીજાથી છેટે સુદૂર અંતરે બેસાડવામાં આવે અને જ્યાં જગ્યાની અગવડ હોય ત્યાં પાસેપાસેના બે વિદ્યાર્થીઓ જુદી જુદી પરીક્ષાના હોય તેમ રાખવું.

(૫) પરીક્ષાના સંચાલન દરમિયાન પરીક્ષામાં વિદ્યાર્થીઓ ગેરરીતિ ન આજમાવે તે માટે અનુભવી અને પ્રૌઢ સીનિયર સુપરવાઇઝરો હોવા જરૂરી છે કેમ કે ફ્રેશ સ્નાતકોને સુપરવાઇઝરો તરીકે નીમતાં તેમની નાની વય તેમ જ વિદ્યાર્થીઓ સાથેની આત્મીયતાને કારણે વિદ્યાર્થીઓ ગેરરીતિનો આશરો લેતા જણાય છે અને તેથી કેન્દ્રો પરના મુખ્ય નિરીક્ષકો જો પ્રૌઢ અને વિશ્વાસુ સંનિષ્ઠ વ્યક્તિઓને આ કામ સોંપે તો પરીક્ષાની પવિત્રતા જોખમાય નહિ. શક્ય હોય ત્યાં નિરીક્ષણકાર્યમાં અધ્યાપકોને પણ જુનિયર સુપરવાઇઝરની કામગીરી સોંપવાનું રાખવા કૉલેજોના આચાર્યોને સૂચવવું.

(૧૪) આ સમિતિ વધુમાં સૂચવે છે કે, પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પહેલા દશ આવનાર વિદ્યાર્થીઓનાં નામોની જાહેરાત કરવાની હાલની પ્રથા બંધ કરવી જોઈએ, કારણ કે આને કારણે કૉલેજોમાં પ્રવેશ અંગે સ્પર્ધાનું તત્ત્વ સામેલ થાય છે અને સાથે સાથે આ સમિતિ એમ પણ સૂચવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં અપાતા ગુંદરકો અને પ્રદાનોની જાહેરાત પણ જુલાઈ પછી એકસાથે કરવાનું રાખવું.

(૧૫) પરીક્ષા સંશોધન એકમ (એકઝામિનેશન રિસર્ચ સેલ) પર "સેલ" (ઘટક)ની રચના અને તેના કાર્યક્ષેત્ર પર લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને નીચેનાં સૂચનો કરવામાં આવે છે :

(૧) સૌપ્રથમ એક કેળવણીકાર (શિક્ષણશાસ્ત્રી), એક રિસર્ચ ઑફિસર અને બે સ્ટેટિસ્ટિશિયન સાથેનું એક નાના સ્કેલ પર એકઝામિનેશન સેલ (ઘટક) ઊભું કરવું.

(૨) આ સેલ (ઘટક)ને દેશની અન્ય યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા તેમ જ પરીક્ષા સુધારણા અંગેના જુદા જુદા સેમિનારો દ્વારા પ્રસિદ્ધ થતા સાહિત્ય વગેરેને લક્ષમાં લઈને ચાલુ પરીક્ષાપદ્ધતિમાં સૂચવાયેલા સુધારા અંગેની નોંધ તૈયાર કરવા અને પરિપત્રિત કરવા જણાવવું.

(૩) જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકો દ્વારા થતા પરીક્ષણનું રેન્ડમ ચેકિંગ કરી એક જ પરીક્ષકમાં તેના સમગ્ર પરીક્ષણ દરમ્યાન તેમ જ એક જ વિષયના બે કે વધુ પરીક્ષકો વચ્ચે કેટલું વેરિયેશન આવે છે તે અંગે પણ તપાસીને આંકડાઓ સાથેના રિપોર્ટ કરવા સેલ (ઘટક)ને જણાવી શકાય.

(૪) યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો તેમ જ તે અંગે પ્રાશ્નિકોએ આપેલા મોડેલ આન્સર્સ અને તે પરથી વિદ્યાર્થીઓએ આપેલા ઉત્તરપત્રોના પરીક્ષણ અંગેના પરીક્ષકોના રિપોર્ટમાં આવેલા પ્રત્યાઘાતો વગેરેનો અભ્યાસ કરી એક સુચિંતિત હેવાલ રજૂ કરવાનું જણાવી શકાય.

(૫) આ સેલ (ઘટક)થી કયારેક કયારેક યુનિવર્સિટીમાં પરત આવતા ઉત્તરપત્રો અંગેના રેકર્ડ્ઝના સરપ્રાઈઝ ચેકિંગની કામગીરી પણ કરી શકે.

(૬) અભ્યાસસમિતિઓને તેના અભ્યાસક્રમો—તેના ઓબ્જેકિટવ્સ વગેરે વિસ્તૃત રીતે ઘડવામાં તેમ જ અન્ય જરૂરી માહિતી પૂરી પાડવામાં મદદગાર થવા પણ સેલ (ઘટક)ને જણાવવું.

(૭) આ સેલ(ઘટક) પાસે ઉપર જણાવેલી કામગીરીઓ કરવા માટે પૂરતું સાહિત્ય હોવું જરૂરી છે અને તે માટે આ સેલ(ઘટક) પાસે તેની પોતાની એક નાની એવી આગવી લાઈબ્રેરી હોવી જોઈએ. આ લાઈબ્રેરીમાં પરીક્ષા સુધારણાની દિશામાં દેશ-પરદેશમાંથી પ્રસિદ્ધ થતાં જુદાં જુદાં મેગેઝિન્સ, રિપોર્ટ્સ અને સ્ટાન્ડર્ડ પુસ્તકો રખાય. આ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે જરૂરી સહાય માંગવાનું રાખવું. આ સેલ(ઘટક)ને વર્ષ આખરે સેલ(ઘટક) દ્વારા થયેલ કાર્યનો વિગતવાર રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલને કરવા જણાવવું.

(૧૬) હાલ પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક છેક ફેબ્રુઆરીમાં અને સપ્ટેંબર માસમાં કરવામાં આવે છે. આમ કરવાથી તેમને પ્રશ્નપત્ર કાઢવા માટે પૂરતો સમય મળતો નથી અને જ્યાં કોઈક વ્યકિતઓ કામ કરવાની અશકિત બતાવે ત્યાં અવેજી નિમણૂકો કરવામાં વિલંબ થાય છે અને પ્રશ્નપત્ર બહુ જ ઉતાવળમાં કાઢવામાં આવતાં હોય છે. આ પ્રથામાં ફેરફાર કરી જો પ્રાશ્નિકોની નિમણૂકો માર્ચ--એપ્રિલ માસની પરીક્ષા માટે એવી રીતે કરવામાં આવે કે તેમને તેમની નિમણૂકના હુકમો ડિસેમ્બર માસની શરૂઆતમાં મળે અને ઑકટોબરની પરીક્ષાઓ માટેના હુકમો જુલાઈ માસની શરૂઆતમાં મળે તો પ્રશ્નપત્રો યોગ્ય રીતે નીકળી શકે તેમ સમિતિનું માનવું છે. આ માટે જો જરૂર લાગે તો હાલના ઑર્ડિનન્સો વગેરેમાં જરૂરી ફેરફાર કરવા માટે પગલાં લેવાનું વિચારવા સમિતિ સૂચવે છે.

સમિતિને એમ લાગે છે કે હાલ જે પરીક્ષાઓ દર વર્ષે લેવાય છે તેમાં જેઓને એ.ટી.કે.ટી મળેલી હોય છે તેઓને બીજે વર્ષે બે પરીક્ષાની તૈયારી કરવાની ન રહે અને પોતાનો કાચો અભ્યાસ વેળાસર તૈયાર કરી તેમાંથી મુક્ત થાય તે માટે એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓની જે તે વિષયની પરીક્ષા ઑક્ટોબરમાં ગોઠવવાની ખૂબ આવશ્યકતા છે. સિન્ડિકેટે આ માટે તાત્કાલિક ગોઠવણ કરવી.

(૧૭) યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજના એફિલિયેશન અંગે હાલ જે તપાસસમિતિ કૉલેજમાં જાય છે તેમની સાથે યુનિવર્સિટીના ડે. રજિસ્ટ્રાર કક્ષાના અધિકારીને તે કૉલેજની બધી માહિતી સાથે મોકલવાનું રાખવું કે જેથી તપાસસમિતિને પૂરતી માહિતી મળી શકે અને જુદી જુદી કૉલેજોમાં એકસરખું ધોરણ જાળવવાનું બની શકે. આ અંગે અત્યારનું જે ફૉર્મ છે તેમાં આવશ્યક સુધારણા કરવી જરૂરી છે.

(૧૮) જે વિષયોમાં ડિઝર્ટેશન આપી શકાય છે ત્યાં ત્યાં પ્રત્યેક ડિઝર્ટેશનનો હેવાલ જે તે માર્ગદર્શકને ઉપલબ્ધ કરવાનું રાખવું.

પરીક્ષા સુધારણા બાબતમાં ટૂંકા ગાળાની યોજના તરીકે ઉપર કરેલી ભલામણો છે.

લાંબા ગાળાની યોજના અંગે વિચારણા પણ કરી હતી (જુઓ પાનું ૩, પેરા ૧) અને તે માટે સૌપ્રથમ યુનિવર્સિટીની અભ્યાસસમિતિઓએ પોતાના હાલના અભ્યાસક્રમોને અદ્યતન બનાવવા માટે તથા તેના હેતુઓ સ્પષ્ટ કરવા માટે વિસ્તૃત રીતે તે અભ્યાસક્રમો તૈયાર કરવા જોઈએ.

તે અભ્યાસક્રમો સાથે સંદર્ભ પુસ્તકો આપવા જોઈએ. જો સેમેસ્ટર પદ્ધતિ પ્રમાણે આયોજન કરવામાં આવે તો તેવા અભ્યાસક્રમને જુદા જુદા એકમોમાં વહેંચી આપી તેના શિક્ષણનું કામ અમુક તાસોમાં થઈ શકે તે ધ્યાનમાં રાખી આખા વિષયનું આયોજન કરવું જોઈએ.

આ થયા બાદ તેના આધારે આગળ પેરા ૪ માં જણાવ્યા પ્રમાણે અભ્યાસસમિતિ પાસે જે તે વિષયનું 'Model Question Paper' તૈયાર કરી કૉલેજોના શિક્ષકોના માર્ગદર્શન માટે પરિપત્રિત કરી શકાય.

પરિશિષ્ટ "થ"

કામકાજ ક્રમાંક ૧૨૮

ગુજરાતી

એમ.એ. ભાગ ૧ (૧૯૭૪)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૧ : નવલિકા સાહિત્યસ્વરૂપ

મુદ્દાઓ :

૧. સાહિત્યમાં સ્વરૂપ (ફોર્મ)ની વિભાવના
૨. જે તે સાહિત્યસ્વરૂપનાં મુખ્ય લક્ષણો
૩. એનાં વ્યાવર્તક લક્ષણો
૪. સ્વરૂપના ઉદ્‌ભવની પીઠિકા
૫. ગુજરાતીમાં એનો વિકાસ
૬. મુખ્ય કૃતિઓ અને સર્જકો
૭. એની આધુનિક સ્થિતિ

સાહિત્ય સ્વરૂપ સમજવામાં મદદરૂપ થાય એ માટે નીચેનાં પુસ્તકો સૂચવવામાં આવે છે:

૧. "તણખામંડળ"--૧ (ધૂમકેતુ)
૨. "દ્વિરેફની વાતો"--ભાગ ૧ : ર. વિ. પાઠક
૩. "વિસામો" : ઉમાશંકર જોશી
૪. "પિયાસી" : સુન્દરમ્
૫. "જયંતી દલાલની શ્રેષ્ઠ ટૂંકી વાર્તાઓ"
૬. "ગુલાબદાસ બ્રોકરની શ્રેષ્ઠ નવલિકાઓ"
૭. "ચૂનીલાલ મડિયાની શ્રેષ્ઠ નવલિકાઓ"
૮. "ખરા બપોર" : જયંત ખત્રી
૯. "અપિચ" : સુરેશ જોશી
૧૦. "બાંશી નામે એક છોકરી" : મધુરાય
૧૧. "ચેખોવની વાર્તાઓ"
૧૨. "૪૯ વાર્તાઓ" : લેમિંગ્વે
૧૩. "રવિકિરણો" : ટાગોર

પ્રશ્નપત્ર ૨ : સાહિત્યમીમાંસા

(અ) ભારતીય સાહિત્યમીમાંસા :

૧. ધ્વનિસ્વરૂપ : પ્રતીયમાન અર્થનું સ્વરૂપ, એનો વિરોધ, અભાવવાદીઓ અભિધાથી વ્યંજનાની ભિન્નતા, લક્ષણાથી વ્યંજનાની ભિન્નતા, દીર્ઘ અભિધા અને વ્યંજનાની ભિન્નતા, અનુમાનથી વ્યંજનાની ભિન્નતા. લક્ષણાનું પ્રયોજન વ્યંજનાથી જ સમજાય, બીજી લક્ષણા શક્ય નથી, વિશિષ્ટ લક્ષણાયુક્ત નથી.

૨. ધ્વનિના પ્રકારો : લક્ષણામૂળ અત્યંત તિરસ્કૃત વાચ્ય, અર્થાંતર સંક્રમિક વાચ્ય. અભિધામૂલ, શબ્દશક્તિમૂલ, અર્થશક્તિમૂલ, ઉભયશક્તિમૂલ, સંલક્ષ્યક્રમ વ્યંગ્ય, અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય, લૌકિક અને અલૌકિક, રસધ્વનિ અલંકાર અને વસ્તુધ્વનિ, સ્વતઃસંભવી, કવિપ્રૌઢોક્તિમાત્રસિદ્ધ અને કવિનિબદ્ધપાત્ર પ્રૌઢોક્તિમાત્રસિદ્ધ, પદ, વાકય, પ્રબંધ, પદાંશ રચના અને વર્ણ દ્વારા અસંલક્ષ્ય ક્રમવ્યંગ્યની વ્યંજના.

૩. ભાવ અને રસનો ભેદ, લૌકિક અનુભવ અને કાવ્યાનુભવનો ભેદ, નિર્વિઘ્ન સંવિત દ્વારા અનુભવાતો સ્થાયી તે રસ, બીજા અનુભવોથી એની ભિન્નતા એ સ્થાયીથી વિલક્ષણ છે.

૪. રસપ્રક્રિયા : ભરતનું રસસૂત્ર અને ભરતનો રસવિચાર, વિભાવ, અનુભાવ, વ્યભિચારી અને સ્થાયી ભાવની સમજૂતી, વિભાવાદિની અલૌકિકતા, રસસૂત્રની લોલ્લટની વ્યાખ્યા, એની સામેના વાંધા, શંકુકની રસસૂત્રની વ્યાખ્યા (સાધારણીકરણનું સ્વરૂપ), એની સામેના વાંધા, અભિનવની રસસૂત્રની વ્યાખ્યા, એમાં પૂર્વાચાર્યોના મતોના ગ્રાહ્ય અંશોનો સ્વીકાર, રસપ્રતીતિનાં વિઘ્નો અને એનું નિરસન.

૫. વક્રોક્તિ : કુંતકે કરેલી કાવ્યની વ્યાખ્યા, શબ્દાર્થની સાહિત્ય વક્રતા એટલે શું? વક્રતૃત્વના પ્રકારની ગણના, ત્રણ માર્ગો, એઓનું સ્વરૂપ, માર્ગો વિષેના પૂર્વાચાર્યોના મતોની ચર્ચા.

૬. રમણીયતા : જગન્નાથે કરેલી કાવ્યની વ્યાખ્યા, શબ્દ ઉપરનો ભાર, રમણીયતાની વિભાવના.

(બ) પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા :

૧. એરિસ્ટોટલની ટ્રેજેડીની વિભાવના
૨. લોન્જાઈનસની ભવ્યતાની વિભાવના
૩. મેથ્યુ આર્નોલ્ડના કવિતાવિષયક વિચારો
૪. ક્રોચેનો અભિવ્યક્તિવાદ
૫. ટી. એસ. એલિયટના કવિતાવિષયક વિચારો.

સૂચિત પુસ્તકો

૧. "કાવ્યવિચાર" : સુરેન્દ્રનાથ દાસગુપ્તા, અનુ. નગીનદાસ પારેખ
૨. "Making of Literature" by Scott James
૩. "Critical Approach to Literature" by David Daiches
૪. "અભિનવગુપ્તનો રસવિચાર અને બીજા લેખો" : નગીનદાસ પારેખ

પ્રશ્નપત્ર ૩ : નીચેની પ્રશિષ્ટ કૃતિઓનો અભ્યાસ

(અ) ૧. "પૃથ્વીચંદ્રચરિત્ર" : માણિક્યચંદ્રસૂરિ
૨. "પ્રેમપચ્ચીસી" : વિશ્વનાથ જાની
૩. "રસિકવલ્લભ" : દયારામ

(બ) ૪. "કાવ્યતત્ત્વવિચાર" : આ. બા. ધ્રુવ
૫. "કેટલાંક કાવ્યો" : સુંદરમ્ (નિરંજન ભગત સંપાદિત)
૬. "અશ્રુધર" : રાવજી પટેલ

એમ.એ.—ભાગ ૨ (૧૯૭૫)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૪ : બે ગ્રંથકારોનો તલસ્પર્શી અભ્યાસ

મધ્યકાલ : ભાલણ
અર્વાચીન યુગ : નાનાલાલ

મુદ્દાઓ :

(અ) લેખકના જન્મસમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ, લેખકના વ્યક્તિત્વનું ઘડતર

(બ) સાહિત્યિક કાર્ય—મુખ્ય કૃતિઓ

(ક) લેખક તરીકેની વિશેષતાઓ—લેખકનાં સાહિત્યિક કાર્યનો પ્રભાવ—ઐતિહાસિક અને તાત્ત્વિક દૃષ્ટિએ એના સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન.

પ્રશ્નપત્ર ૫

૧. ગુજરાતી ભાષાવૈજ્ઞાનિક અધ્યયન

ખંડ પહેલો : ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય ... ૩૪ ગુણ
ખંડ બીજો : ગુજરાતી ભાષાનો ઇતિહાસ ... ૩૪ ગુણ
ખંડ ત્રીજો : અર્વાચીન ગુજરાતી ભાષા ... ૩૨ ગુણ

સૂચિત સાધનસામગ્રી

ખંડ પહેલો : ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય.

૨. ભાષાવિજ્ઞાનનો પ્રદેશ અને વિષય, ભાષાની વ્યાખ્યા, ભાષાવિજ્ઞાનની શાખાઓ, ભાષાવિજ્ઞાનના ઇતિહાસની રૂપરેખા

સૂચિત પુસ્તકો

૧. "ધી સ્ટડી ઑફ લૅંગ્વેજ" : જે. બી. કેરોલ, ૧૯૬૧, હાવર્ડ યુનિ. પ્રેસ, કેમ્બ્રિજ, પૃ. ૧ થી ૬૮
૨. "લિંગ્વિસ્ટિક્સ--સ્ટડી ઑફ લૅંગ્વેજ" : સી. સી. ફ્રાઈસ, ૧૯૬૪ હોલ્ટ રાઈન હાર્ટ ઍન્ડ વિન્સ્ટન ઇન્કો, લંડન--ન્યૂયોર્ક

સૂચિત પુસ્તકો

૧. "ઇન્ટ્રોડક્ટરી લિંગ્વિસ્ટિક્સ" : આર. હૉલ
૨. "ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન" : પ્ર. બે. પંડિત, ૧૯૬૬ (ગુજરાત યુનિ., અમદાવાદ)
૩. "ભાષાવિજ્ઞાન", ખંડ ૧ : કે. બી. વ્યાસ, ૧૯૬૪ એન. એમ. ત્રિપાઠી (પ્રા). લિ., પૃ. ૧૦૪થી ૧૯૮, મુંબઈ.

૩. ઐતિહાસિક ભાષાવિજ્ઞાન

ભાષાઓનું આનુવંશિક અને પ્રકૃતિનિષ્ઠ વર્ગીકરણ, લેખનસામગ્રી અને લિપિઓ, તુલનાત્મક પદ્ધતિ અને આંતરિક પુનર્ઘટનાની પદ્ધતિ, ભાષાનું સ્વરૂપવૈવિધ્ય, બોલીઓ, ભાષાભૂગોળ, ભાષાપરિવર્તન, ધ્વનિતંત્રનું (સાદૃશ્યમૂલક) અર્થનું પરિવર્તન, ભાષાઓનો પારસ્પરિક પ્રભાવ, આદાનપ્રદાન.

સૂચિત પુસ્તકો

૧. "હિસ્ટોરિકલ લિંગ્વિસ્ટિક્સ" : ડબલ્યુ. પી. લેમન, ૧૯૬૩, હોલ્ટ રાઈન હાર્ટ એન્ડ વિન્સ્ટન, ન્યૂયોર્ક
૨. "ભાષાવિજ્ઞાન", ખંડ ૧, પૃ. ૩૭૭થી ૪૨૪ : કે. બી. વ્યાસ
૩. "શબ્દ અને અર્થ", ૨૭થી ૧૦૬ અને ૧૫૬ : ભો. જે. સાંડેસરા, ૧૯૫૪, મુંબઈ યુનિવર્સિટી
૪. "ગુજરાતી ભાષાનો વિકાસ" : કે. કા. શાસ્ત્રી.

ખંડ બીજો : "ગુજરાતી ભાષાનો ઇતિહાસ"

૧. પ્રાચીન ભારતીય આર્યભૂમિકાથી મધ્યમ ભારતીય આર્યભૂમિકા, ધ્વનિવિકાસ અને વ્યાકરણમૂલક પરિવર્તન, અપભ્રંશનું સ્વરૂપ વૈશિષ્ટ્ય અને ગુજરાતી સાથેનો સંબંધ.

સૂચિત પુસ્તકો

૧. "ધી લૅંગ્વેજ ઑફ ગુજરાત" (પૃ. ૯ થી ૧૩) : ટી. એન. દવે, ૧૯૬૪ (ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ)
૨. "અનુશીલનો" (પૃ. ૩૧—૬૯) : હ. ચૂ. ભાયાણી (૧૯૬૪, પોપ્યુલર બુક ડીપો, સુરત)

૨. મધ્યમ ભારતીય આર્યભૂમિકાથી અર્વાચીન આર્યભૂમિકા, ધ્વનિવિકાસ અને વ્યાકરણમૂલક પરિવર્તન.

સૂચિત પુસ્તકો

૧. "ગુજરાતી ફોનોલોજી" : આર. એલ. ટર્નર (ઓલ્ડ)
૨. "સમ નોટ્સ ઑન ઓલ્ડ વેસ્ટર્ન રાજસ્થાની : એલ. પી. તેસ્સિતોરી
૩. "સ્ટડી ઑફ ગુજરાતી લૅંગ્વેજ" (પૃ. ૨ થી ૭૧) : ટી. એન. દવે (ધી રોયલ એશિયાટિક સોસાયટી, લંડન)
૪. "ભારતીય આર્યભાષા અને હિન્દી" : સુનીતિકુમાર ચેટરજી (અનુ. ભો. જે. સાંડેસરા) (ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. ૧લું આખ્યાન)
૫. "ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર" : એન. બી. દિવેટિયા (ઉત્સર્ગો)
૬. "ધી લૅંગ્વેજ ઑફ ગુજરાત" (પૃ. ૧૩ થી ૩૬) : ટી. એન. દવે
૭. "અનુશીલનો" (પૃ. ૧૩૭—૧૭૬) : હ. ચૂ. ભાયાણી.

ખંડ ત્રીજો : અર્વાચીન ગુજરાતી ભાષા

(૧) અર્વાચીન ગુજરાતી ભાષા ધ્વનિતંત્ર, રૂપતંત્ર વાક્યતંત્ર

સૂચિત પુસ્તકો

૧. "લૅંગ્વેજ ઑફ ગુજરાત", પૃ. ૩૬થી ૫૧ : ટી. એન. દવે
૨. "ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન" : પ્ર. બે. પંડિત
૩. "અનુશીલનો", પૃ. ૧૮૩થી ૧૯૧ અને ૨૧૦થી ૨૧૯ : હ. ચૂ. ભાયાણી

(૨) ગુજરાતીનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન

નરસિંહરાવની પહેલાં ટર્નર, નરસિંહરાવ અને તેસિતોરીનો ફાળો, અન્ય વિદ્વાનોનું કાર્ય

સૂચિત પુસ્તકો

૧. "ગુજરાતી લેંગ્વેજ અૅન્ડ લિટરેચર", ભાગ ૧ (પૃ. ૧૦૨થી ૧૦૭)

૨. "ગુજરાતી ભાષાશાસ્ત્રના વિકાસની રૂપરેખા" : કે. બી. વ્યાસ

૩. ગુજરાતી સંશોધનમંડળનું ત્રૈમાસિક—૮, ૧૪, ૧૯૪૬ (પૃ. ૩૩થી ૪૬)

પ્રશ્નપત્ર ૬

(અ) 'સરસ્વતીચંદ્ર'—ભાગ ૪ (ઉત્તરાર્ધ)	... ૨૫ ગુણ
(બ) નિબંધ	... ૩૦ ગુણ
(ક) અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર	... ૨૦ ગુણ
(ડ) કોઈ એક કાવ્યકૃતિનું વિવેચન	... ૨૫ ગુણ

સૂચના.—આ પ્રશ્નપત્રમાં નિબંધ, ભાષાંતર તથા કાવ્યકૃતિનું વિવેચન એમ પ્રત્યેક વિશે દસ લખાણો, આ પરીક્ષામાં બેસવાની યોગ્યતા પ્રમાણિત કરવા માટે વિદ્યાર્થીઓ કરેલાં હોય તે આવશ્યક છે. પ્રોફેસર-ઇન-ચાર્જનું એ વિશેનું પ્રમાણપત્ર જોડવું આવશ્યક છે.

મરાઠી

પ્રી-યુનિ વિનયન (૧૯૭૪)ની પરીક્ષા માટે

ગદ્ય :

શ. ગો. તુળપુળે—મરાઠી નિબંધકાર

પદ્ય :

મંગેશ પાડગાંવકર—જિપ્સી.

(૩) મનોવિજ્ઞાન વિષયમાં એમ.એ., ભાગ ૨ની પરીક્ષામાં ડિઝર્ટેશન ઉપર મૌખિક પરીક્ષા લેવાનું અને તે માર્ચ–એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી અમલમાં મૂકી તે મુજબ રેગ્યુ. એમ.એ. ૭માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં નીચે મુજબ સુધારો કર્યાના :

(A) Compulsory

Dissertation on a project to be approved by the Head of the Department and Viva ... 100 marks

This will be evaluated as part of Final Examination at the end of the year by the University Examiners. The dissertation should be submitted to the University for assessment before the end of February of the academic year in which the candidate is due to appear for the examination. There will be a viva-voce examination based on the dissertation but to pass in dissertation and viva, dissertation and the viva-voce based on it will comprise one combined head of passing.

A candidate who fails in the examination, but passes in dissertation and viva only and if he reappears for written paper examination within two years of the failure need not resubmit the dissertation and the marks obtained by him in dissertation and viva will be carried over.

(૪) ઈન્ટર ફાર્મસી પાસ થયેલ વિદ્યાર્થીઓને ત્રીજા વર્ષના બી.ફાર્મ.ના અભ્યાસક્રમના (૧) ફોરેન્સિક ફાર્મસી, અને (૨) ડિસ્પેન્સિંગ ફાર્મસી વિષયમાં મુક્તિ આપવા અંગેનો ફાર્મસી ઑર્ડિ. ૧૪-એ નીચે મુજબ ઉમેરી તેને માર્ચ—એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી અમલમાં મૂકવાના :

Pharm. O. 14—A :

Notwithstanding anything contained elsewhere it is hereby provided that the candidates who have passed in the subject of (1) Dispensing Pharmacy, and (2) Forensic Pharmacy in the examination of Inter Pharmacy or Diploma of this University or an equivalent examination of any other statutory University be exempted from appearing in those subjects at the Third B.Pharm. Examination.

(૫) એમ.એ., એમ.એસસી. ભાગ. ૨નો ગણિતનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૩ને બદલે જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવાના;

(૬) ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૫—૩—૧૯૭૩ની સભાની ભલામણ અનુસાર ડિપ્લોમા-ઈન-ફાર્મસીના અભ્યાસક્રમને સુધારેલા રેગ્યુલેશન્સ તરીકે મંજૂર કર્યો લેાઈ, ને મુજબ ડિપ્લોમા-ઈન-ફાર્મસીના અભ્યાસક્રમ અંગેના ફાર્મસી ઑર્ડિનન્સ ૨, ૩, ૪, ૬ અને ૭ તથા ફાર્મસી રેગ્યુલેશન ૩, ૪, ૧૧ અને ૧૨ સુધાર્યાના તથા તે બધા સુધારેલા ઑર્ડિનન્સ અને રેગ્યુલેશન્સ જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાના તથા ફાર્મસી ઑર્ડિ. ૫ તથા ફાર્મસી રેગ્યુલેશન ૧, ૨, ૬, ૯, ૧૦ અને ૧૪ રદ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા માટે તથા મૌખિક પરીક્ષા માટે રેફરીઓની નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
1.	Shri R. M. Oza	Studies in Corrosion and inhibition of Stainless Steel	Dr. J. C. Vora, University School of Sciences, Gujarat University, Ahmedabad-9.	1. Prof. V. Carassiti, Director of the Chemical Institute, University of Ferrara, Millan (Italy). 2. Dr. G. Okamoto, Professor of Electro-Chemistry, Faculty of Technology, University of Hokkaido, Sapporo (Japan). 3. E. H. Phelps, Chief Corrosion Technology Division, Applied Research Laboratory U. S. Steel Corrosion, Monroeville, Pa. (U.S.A.). 4. H. H. Uhlig, Department of Metallurgy & Materials Sciences, Massachusetts Institute of Technology, Cambridge, Massachusetts (U.S.A.). *For Viva* 1. Dr. A. K. Lahiri, Specialist Engineer, Engineers India Ltd., Allahabad Bank Building, Parliament Street, New Delhi.

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. Dr. T. Banerji, National Metallurgical Laboratory, Jamshedpur–7.
				3. Dr. B. Sanyal, Defence Research Laboratory (Materials), Kanpur (U.P.).
2.	Shri M. M. Patel	Studies in corrosion of 63/37 Brass and its inhibition	Dr. J. C. Vora	1. Dr. J. Bambulis, Research Department, Imperial Oil Ltd., Sarmia, Anterio (Canada)
				2. Dr. T. K. Ross, University of Manchester, Institute of Science of Technology, P.O. Box No. 88, Sack Ville Street, Manchester–1 (U.K.).
				3. Dr. J. B. Cotton, Research Laboratories of Imperial Metal Industries (Kynoch) Ltd., Birmingham (U.K.).
				4. Dr. S. C. Britton, Tin Research Institute, Fraser Road, Greenford, Middlesex, Perivale (England), U.K.
				5. Dr. E. Heusler, Maxplank Institute Fur Metallforschung Stuttgart, W. Germany.

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				For Viva-voce 1. Dr. K. Balkrishan, Corrosion Section, Central Electrochemical Research Institute (Tamil Nadu), Karaikudi–3. 2. Dr. K. Seshadri, Associate Director, Central Salt & Marine Chemicals Research Institute, Bhavnagar (Saurashtra). 3. Dr. T. Benerji, National Metallurgical Laboratory, Jamshedpur–7. 4. Dr. T. L. Ramachar, Department of Inorganic Chemistry, Indian Institute of Science, Bangalore. 5. Dr. K. I. Vasu, Secretary Electrical Society of India, Indian Institute of Science, Bangalore–12.
3.	Mr. S. C. Makwana	Studies in Corrosion of Metal (Aluminium 39)	Dr. J. C. Vora	1. Dr. F. Wormwell, National Physical Research Laboratory, Tiddington, Middlesex (U.K.). 2. Dr. F. C. Porter, The British Nonferrous Metal Research Asscciation, 81–91, Buston Street, London N.W. 1. 3. Dr. Eurof Davies, Department of Metallurgy, University of College of Swansea, Singleton Park, Swansea SA 28 pp. Glam.

Sr. No.	*Name of Student*	*Subject*	*Internal Referee*	*External Referees*

4. Dr. J. E. O. Mayne,
Department of Metallurgy,
University of Cambridge,
Pemvoke Street, Cambridge
U.K.

5. Dr. J. B. Cotton,
Research Laboratories of
Imperial Metal Industries
(Kynoch) Ltd.,
Birmingham-6 (U.K.).

For Viva voce

1. Dr. K. I. Vasu,
Secretary Electrochemical
Society of India,
Indian Institute of Science,
Bangalore-12.
2. Dr. P. R. Shibad,
Atomic Energy Establishment,
Trombay, Bombay-85.
3. Dr. N. Subramanyam,
Central Electrochemical
Research Institute,
Karaikudi-3. Tamilnadu.
4. Dr. T. L. Ramachar,
Department of Inorganic
Chemistry, Institute of Science,
Bangalore.
5. Dr. B. C. Kar,
National Metallurgical
Laboratory,
Jamshedpur.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો તપાસવા માટે, તથા તેમની મૌખિક પરીક્ષા માટે રેફરીઓ / મૌખિક પરીક્ષકોની નિમણૂક અંગેની સંબંધકર્તા અભ્યાસસમિતિઓની ભલામણ મુજબ પગલાં લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. ભારતીય સંસ્કૃતિની અભ્યાસસમિતિની તા. ૧૭-૧-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રથમ વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર ૧ તથા ૨માં નીચેનું પુસ્તક સૂચિત પુસ્તકોમાં ઉમેરવું :

૨. છો. પરીખ—'ગુજરાતની રાજધાનીઓ', અમદાવાદ, ૧૮૫૮

(૨) એમ.એ. ભાગ ૧ના ઈન્ડિયન કલ્ચરના પ્રશ્નપત્ર ૪માં નીચેનાં પુસ્તકો સંદર્ભગ્રંથોમાં ઉમેરવાં :

M.A. Part I—Paper IV

Rooks for reference

(3) 'My Religion' : M. K. Gandhi (Navjivan), Ahmedabad, 1955

(4) 'અનાસક્તિયોગ' : મહાત્મા ગાંધી, નવજીવન, અમદાવાદ, ૧૯૬૦

(5) 'The Religion of Man' : Rabindranath Tagore (London), 1931

(6) 'The Riddle of this World' : Shri Aurobindo (Aurobindo Ashram Trust, Pondicherry. 1969)

(7) 'The Ideal of Human Unity' : Shri Aurobindo (Aurobindo Ashram Pondicherry, 1950)

(૩) ઇસ્લામિક કલ્ચરના પ્રથમ વર્ષ બી.એ. તથા દ્વિતીય વર્ષ બી.એ.ના અભ્યાસક્રમનાં સૂચિત પુસ્તકોમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ પુસ્તકો ઉમેરવાં.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(ઇસ્લામિક કલ્ચરના પહેલા અને બીજા વર્ષ બી.એ.ના અભ્યાસક્રમનાં સૂચિત પુસ્તકોની યાદી **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

બાબત નં. ૫ અને ૩૭ની વિચારણા સાથે કરવામાં આવી.

૫. જૂન ૧૯૭૩થી જોડાણ મેળવવા માટે જે સંસ્થાઓએ અરજી કરી છે તે પર યુનિવર્સિટી ધારાની જૂની કલમ ૩૩ મુજબ કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન ૧૯૭૩ના ગુજરાત ઑક્ટ ૬થી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ સુધારાઈ હોઈ સદરહુ સુધારેલ કલમ ૩૩(૭) ને અનુલક્ષીને સદરહુ અરજીઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭—૪—૧૯૭૩ની સભા સમક્ષ વિચારણાર્થે મૂકેલી જે તેને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

૩૭. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાની શિક્ષણની કૉલેજ સાંતેજ મુકામે બેસેડવા તેમજ કાયદાની કૉલેજ નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીના સંચાલન હેઠળ પાટણ મુકામે જૂન ૧૯૭૩થી શરૂ કરવા દેવા અંગે સદરહુ ફાઉન્ડેશનના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૨૧-૪-૧૯૭૩ના પત્રો પર આ કાર્યસૂચીમાં રજૂ થયેલ બાબત નં. ૧૫ના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે પ્રો. અંબુભાઈ દેસાઈ અને શ્રી. નરહરિભાઈ પરીખે મુદ્દો ઉઠાવ્યો કે જે કૉલેજોની જોડાણ અંગેની અરજીઓ અંગેની કાર્યવાહી આ બાબત હેઠળ હાથ ધરવામાં આવી છે તે કૉલેજોમાં જો કોઈ ક્ષતિઓ કે ઊણપો રહેલી હોય તો તે બાબત લક્ષમાં લેવી જોઈએ.

તે પછી ઠરાવવામાં આવ્યું કે જે કેસોમાં યુનિવર્સિટીનું સભાગૃહ ચિંતાની લાગણી અનુભવે છે તે બાબતમાં સક્રિય થવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

તે પછી કૉલેજોની જોડાણઅરજીઓ અંગેની બાબતો એક પછી એક હાથ ધરવામાં આવી અને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં શ્રી. જી. આર. ભાવસારનો કેસ તાકીદે એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો.

૨. બી. ડી. કૉલેજ (ફૉર ગર્લ્સ) અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં શ્રીમતી ભાનુમતીબહેન જાની તથા શ્રીમતી અરુણા દેસાઈની ફરિયાદો એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવી.

૩. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬. ગુજરાત કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૭. એમ. એન. કૉલેજ, વીસનગર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૮. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૯. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહીની શરત નં. ૧ (૩)માં 'ઇતિહાસના વ્યાખ્યાતા'ને બદલે 'ઇતિહાસના પ્રાધ્યાપક' નીમવા એ સુધારા સાથે અન્ય કાર્યવાહી મંજૂર રાખવી.

૧૦. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રા. શાસ્ત્રીની પગારની ચુકવણી અંગેનો કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો.

૧૧. ભવન્સ કૉલેજ, ડાકોર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૨. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રા. વિજયદાસનો કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો.

૧૩. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૪. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૫. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૬. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૭. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૮. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૧૯. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રા. સી. એન. ખત્રીનો કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો.

૨૦. શ્રીમતી એચ. સી. પટેલ (કડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં શ્રી. બી. કે. કાયસ્થના કેસની બાબત એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવી.

૨૧. મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨૨. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨૩. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨૪. શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨૫. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧) અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.
(૨) વધુમાં સામાન્ય ધોરણે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની છાત્રાલય માટેની જોગવાઈ આવશ્યક શરત તરીકે રાખવી નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં પ્રા. સુરેશ દવે તથા પ્રા. રાજેન્દ્ર દવેના કેસો એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવા.

૨૭. એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨૮. નગર પંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૨૯. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૧. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૨. શ્રી. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ)
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૬. વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૭. વિશ્વભારતી કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૮. રમાબેનનારાણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૩૯. શ્રીમતી બી. સી. જમ્બુસવાળા સાયન્સ કૉલેજ, ખંભાત
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૦. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૧. ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૨. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

વધુમાં શ્રી. એન. એચ. પટેલનો કેસ એકિઝકયુટિવ કાઉન્સિલના ધ્યાન પર લાવવો.

૪૩. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૪. શ્રી એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૫. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૬. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૭. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૮. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૪૯. એલ. ડી. કૉલેજ ઑફ એંજિનિયરિંગ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૦. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૧. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૨. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૩. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૪. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ

બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રીનો તા. ૨૧--૪--૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો તેને અનુલક્ષીને સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા અંગેની અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી રદ કરવી અને સદરહુ કૉલેજમાં હાલ ચાલે છે તે મુજબ વિજ્ઞાન અને કાનૂની વિદ્યાશાખાઓવાળી એક કૉલેજ તરીકે શિક્ષણકાર્ય કરવા માટેની તેમની વિનંતી માન્ય રાખવી અને બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ

કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું:

(૧) ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષ વાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વતનર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૫. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ

વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીનો તા. ૨૩--૪--૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. સદરહુ કૉલેજનું વિભાગીકરણ કરવા અંગેની અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી રદ કરવી અને તેને અનુલક્ષીને વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદને સદરહુ કૉલેજમાં હાલ ચાલે છે તે મુજબ વાણિજ્ય અને કાનૂની વિદ્યાશાખાઓવાળી એક જ કૉલેજ તરીકે શિક્ષણકાર્ય કરવા માટેની તેની વિનંતી માન્ય રાખવી.

૫૭. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા

બાબત ક્રમાંક ૫ (૫૭), ૫ (૬૮) અને ૩૭ની વિચારણા સાથે કરવામાં આવી. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાના સંચાલક મંડળ વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદનો મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીનો તા. ૨૩--૪--૧૯૭૩નો પત્ર તથા નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈના મંત્રીશ્રીનો તા. ૨૨--૪--૧૯૭૩નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેને અનુલક્ષીને વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાનું વિભાગીકરણ કરી—

(૧) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણાનું સ્વતંત્ર કૉલેજ તરીકે સંચાલન નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીને સોંપવું અને સદરહુ કૉલેજનું સ્થળાંતર તે જ જિલ્લામાં પાટણ ખાતે કરવા માટે મંજૂરી આપવી; તથા

(૨) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણાને સ્વતંત્ર કૉલેજ તરીકે હાલ સંચાલક મંડળના આશ્રયે તે જ જિલ્લામાં સાંતેજ સ્થળે સ્થળાંતર માટે મંજૂરી આપવી તથા ઉપર (૧)

અને (૨) અંગે અગાઉની કાર્યવાહીમાંની શરતોનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ નવી યોજનાને કારણે કોઈ પણ અધ્યાપકને ફારેગ થવું ન પડે તે જોવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવવું.

૫૮. પ્રાંતીજ તાલુકા કેળવણી મંડળ દ્વારા પ્રાંતીજ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૫૯. સી. બી. દવે કેળવણી ટ્રસ્ટ, દહેગામ દ્વારા દહેગામ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ, અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬૦. શ્રી. આર. જે. દવે આદર્શ કેળવણી ટ્રસ્ટ, નડિયાદ દ્વારા નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬૧. ક્ષત્રિય કેળવણી મંડળ, નડિયાદ દ્વારા નડિયાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬૨. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ દ્વારા દાહોદ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજ

અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી અંગે આ કૉલેજ પછાત વિસ્તારમાં આવી હોઈ પુનર્વિચારણા કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ મુજબ સદરહુ કૉલેજને જોડાણ આપવું.

૬૩. શ્રી લુણાવાડા વિભાગ ઉચ્ચ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા દ્વારા લુણાવાડા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬૪. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા ગોધરા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬૫. ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર દ્વારા આદિપુર ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ

અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી અંગે આ કૉલેજમાં હિન્દી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની સદરહુ સંસ્થાની વિશિષ્ટ જોગવાઈના અનુસંધાનમાં પુનર્વિચારણા કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુર દ્વારા આદિપુર ખાતે જૂન ૧૯૭૩થી શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના વ્યાખ્યાતા
(૪) હિંદીના વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૮) વ્યાયામ શિક્ષક
(૯) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગ ખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પ્રયોગશાળા માટેના ખંડો
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડના લાભ આપવામાં આવે;

૮. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી ચૅરિટી કમિશનરનું / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૬૬. શ્રી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા દ્વારા મોડાસા ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજ

અગાઉ કરેલ જોડાણ અંગેની કાર્યવાહી પર, સાબરકાંઠા જિલ્લામાં આ એકમાત્ર લૉ કૉલેજ થતી હોઈ પુનર્વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા દ્વારા શરૂ કરાનાર કાયદાની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૨) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) પ્રત્યેક વિદ્યાશાખામાં ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ, અને
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ઓછામાં ઓછા ૧૦૦ ચો. વાર ક્ષેત્રફળવાળા ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૯. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું ચૅરિટી કમિશનર / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૬૭. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા શરૂ કરાનારી કાયદાની કૉલેજ

અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી પર, પંચમહાલ જિલ્લામાં આ એકમાત્ર લૉ કૉલેજ થતી હોઈ પુનર્વિચારણા કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા દ્વારા ગોધરા ખાતે શરૂ કરાનાર કાયદા તી કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિત-ની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું જોડાણ આપવું :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) એક વ્યાખ્યાતા
(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતાઓ
(૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનથી બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ઓછામાં ઓછા ૧૦૦ ચો. વાર ક્ષેત્રફળવાળા ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૯. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી ચૅરિટી કમિશનર/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૬૮. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા શરૂ કરાનાર કાયદાની કૉલેજ
આ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૫ (૫૭) સાથે કરી લેઈ જેનો ઠરાવ તે જગ્યાએ આપ્યો છે.

૬૯. માનવ મંદિર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા શરૂ કરાનાર કાયદાની કૉલેજ
અગાઉ કરેલ જોડાણ કાર્યવાહી મંજૂર રાખવી.

૬. સેનેટની તા. ૨૯/૩૦—૯—૧૯૭૧ની તથા તા. ૮—૧—૧૯૭૨ની સભાએ કૉલેજ કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા સિવાય જોવા દેવાની છૂટ આપવાની વિનંતી સિન્ડિકેટની તા. ૮/૯—૭—૧૯૭૨ની સભાએ મંજૂર રાખેલ તેને અનુલક્ષીને નીચે મુજબનો નિયમ આંતરિક ગુણાંકનને લગતા રેગ્યુ. જન-૧માં ઉમેરવાના પ્રસ્તાવ અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૮—૧—૧૯૭૩ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટની તા. ૧૭—૨—૧૯૭૩ની સભાએ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

R. Arts-Sc.—Com. Gen. 1 (*vii*) :

"The candidate will be allowed to see their own answerscript in a college on request within fifteen days, after the test examination is over without any charge."

એકેડેમિક કાઉન્સિલની તા. ૮-૧-૧૯૭૩ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

સદરહુ બાબત અંગે આ સભાગૃહે તેની તા. ૮--૧--૧૯૭૩ની સભામાં કરેલી ભલામણ અંગે પુનર્વિચારણા કરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

તે પછી બાબત નં. ૭ અને ૧૫ પરની વિચારણા સાથે કરવામાં આવી.

૭. આ યુનિવર્સિટી દ્વારા બધી જ પરીક્ષાઓ લેવાય છે તેને બદલે અમુક જ પરીક્ષાઓ લેવી જોઈએ તેવું સૂચવતા શ્રી. એસ. બી. વોરાના તા. ૧૯—૩—૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧૫. ગુજરાત રાજ્યના કુલપતિશ્રીઓની તા. ૯—૪—૧૯૭૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"નોકરીની પસંદગી અર્થે પ્રારંભિત થયેલી બાહ્ય પરીક્ષાઓની ઉપયોગિતાનો કાળ હવે વીતી ગયો છે અને યુનિવર્સિટી કક્ષાએ જે શીખવે તે મૂલ્યાંકન કરે તેવો સિદ્ધાંત વિશ્વભરમાં સ્વીકૃત થયો છે. યુનેસ્કોનો છેલ્લો અહેવાલ 'learning to be' પણ આ જ વાત પર ભાર મૂકે છે ત્યારે ગુજરાતના કુલપતિઓની આ સભા ભલામણ કરે છે કે ત્રિવાર્ષિક સઘન ડિગ્રી અભ્યાસક્રમની મૂળ સંકલ્પના પ્રમાણે ડિગ્રી કક્ષાએ યુનિવર્સિટીએ ખાસ અંતિમ ડિગ્રી પરીક્ષા લેવી અને એફ.વાય., એસ.વાય.ની પરીક્ષાનું મૂલ્યાંકન કૉલેજે પોતે સેમેસ્ટર ને ક્રેડિટ-યુનિટ મૂલ્યાંકન પદ્ધતિએ કરે તેવું ગોઠવવું. આ માટે આવશ્યક પાઠયક્રમ-સુધારણા કરવી. આમ કરીએ એટલે યુનિવર્સિટીએ પ્રેપરેટરી અને ડિગ્રી એમ બે જ પરીક્ષા લેવાની રહે અને બે પરીક્ષા કૉલેજો લે. પરિણામે શિક્ષણ સત્ર ૧૫ માર્ચને બદલે એપ્રિલ અંત્યવ સુધી લઈ જવાય તેવી શક્યતા ઊભી થાય. વિસ્તૃત થયેલ સત્ર-ગાળાનો ઉપયોગ કૉલેજો પોતાના શિક્ષણ-મૂલ્યાંકન માટે યથેચ્છ કરે તેવી ગોઠવણ વિચારી શકાય."

તે પછી ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં શિક્ષણનું ધોરણ ઊંચું આવે તે ધ્યેય નજરમાં રાખીને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પરીક્ષા પદ્ધતિ અને તે અંગેની સમગ્ર પ્રક્રિયા પર વિગતે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
(૩) વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ
(૪) સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ
(૫) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ
(૬) ભાષા-ભવનના અધ્યક્ષ
(૭) મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ
(૮) આચાર્ય યશવંતભાઈ પ્રા. શુકલ
(૯) ડૉ. લીલાબહેન શાહ
(૧૦) પ્રો. એસ. બી. વોરા
(૧૧) શ્રી. નરહરિ પરીખ
(૧૨) શ્રી. રમેશ શાહ.

૮. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૯-૯—૧૯૭૨ તથા તા. ૭—૧૦—૧૯૭૨ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"પોસ્ટ-ગ્રેજ્યુએટ લેવલની પેનલ માટે પાંચ વર્ષનો અનુભવ થનેા હોય તેમનો ઉલ્લેખ જુદી પેનલમાં કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ સ્વીકારી શકાય એમ નથી.

૯. એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલા જે વિદ્યાર્થીઓ, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય અને પ્રથમ વર્ષ ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમમાં દાખલ થાય તેમને માટે પ્રી-યુનિવર્સિટીના વર્ગમાં અંગ્રેજીનો એક તાસ (પીરિયડ) વધારે રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨—૨—૧૯૭૩ની સભાની ભલામણ સિન્ડિકેટની તા. ૧૧—૩—૧૯૭૩ની સભાએ અંગ્રેજીના એક તાસને બદલે વધુ એક પ્રશ્નપત્રના શિક્ષણની જોગવાઈ કરવાના સૂચન સાથે એકેડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૪૨-એ નીચે ટાંકી છે:

Eligibility for Enrolment without passing examination in English

42-A. No student shall be ineligible for enrolment as a student of the University merely on the ground that he has not passed the examination, which he is required to pass for such enrolment, with English as one of its subjects.]

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૨--એ અન્વયે સદરહુ બાબત પરત્વે પુનર્વિચારણા કર્યા પછી પણ આ સભાગૃહે તેનો તા. ૧૨--૨--૧૯૭૩ની સભામાં બાબત ક્રમાંક ૨૭ અને ૨૮થી નીચે મુજબ જે ભલામણ નં. ૨ કરેલી છે તેમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને જણાવીને તે મુજબ હવે તાત્કાલિક જરૂરી વ્યવસ્થા કરવા માટે ભલામણ કરવી :

"એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલ જે વિદ્યાર્થીઓ વિનયન, વિજ્ઞાન વાણિજ્ય કે ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમમાં દાખલ થાય તેમને માટે પ્રી-યુનિવર્સિટીના પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસીના વર્ગમાં અંગ્રેજીનો એક તાસ (period) વધારે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૧૦. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮/૨૯—૩—૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"હાલની સંલગ્ન કૉલેજોમાં ૩ અથવા ૪ કસોટીઓ લેવાની પ્રથા છે તેના બદલે દરેક સત્રમાં એક ત્રણ કલાકની કસોટી, એ પ્રમાણે વર્ષમાં બે કસોટી લેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટની ઉપરની ભલામણ સ્વીકારવી અને રેગ્યુ. આર્ટ્સ (જન.) ૧, રેગ્યુ. આર્ટ્સ ૧, રેગ્યુ. આર્ટ્સ ૬, રેગ્યુ. આર્ટ્સ ૧૧, રેગ્યુ. પ્રી-સાયન્સ ૧, રેગ્યુ. સાયન્સ ૧, રેગ્યુ. સાયન્સ ૮, રેગ્યુ. સાયન્સ ૧૪, રેગ્યુ.પ્રી-કૉમ.૧, રેગ્યુ. કૉમ. ૧, રેગ્યુ. કૉમ. ૭ અને રેગ્યુ. કૉમ. ૧૨ સુધારવા.

૧૧. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮/૨૯—૩—૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલ નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ જરૂરી પગલાં લેવા વિચારણા કરવા બાબત :

"ગુજરાત એક સરહદી રાજ્ય છે. દેશના સંરક્ષણ બાબત ગુજરાત વિશેષ જાગ્રત બને અને તેમાં ગુજરાત યુનિવર્સિટી એનો ફાળો આપે તે ખૂબ જરૂરી છે.

આ સંદર્ભમાં આ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે સેનાવિજ્ઞાન—'મિલિટરી સાયન્સ' જેવો વૈકલ્પિક વિષય શરૂ કરવાની જરૂર છે, તેથી સેનેટની આ સભા 'સેનાવિજ્ઞાન'નો વિષય દાખલ કરવા અને તેનો અભ્યાસક્રમ ઘડી કાઢવા અસરકારક પગલાં લેવા સંબંધકર્તા સત્તામંડળોને અનુરોધ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કોર્ટની ઉપરની ભલામણ સ્વીકારવા અને તે મુજબ સેનાવિજ્ઞાનનો વિષય દાખલ કરવા માટે અભ્યાસક્રમ, પ્રવેશપાત્રતાનાં ધોરણો, ઉત્તીર્ણતાનાં ધોરણો તથા અન્ય સંબંધકર્તા વિગતો અંગે જરૂરી ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ગુજરાત રાજ્યના એન.સી.સી.ના ડિરેક્ટર
(૨) ડૉ. કે. જી. પ્રભુ
(૩) લે. કર્નલ એન. કે. અંકલેસરિયા (દલાલ બિલ્ડિંગ, મિરજાપુર રોડ, અમદાવાદ)
(૪) આચાર્ય એમ. ડી. ભટ્ટ
(૫) આચાર્ય કે. એમ. આચાર્ય
(૬) મેજર બળવંતભાઈ ભટ્ટ.

૧૨. વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કોરસ્પોન્ડન્સ કોર્સ) દાખલ કરવાની એકૅડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટ(હવે એકિઝકયુટિવ કાઉન્સિલ)ની ભલામણ યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮/૨૯-૩-૧૯૭૩ની સભામાં આખી યોજના વિગતે તૈયાર કરીને રજૂ કરવાના સૂચન સાથે એકૅડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે બાબતમાં જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૨) આચાર્ય ય. પ્રા. શુકલ
(૩) ડૉ. કે. જી. દેસાઈ
(૪) આચાર્ય દર્શનસિંગ શીખ
(૫) શ્રી. નરહરિભાઈ પરીખ
(૬) પ્રો. અંબુભાઈ દેસાઈ.

૧૩. બી.એસસી.(ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરેપી)નો અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ સ્થાપવાની એકૅડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટ(હવે એકિઝકયુટિવ કાઉન્સિલ)ની ભલામણ યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮/૨૯-૩-૧૯૭૩ની સભામાં મંજૂર કરેલી હોઈ તેને અનુલક્ષીને જરૂરી અભ્યાસક્રમ ઘડવા અંગે આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરેપીના વિષયમાં અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા-માં આવ્યો છે તેનું નામાભિધાન બદલીને હવે બી.એસસી. (ઓડિયોલોજી ઍન્ડ સ્પીચ થેરેપી) નામાભિધાન રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને ડિપ્લોમા માટેનો અભ્યાસક્રમ બી.એસસી.ની પદવી માટે મંજૂર કરવો.

૧૪. યુનિવર્સિટી કોર્ટ તેની તા. ૨૭/૨૮/૨૯-૩-૧૯૭૩ની વાર્ષિક સભામાં અર્થશાસ્ત્ર તથા સહકારની અભ્યાસસમિતિએ સંયુકત કરવાના સૂચન સાથે સ્ટે. ૧૦૮ પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં બાબત નં. ૧૯થી નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૫. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન "શ્રી એલ. યુ. કૉલેજ ફોર વિમેન" અમદાવાદની જૂન ૧૯૭૩થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ માટેની અરજી પર યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૩૩ (૧૦) હેઠળ વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચાવિચારણાના સંદર્ભમાં એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના કુલસચિવશ્રીનો તા. ૩-૪-૧૯૭૩નો પત્ર જે સભ્યોને અગાઉથી પરિપત્રિત કરવામાં આવ્યો હતો તે પણ ધ્યાનમાં લેવામાં આવ્યો તથા કુલપતિશ્રીએ તે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ સાથે પોતાને થયેલ વિચારવિનિમયનો પણ સભ્યોને ખ્યાલ આપ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૩ના ગુજરાત ઍક્ટ નં. ૬થી સુધારેલી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની

પેટાકલમ (૧૦) અન્વયે વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે શ્રી લાલશંકર ઉમિયાશંકર કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ શિક્ષકવર્ગની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ તથા બી.એ.(સબ.)માં અંગ્રેજી ઇતિહાસ, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અને ભારતીય સંસ્કૃતિના તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૩થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય

(૨) વિનયન વિદ્યાશાખા માટે યુનિવર્સિટીના અભ્યાસક્રમ અને જોડાણના વિષયોના સંદર્ભમાં ઑ. ૧૨૦-એ માં નિર્દિષ્ટ જરૂરિયાતો અને કાર્યભાર મુજબ જરૂરી નિમણૂકો કરવામાં આવે

(૩) શિક્ષણની વિદ્યાશાખા માટે વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૧૦ : ૧ પ્રમાણે જળવાય અને પ્રાધ્યાપક, વ્યાખ્યાતા અને ટયૂટરનું પ્રમાણ ૨ : ૫ : ૩નું જળવાય તેમ નિમણૂકો કરવામાં આવે તથા કન્ટેન્ટ અને વિષય પદ્ધતિઓ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે

(૪) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક, અને

(૫) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ,

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે અલગ વ્યાખ્યાતા નીમવાની જરૂર રહેશે નહીં.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગ ખંડો અને ટયુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (કૉલેજની કુલ વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓને ચાલી શકે તેવો—સંલગ્ન શૌચાલય વિ. ની સુવિધા સહિતનો)

(૫) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)

(૬) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ

(૭) ઓછામાં ઓછી ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થિની દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાંચનખંડ કે વાંચનખંડો સહિત ગ્રંથાલય

(૮) આચાર્ય માટેનો ખંડ

(૯) પીવાના પાણીનો ખંડ

(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા કુલ રૂ. ૧૦,૦૦૦ની કિંમતનાં શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય સાધનો વસાવવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના શિક્ષકગણની પાત્રતા અંગે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં કોઈ શિક્ષક કે શિક્ષકોની બાબતમાં કશી ઊણપ વર્તાય તો ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો ન થાય તે રીતે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં સદરહુ શિક્ષકોને માટે જરૂરી છૂટછાટ આપવામાં આવે જેથી કોઈ શિક્ષકને ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો થાય નહીં.

૧૭. ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી, ખંભાત સંચાલિત અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન વિનયન કૉલેજ, ખંભાત જૂન ૧૯૭૩થી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ માટેની અરજી પર યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૩૩ (૧૦) હેઠળ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**નોંધ.**—સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યા બાદ સદરહુ કૉલેજે પોતાની જોડાણઅરજી પાછી ખેંચવાની જાણ કરી હતી.)

૧૮. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર સંચાલિત અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્ન શ્રીમતી ચંદનબાઈ ચિમનલાલ મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગરની ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ માટેની અરજી પર યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૩૩ (૧૦) હેઠળ વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચાવિચારણાના સંદર્ભમાં એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના કુલસચિવશ્રીનો તા. ૩-૪-૧૯૭૩નો પત્ર જે સભ્યોને અગાઉથી પરિપત્રિત કરવામાં આવ્યો હતો તે પણ ધ્યાનમાં લેવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬ થી સુધારેલી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૧૦) અન્વયે વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ

સંયોજિત ચંદનબહેન ચિમનલાલ મહિલા કૉલેજ, વીસનગર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને ઈતિહાસ તથા બી.એ. (સબો.)માં હિંદી, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૩થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય;

(૨) યુનિવર્સિટીના અભ્યાસક્રમ અને જોડાણના વિષયોના સંદર્ભમાં ઑ. ૧૨૦--એ માં નિર્દિષ્ટ કરેલ જરૂરિયાત અને કાર્યભાર મુજબ જરૂરી શિક્ષકગણની નિમણૂકો કરવામાં આવે

(૩) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક

(૪) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટયુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (કૉલેજની કુલ વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓને ચાલી શકે તેવો—સંલગ્ન શૌચાલય વિ.ની સુવિધા સહિતનો)

(૫) ઓછામાં ઓછી ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થિની દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૬) આચાર્ય માટેનો અલાયદો ખંડ

(૭) પીવાના પાણીના ખંડ

(૮) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. 3,૦૦૦ ના આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગા હોવી આવશ્યક ગણાશે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના શિક્ષકગણની પાત્રતા અંગે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં કોઈ શિક્ષક કે શિક્ષકોની બાબતમાં કશી ઊણપ વર્તાય તો ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો ન થાય તે રીતે આ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં સદરહુ શિક્ષકોને માટે જરૂરી છૂટછાટ આપવામાં આવે જેથી કોઈ શિક્ષકને ફારેગ કરવાનો પ્રશ્ન ઊભો થાય નહીં.

૧૯. સેનેટે તેની તા. ૨૯/૩૦—૯—૧૯૭૧ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલા ઑર્ડિ. ૧૨૦—બીમાં કશો ફેરફાર નહીં કરવા અંગેની એકૅડેમિક કાઉન્સિલની તા. ૫/૬—૧—૧૯૭૨ની તથા સિન્ડિકેટની તા. ૧૦—૩—૧૯૭૨ની સભાની ભલામણ સેનેટની તા. ૯/૧૦—૧૦—૧૯૭૨ના રોજ મળેલ ખાસ સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે તથા આચાર્ય એલ. ડી. દવેનો નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨—૧૧—૧૯૭૨ની સભામાં એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત:

આચાર્ય એલ. ડી. દવેનો પ્રસ્તાવ

"ઑક્ટોબર ૯-૧૦ની સેનેટમાં રિફર-બૅક થયેલા ઑર્ડિ. ૧૨૦-બી અંગેના ઠરાવ ૪ના સંદર્ભમાં હું નીચેનો ઠરાવ સિન્ડિકેટની આગામી સભા સમક્ષ વિચારણા માટે મૂકું છું:

O. 120–B :

(*i*) There shall not be more than 1200 students in a college.

(*ii*) There shall not be more than two Faculty units in a college.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1200 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 100 students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of not more than 10 students in a class or a division thereof subject to a maximum total of 1200 students as mentioned in (*i*) and (*ii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not, at any of the stages, viz. either Pre-University Class or F.Y. Class, be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as doesn ot exceed thirty per cent of the maximum permissible in a class or in any division thereof."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. હાયર સેકન્ડરી પ્રવેશ માટે અને યુનિવર્સિટી કક્ષા સુધીની કેળવણી માટે ૧૦+૨+૩ વર્ષની તરાહ માટેની ભલામણ કરતા રાજ્ય સલાહકાર પરિષદના ઠરાવના સંદર્ભમાં તેમ જ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં સેવા આપવા માટે માધ્યમિક શિક્ષકોએ પોતપોતાના વિષયમાં અનુસ્નાતક કક્ષાની લાયકાત ધારણ કરવી જોઈએ એવી એક પૂર્વશરતના સંદર્ભમાં રાજ્યની હાઈસ્કૂલોમાં કામ કરતા શિક્ષકોને સેવાકાલીન અને વૅકેશનના વર્ગો દ્વારા અનુસ્નાતક શિક્ષણ આપવાની યોજના અંગે વિચારણા કરવા ગુજરાત રાજ્યની બધી યુનિવર્સિટીઓની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના ડીનોની તથા અન્ય નિષ્ણાતોની સભામાં નીમેલ જુદી જુદી વિદ્યાશાખાઓના અનુસ્નાતક અભ્યાસક્રમ માટેની સમિતિઓ પૈકી નીચે જણાવેલી સમિતિઓના અધ્યક્ષ તરફથી આવેલ અહેવાલો પર વિચારણા કરવા બાબત :

(૧) વિનયન વિદ્યાશાખાના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની સમિતિનો અહેવાલ.

(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની સમિતિનો અહેવાલ.

(૩) વાણિજ્ય વિદ્યાશાખાના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની સમિતિનો અહેવાલ.

(૪) પ્રવેશનાં ધોરણો અંગેની સમિતિનો અહેવાલ.

(**તા.ક.**—આ અભ્યાસ સફળ રીતે પૂર્ણ કરનારને 'પી.-જી. ડિપ્લોમા ઇન ટીચર્સ' આપવો તેવું સૂચન છે.)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે હાયર સેકન્ડરીની પરીક્ષા માટે નવી શિક્ષણ-તરાહના સંદર્ભમાં સબંધ-કર્તા વિદ્યાશાખાઓ અને તેના વિષયોમાં એક Post-graduate Diploma for Teachers સ્થાપવા માટે તથા આ ડિપ્લોમાના શિક્ષણ માટે નીચે મુજબ વ્યવસ્થા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકો પૈકી જેઓ ઓછામાં ઓછી સ્નાતકની પદવી અને પાંચ વર્ષનો કોઈ વિષયનો એસ.એસ.સી. વર્ગનો શિક્ષણકાર્યનો અનુભવ ધરાવતા હોય તેમને આ અભ્યાસક્રમમાં તે વિષય માટે પ્રવેશપાત્ર ગણવા તથા તેમને માટે ઉનાળાની ત્રણ વૅકેશનો તથા દિવાળીની ત્રણ વૅકેશનો એમ કુલ ૬ વૅકેશનોમાં વર્ગોનું આયોજન જે તે વિષયના યુનિવર્સિટી-ના અનુસ્નાતક વિભાગમાં કે અનુસ્નાતક કેન્દ્રમાં કરવાનું રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આ અભ્યાસક્રમના આયોજન માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મેળવવા માટે તજવીજ કરવી.

૨૧. નીચે જણાવેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી અંગેના મહાનિબંધ તપાસવા માટે નિમાયેલા રેફરીઓના અહેવાલોની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય
(૧)	કુ. જાની વંદના મહેન્દ્રભાઈ	વનસ્પતિશાસ્ત્ર
(૨)	શ્રી. ત્રિવેદી પ્રમોદચંદ્ર અંબાલાલ	એજ્યુકેશન
(૩)	શ્રી. ઓઝા રોહિત મહેન્દ્રભાઈ	વનસ્પતિશાસ્ત્ર
(૪)	શ્રી. જોશી ભગવાન શંકરરાવ	રસાયણશાસ્ત્ર
(૫)	શ્રી. શાહ રસિકલાલ અંબાલાલ	,,
(૬)	શ્રી. હઝારી અમૃતલાલ મણિલાલ	,,
(૭)	શ્રી. ભાયાણી અનુપચંદ્ર પુરુષોત્તમ	હિંદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભામાં ચાર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ તૈયાર કરવા માટે નીમેલી સમિતિએ નીચેના વધારાના અનુસ્નાતક ડિપ્લોમાના સૂચવેલ અભ્યાસ-ક્રમો પર વિચારણા કરવા બાબત

(1) Two years' Diploma Course in Audiology and Speech Therapy (D.A.S.T.)

(2) Two years' Diploma Course in Medical and Social Psychology (D.M.& S.P.)

(3) One-year Diploma Course in Psychiatric Nursing (D.P.N.).

આથી ઠરાવવામાં આવે છે કે ઠરાવ ક્રમાંક ૧૩થી ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરેપીનો અભ્યાસક્રમ મંજૂર થઈ ગયો હોઈ બાકીના નીચેના અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમો મંજૂર કરવા :

(1) Two years' Diploma Course in Medical and Social Psychology (D.M. & S.P.)

(2) One-year Diploma Course in Psychiatric Nursing (D.P.N.)

(મંજૂર કરવામાં આવેલ ઉપરના ત્રણે ડિપ્લોમાના અભ્યાસક્રમોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૨૩ અને ૩૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૩. ગુજરાત એકટ નં. ૬, ૧૯૭૩ની કલમ ૪૨-એ અન્વયે એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય વિના ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપવામાં આવનાર છે તો તેના સંદર્ભમાં બીજી યુનિવર્સિટી-બોર્ડની પરીક્ષાઓની સમકક્ષતા અંગે વિચારણા કરવા બાબત.

૩૬. ગુજરાત એકટ નં. ૬થી ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઉમેરાયેલી કલમ ૪૨--એના સંદર્ભમાં નીચેનો રેગ્યુ. ૬ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

R. 6 :

The Matriculation or Entrance Examination conducted and controlled directly by a Statutory Indian University will be deemed equivalent to S.S.C. Examination, Poona, if passed with at least 35 % marks in each of the

following subjects : viz., English, an Additional Language, Mathematics, History or Geography and one other subject, or if passed in five or more heads of passing in the first or second division through a school recognised by the University.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીએ અન્ય યુનિવર્સિટીઓ / બોર્ડોની જે પરીક્ષાઓને સમકક્ષતાની માન્યતા આપેલી હોય તે પરીક્ષાઓ ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીઓને, તેઓ તે પરીક્ષામાં અંગ્રેજીના વિષયમાં ઉત્તીર્ણ થયા નથી એ જ એકમાત્ર કારણે કોઈ પણ કક્ષાએ પ્રવેશને માટે ગેરલાયક ઠરાવી શકાય નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને આ સભાગૃહનો અભિપ્રાય જણાવવો તથા રેગ્યુ. ૬ અને રેગ્યુ. ૭માં જરૂરી સુધારા કરીને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રેગ્યુ. ૬ અને રેગ્યુ. ૭ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૪. ગુજરાત યુનિવર્સિટીમાં ચલાવવામાં આવનાર (૧) ડિપ્લોમા ઈન સ્ટેટિસ્ટિકસ અને (૨) ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર ટ્રેનિંગના અભ્યાસક્રમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમા ઈન સ્ટેટિસ્ટિકસ માટે રાજ્ય સરકારે ઘડેલો અભ્યાસક્રમ અપનાવીને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો, જ્યારે ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ માટે કોમ્પ્યુટર સમિતિની તા. ૨૩--૪--૧૯૭૩ની સભાએ ભલામણ કરેલ અભ્યાસક્રમ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

૨૫. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૯—૪—૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે દ્વિતીય વર્ષ બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ના બિઝનેસ મૅનેજમેન્ટના અનુક્રમે પ્રશ્નપત્રોના અભ્યાસ પ્રશ્નપત્ર ૨ અને પ્રશ્નપત્ર ૩ તથા ૪ના મરજિયાત પ્રશ્નપત્રોના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે મુજબ દ્વિતીય વર્ષ બી.કૉમ.ના સુધારેલા રેગ્યુ. કૉમર્સ--૮ને જૂન ૧૯૭૩થી અને તૃતીય વર્ષ બી.કૉમ.ના સુધારેલા રેગ્યુ. કૉમર્સ--૧૨ ને જૂન ૧૯૭૪ થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. કૉમર્સ ૮ અને રેગ્યુ. કૉમર્સ ૧૨ ને સુધારીને તેને અનુક્રમે જૂન ૧૯૭૩ અને જૂન ૧૯૭૪થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રેગ્યુ. કૉમર્સ ૮ અને રેગ્યુ. કૉમર્સ ૧૨ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૬. નીચેના અનુસ્નાતક અભ્યાસક્રમો સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૨૭/૨૮/૨૯—૩—૧૯૭૩ની સભામાં મંજૂર કરેલ કોઈ તેને અનુલક્ષીને સ્ટે. ૧૭૯ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

(1) Two years' Diploma Course in Audiology and Speech Therapy (D.A.&S.T.)

(2) Two years' Diploma Course in Medical and Social Psychology (D.M.&S.P.)

(3) One year's Diploma Course in Psychiatric Nursing (D.P.N.)

(4) One year's Diploma Course in Community Psychology (D.Com.P.).

Notwithstanding anything under R. P. Engg. 3 to R. P. Engg. 9, a candidate will be permitted to keep terms for the higher semester *or* the remaining semester of the year provided he/she has failed in only one head of passing in the last two semester examinations in which he/she has appeared.

R. P. Engg. 9—B :

A candidate will be permitted to keep terms for any one of the two semesters of any year of the course from B.E. II to B.E. V provided—

(*a*) he/she is eligible for admission to the odd semester of that year of the course.

and

(*b*) he/she has satisfactorily kept terms for both the semesters of the previous year of the course.

Note.—No candidate will be permitted to keep terms for both the semesters of a year unless he/she has passed both the semesters examinations of the previous year except as mentioned in R. P. Engg. 9–A.

પરિશિષ્ટ "છ"
ક્રમાનુસાર ક્રમાંક ૩૦

CERTIFICATE IN COMPUTER PROGRAMMING

Admission Criteria :

(*a*) Admission to these courses will be available to the candidates who have passed a degree in the following disciplines :

(*i*) Science
(*ii*) Commerce
(*iii*) Engineering
(*iv*) Arts.

(*b*) Selection of the candidates for admission shall be based on the performance in an aptitude test which will be arranged by the Computer Centre.

(*c*) Subject to (*a*) and (*b*) above final salection will be decided by the admission committee at the Computer Centre based on the personal interview, of the candidates.

(*d*) There will be two separate courses as under :

1. Certificate course for unemployed graduates : This will be run for limited hours during the day. The span of the course will be six months.
2. Part-time certificate course for employed persons from Government, industry and other institutions : Sponsorship from the organisation will be essential. The classes will be arranged on evenings. The proposed span of this course will also be six months.

Class, Hours and Fees :

(*a*) Por unemployed graduates :

1. Total 150 hours minimum
2. Fees—No tuition fees will be charged, the financial assistance offered by Directorate, Manpower and Employment, Government of Gujarat, is accepted by the Executive Council.

(*b*) For employed persons—

1. Total 150 hours minimum
2. Fees Rs. 200/-

1. **Data processing systems** (Computer and the ancillary equipment) :

Introduction, History of development of unit record data processing systems. need for mechanisation—speed, flexibility and accuracy.

Data Recording media, punched cards, mark—sensing cards, punched paper tape, magnetic cards, magnetic tape, drum and disks.

Conventional unit record equipment, card-generating machines-card punch and verifier, card data recorder, card arranging machines—sorters and collators, accounting machines, calculating punches, Principles of control panel wiring, coding for mechanical processing, manual v/s mechanical methods.

Electronic data processing equipment, functional units of a typical Electronic Digital Computer—memory, control, arithmetic and logic and Input/output units, information flow in the system, representation of information in memory, Information structure—bit, character, word, field etc., binary and binary coded decimal and other systems, fixed and variable length words, — serial, parallel and serial—parrallel operations, data and instructions. addressing of words, classification of instruction, arithmetic logical and input / output, auxiliary memory devices—magnetic tapes, disks and drums.

2. **Computer programming** :

Programming techniques : Flow charts, use of loops, concepts and properties of an logarithm address modification indexing and indirect addressing, concepts of operating systems and monitors, Multi-programming and time sharing.

Programming Languages; Machine independent programming languages, Fortran-II—language specifications for an IBM 1620 : constants, variables, Expression, Different kinds of statements, Input / output format, Do loops, Fortran compiler. Other higher level programming languages.

Assembly languages : Symbolic Programming System of IBM 1620 : Arithmetic instructions, Data transfer, Branching, input / output instructions, other miscellaneous instructions, Declaratives, Other assembly languages : Assembler of IBM system/360, Autocode, MAP 1620. An introduction to other computers available in India IBM 1401, IBM System/360, ICL 1900 series.

3. **Systems Study :**

Systems Analysis ; Concepts of a system, Decision tables, collection of relevant data about system, feasibiiity studies, determination of peak load requirements, evaluation of system performance, redesigning the system for mechanisation.

4. **Computer Applications :**

Familiarisation on important aspects of specified subjects of computer applications in the student's own disciplines and practicals on some of the subjects in FORTRAN-II and SPS.

The students will have to work on the card punching and verifying machines for solving their project problems. Necessary training will be arranged by the computer centre.

Examination Scheme :

Examination in following two papers and the oral test will be conducted by University and the project practicals will be conducted by the computer centre :

		Marks	
	Duration	*Theory*	*Practicals*
Paper I : Computer programming–I	3 hours	100	—
Paper II : Computer programming–II	3 ,,	100	—
Project (internal assessment)	—	—	100
Oral test	—	50	—
		250	100
		Total...	350

Gujarat University Press, Navrangpura, Ahmedabad-380009

ગુ.યુ. પ્રેસ ૩૫૬—૪૫૦—૭—૭૩ એકેડેમિક કાઉન્સિલ (૪) : તા. ૨૫-૬-૧૯૭૩

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૩ના વર્ષની ચોથી સભા, સોમવાર, તા. ૨૫-૬-૧૯૭૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. નોમાનભાઈ મહમદભાઈ મિયાંભાઈએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૬-૧૯૭૩
૧.	શ્રી. નોમાનભાઈ મહમદભાઈ મિયાંભાઈ, કુલપતિ	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, કુલસચિવ	હાજર
૩.	આચાર્ય વી. જે. ત્રિવેદી	ગેરહાજર
૪.	આચાર્ય એ. જી. મુનશી	હાજર
૫.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર
૬.	ડૉ. આર. એમ. શાહ	હાજર
૭.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૮.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૯.	શ્રી. એમ. જે. દવે	હાજર
૧૦.	ડૉ. આર. એન. ગોડિયાવાલા	હાજર
૧૧.	પ્રિ. વી. જે. જાની	હાજર
૧૨.	શ્રી. આઈ. કે. સૈયદ	ગેરહાજર
૧૩.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૫.	પ્રો. કે. જી. દેસાઈ	હાજર
૧૬.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૭.	આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર
૧૮.	આચાર્ય આર. એચ. ગાંધી	હાજર
૧૯.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫—૬—૧૯૭૩
૨૦.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૨૧.	શ્રી. ડી. ડી. માલવણિયા	ગેરહાજર
૨૨.	ડૉ. એમ. એ. ફારૂકી	હાજર
૨૩.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર
૨૪.	શ્રી. પી. જી. માવળંકર	હાજર
૨૫.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	હાજર
૨૬.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર
૨૭.	આચાર્ય ડી. એ. ધાંચી	ગેરહાજર
૨૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૯.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર
૩૦.	શ્રી. કે. એમ. પટેલ	હાજર
૩૧.	આચાર્ય ડી. પી. ડાકર	ગેરહાજર
૩૨.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર
૩૩.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર
૩૪.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૩૫.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૩૬.	ડૉ. એમ. સી. જયસ્વાલ	હાજર
૩૭.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૩૮.	આચાર્ય એ. આર. રાવ	ગેરહાજર
૩૯.	પ્રો. પી. ડી. પાઠક	હાજર
૪૦.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪૧.	શ્રી. જે. ડી. ઓઝા	હાજર
૪૨.	આચાર્ય જે. સી. ત્રિવેદી	હાજર
૪૩.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪૪	આચાર્ય કે. એમ. તલાટી	હાજર
૪૫.	આચાર્ય ડી એચ. વેલવણ	હાજર
૪૬.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪૭.	શ્રી. એસ. બી. કુમતા	ગેરહાજર
૪૮.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૪૯.	શ્રી. એચ. એસ. જૈન	હાજર
૫૦.	ડૉ. સી. આઈ. ઝાલા	હાજર
૫૧.	ડૉ. સી. એચ. નાયક	હાજર
૫૨.	ડૉ. એમ. બી. દેવાણી	હાજર
૫૩.	ડૉ. એ. એમ. મલાવવાલા	ગેરહાજર
૫૪.	આચાર્ય એચ. એફ. દસ્તૂર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫—૬—૧૯૭૩
૫૫.	શ્રી. એન. એમ. પરીખ	હાજર
૫૬.	ડૉ. તારાબહેન પટેલ	હાજર
૫૭.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર
૫૮.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર
૫૯.	આચાર્ય વી. એફ. શાહ	ગેરહાજર
૬૦.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર.

૧. તા. ૨૬-૬-૧૯૭૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૩ના વર્ષની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૬-૪-૧૯૭૩ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૩ની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી :

"સભ્યોની હાજરીની નોંધમાં સભ્ય ક્રમાંક ૨૪ શ્રી. પી જી. માવળંકરને હાજર દર્શાવવામાં આવ્યા છે તે છાપભૂલ હોઈ તે સુધારીને તેમને 'ગેરહાજર' દર્શાવવા."

૨. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

તૃતીય વર્ષ બી.કૉમ માર્ચ-એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષા માટે કો-ઑપરેશન વિષયના પ્રશ્નપત્ર ૪ અંગે નિબંધના મુદ્દા નીચે પ્રમાણે રાખી તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવાના :

(1) Co-operation and Socialism
(2) Philosophy of Co-operation
(3) Co-operative Housing
(4) Weaknesses of the Co-operative Movement
(5) Five-year Plans and Co-operative Movement
(6) Co-operative Societies Act of 1912
(7) Co-operative Farming in India
(8) Powers and duties of Registrars of Co-operative Societies
(9) Prominent feature of Co-operative Legislation.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં કોસિપ (COSIP) યોજના હેઠળ રીડર-ઇન-મૅથેમેટિક્સની હંગામી જગ્યા પૂરવા માટે વરણીસમિતિની તા. ૪-૬-૧૯૭૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર-ઇન-મૅથેમેટિક્સની હંગામી જગ્યા પર ડૉ. આઈ. એચ. શેઠને નીમવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(વરણીસમિતિની તા. ૪—૬—૧૯૭૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ " ધી રિપોર્ટ ઓફ ધી કમિટી ઓન કૉલેજ ફાઇનાન્સ—૧૯૭૧ " માટેની કેટલીક ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૩૨ અને ૩૭ ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨—૨—૧૯૭૩ની સભામાં નિયુક્ત થયેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

કૉલેજ ફાઇનાન્સ કમિટીની ભલામણો ક્રમાંક ૩૨ અને ૩૭ નીચે મુજબ છે :

(32) In case where colleges are required to engage an additional teacher—full-time or part time—for a couple of lectures which cannot be distributed to the existing staff, it should be permissible to the management to extend the limit of 15 lectures upto 17, subject to the maximum number of periods, including lectures and tutorials, prescribed by the University. If in a subject, no tutorials are prescribed by the University, a similar adjustment should also be permitted. The colleges should be allowed to distribute the work-load between lectures and tutorials in the manner they like, subject to a certain minimum number of tutorials say four, being taken by each teacher. The strength of the teaching staff for the purpose of grant-in-aid should, however, continue to be determined as at present, with modifications suggested in para 2 of Chapter 9.

(37) The Universities should circulate a bibliography of books meant for under-graduate students for subjects comprised in each faculty and stipulate that the colleges should build up a library which should include copies of these books. The colleges should not be compelled to spend an arbitrary amount of books every year but should be required to utilise the income from library fees for this purpose as well as for the normal library expenditure "

[નોંધ.— ભલામણ ક્રમાંક ૩૨માં નિર્દેશિત પ્રકરણ ૯નો પેરા ૨ નીચે મુજબ છે :

9 2 : It was brought to our notice that the water-tight division of work-load of teachers between lectures and tutorials, sometimes results in under-utilisation of the available man-power. The total number of tutorials which teachers can take, some-times may exceed the actual number of tutorials required to be taken, according to the prescribed work-load. However, if the number of lectures according to rhe prescribed work-load exceeds the maximum number they are required to take, they cannot be given more than the prescribed number. As a result of this, the college would require an additional teacher. It was suggested by the representatives of some colleges that the colleges should have the freedom to distribute

the total work-load between lectures and tutorials in the manner best suited to the colleges. For example, under the existing rules of the Gujarat University, a Lecturer can be given a maximum number of 15 lectures, out of the total work-load of 21 periods. It may happen that for a couple of lectures an additional teacher—full time or part time—may be required to be engaged. In such cases, it should be permissible to the managements to exceed the limit of 15 lectures up to 17, subject to the maximum number of periods, including lectures and tutorials, prescribed by the University. If in a subject no tutorials are prescribed by the University, a similar adjustment should also be permitted, if required. It was also revealed that the tutorials are not conducted in the manner in which they should be. We consider that tutorials form a very important part of teaching and in fact in terms of work-load are equally streneous as lectures. While we do not express any opinion as to what the maximum work-load should be, we recommended that the colleges should be allowed to distribute the work-load between lectures and tutorials in the manner they like, subject to a certain minimum number of tutorials say four, being taken by each teacher. The strength of the teaching staff for purposes of grant-in-aid may, however, continue to be determined as at present with modifications as under :

(*i*) In determining the total number of teachers according to the formula under the existing rules of grant-in-aid, a fraction of a teacher should be taken as one.

(*ii*) If the number of teachers, actually employed exceeds the number according to the formula, the amount to be deducted from the total pay-packet should be that which corresponds to the pay-packet of the junior-most teachers.]

સમિતિની ભલામણો

"૧. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના રિપોર્ટ ઑફ ધી કમિટી ઑન કૉલેજ ફાઇનાન્સ–૧૯૭૧માંની કેટલીક ભલામણો પૈકીની ભલામણ ક્રમાંક ૩૨ના મુદ્દાનો સ્વીકાર કરવાની કોઈ જરૂર હાલના તબક્કે લાગતી નથી અને આ અંગેના જે નિયમો હાલમાં પ્રવર્તમાન છે તે પર્યાપ્ત છે.

૨. વિદ્યાર્થીઓ પાસેથી જે ગ્રંથાલય ફી લેવામાં આવે છે તેનો ફરજિયાત ઉપયોગ કરવો જરૂરી છે અને તેનો મોટો ભાગ સામયિકો અને વર્તમાનપત્રો પાછળ ખર્ચાય તે જરૂરી લાગે છે.

૩. દરેક વિષયની અભ્યાસસમિતિએ જે તે વિષયના અભ્યાસક્રમ પ્રમાણે જરૂરી પુસ્તકોની શક્ય તેટલી સૂચિ તૈયાર કરે (સામયિકો સહિતની) અને તે સૂચિ પ્રમાણે દરેક કૉલેજ તેવાં પુસ્તકો વસાવે. કૉલેજ જ્યારે આ યાદી પ્રમાણેનાં પુસ્તકો ગ્રંથાલયમાં વસાવે ત્યારે પ્રત્યેક વર્ગવાર પ્રચલિત પાઠ્યપુસ્તકોની ઓછામાં ઓછી ૧૦ નકલો ખરીદ કરવાનું રાખે.

વધુમાં ભલામણ કરવાની કે ભવિષ્યમાં જ્યારે જ્યારે અભ્યાસક્રમો બદલાય તે સમયે આ પુસ્તકોની યાદી અભ્યાસક્રમ બદલાય તે પહેલાં કૉલેજોને મોકલી આપવી.

(નોંધ.—સ્થાનિક તપાસસમિતિ જ્યારે જે તે કૉલેજની મુલાકાત માટે જાય તે સમયે આ યાદી પ્રમાણેનાં પુસ્તકો ખરીદ કર્યાં છે કે નહીં તેની નોંધ અવશ્ય તેમના રિપોર્ટમાં કરવાનું રાખે.)"

૧. આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારની ઉપર જણાવેલ ભલામણ નં. ૩૨ અંગે બીજી યુનિવર્સિટીઓ પાસેથી જરૂરી માહિતી મંગાવવી, તથા આ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી, અને તેને પોતાનો અહેવાલ તા. ૩૧મી ઑગસ્ટ ૧૯૭૩ સુધીમાં રજૂ કરવા જણાવવું :

(૧) આચાર્ય વશવંતભાઈ પ્રા. શુકલ
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય દર્શનસિંગ શીખ
(૪) ડૉ. એમ. એન. દેસાઈ
(૫) પ્રો. અંબુભાઈ ટી દેસાઈ.

૨. રાજ્ય સરકારની ભલામણ નં. ૩૭ અંગે ઠરાવવામાં આવ્યું કે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૨–૧૯૭૩ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની ઉપરની ભલામણો પૈકી ભલામણ નં. ૧ મંજૂર કરવા તથા ભલામણો નં. ૨ અને ૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના રિપોર્ટ ઑફ ધી કમિટી ઑન કૉલેજ ફાઈનાન્સ-૧૯૭૧માંની કેટલીક ભલામણો પૈકીની ભલામણ ક્રમાંક ૩૨ના મુદ્દાનો સ્વીકાર કરવાની કોઈ જરૂર હાલના તબક્કે લાગતી નથી અને આ અંગેના જે નિયમો હાલમાં પ્રવર્તમાન છે તે પર્યાપ્ત છે.

(૨) વિદ્યાર્થીઓ પાસેથી જે ગ્રંથાલય ફી લેવામાં આવે છે તેનો ફરજિયાત ઉપયોગ કરવો જરૂરી છે અને તેનો યોગ્ય ભાગ સામયિકો અને વર્તમાનપત્રો પાછળ ખર્ચાય તે જરૂરી લાગે છે.

(૩) દરેક વિષયની અભ્યાસસમિતિ જે તે વિષયના અભ્યાસક્રમ પ્રમાણે જરૂરી પુસ્તકોની શક્ય તેટલી સૂચિ તૈયાર કરે (સામયિકો સહિતની) અને તે સૂચિ પ્રમાણે દરેક કૉલેજે પોતાના સામાન્ય ગ્રન્થાલયમાં તેવાં પુસ્તકો વસાવવાં એમ સૂચવવામાં આવે છે. કૉલેજ જ્યારે આ યાદી પ્રમાણેનાં પુસ્તકો ગ્રંથાલયમાં વસાવે ત્યારે પ્રત્યેક વર્ગવાર પુસ્તકોની પૂરતી નકલો ખરીદ કરવાનું રાખે, એમ પણ સૂચવવામાં આવે છે.

૫. સેનેટે તેની તા. ૨૯/૩૦-૯-૧૯૭૨ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલા ઑર્ડિ. ૧૨૦-બી માં કશો ફેરફાર નહિ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૫/૬-૧-૧૯૭૩ની તથા સિન્ડિકેટની તા. ૪/૧૦-૩-૧૯૭૩ની સભાની ભલામણ સેનેટની તા. ૯/૧૦-૧૦-૧૯૭૩ના રોજ મળેલ આગલી સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે તથા આચાર્ય એલ. ડી. દ્રવેનો નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૧૧-૧૯૭૩ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

આચાર્ય એલ. ડી. દ્રવેનો પ્રસ્તાવ

" ઑક્ટોબર ૯-૧૦ની સેનેટમાં રિફર બેક થયેલા ઑર્ડિ ૧૨૦-બી અંગેના ઠરાવ ૪ના સંદર્ભમાં હું નીચેનો ઠરાવ સિન્ડિકેટની આગામી સભા સમક્ષ વિચારણા માટે મૂકું છું :

O. 120-B :

(*i*) There shall not be more than 1200 students in a college.

(*ii*) There shall not be more than two-faculty units in a college.

(*iii*) If a college has more faculty-units than one the total strength of such units taken together shall not exceed 1200 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 100 students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of not more than 10 students in a class or a division thereof subject to a maximum total of 1200 students as mentioned in (*i*) and (*ii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties, there shall not at any of the stages, viz. either Pre-University Class or F.Y. Class, be more than four divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Viee-Chancellor to permit in his discretion and at the request of a Medical college, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in any division thereof."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એલ. ડી. દવેનો ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો નહીં, એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે અમદાવાદમાં પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગમાં પ્રવેશ વિના રહી ગયેલા વિદ્યાર્થીઓના પ્રશ્ન અંગે તથા કેટલીક કૉલેજોમાં તેમના પોતાના વિદ્યાર્થીઓ પ્રવેશ વિના રહી જવા પામ્યા છે તેમના પ્રશ્નો અંગે વિચારણા કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય યશવંતભાઈ પ્રા. શુક્લ
(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૩) આચાર્ય એમ સી. શાહ
(૪) પ્રો. પી. જી. માવળંકર
(૫) આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ પરથી જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિએ તેની તા. ૮-૩-૧૯૭૩ની સભામાં કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮-૩-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮-૩-૧૯૭૩ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૭. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિએ તેની તા. ૨૮-૫-૧૯૭૩ની સભામાં કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૫-૧૯૭૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૫-૧૯૭૩ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૮. તા. ૯-૪-૧૯૭૩ના રોજ મળેલ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની સંયુક્ત બોર્ડની નીચેની બાબત પર થયેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

To consider rational arrangements of vacations in Universities.

બોર્ડની ભલામણ

"સૂચન આવકારદાયક છે અને જે તે યુનિવર્સિટીઓએ તે અંગે યોગ્ય વિચારણા કરવી તેવો નિર્ણય લેવામાં આવ્યો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૧૩-૧૨-૧૯૭૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તથા પહેલા વર્ષ બી.એ.ના ગુજરાતીમાં નમૂનાના પ્રશ્નપત્રની નકલ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના અભ્યાસક્રમ શીખવતી કૉલેજોને જાણ માટે મોકલવી અને તે નમૂનાનાં પ્રશ્નપત્રો મુજબ માર્ચ-એપ્રિલ ૧૯૭૪થી ગુજરાતીના પ્રી-યુનિ. તથા પ્રથમ વર્ષ બી.એ.નાં પ્રશ્નપત્રો કાઢવા પરીક્ષકોને નકલ આપવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ઘટતું કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. મહાત્મા ગાંધી નેચર ક્યૉર સોસાયટીના આનાર્હ મંત્રી તરફથી બૅચેલર ઑફ નેચર ક્યૉરની પદવી દાખલ કરવા અંગે પત્ર આવ્યો હતો તે બાબતમાં તબીબી વિદ્યાશાખાની તા. ૬-૪-૧૯૭૩ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નેચર ક્યૉરના અભ્યાસક્રમને તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમને સાથે ભેળવવો નહીં અને તેથી નેચર ક્યૉરના અભ્યાસક્રમ અંગે બીજી રીતે વિચારણા કરવા યોગ્ય સત્તામંડળ વિચારે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ના રોજ મળેલ યુનિવર્સિટીની કૉર્ટની વાર્ષિક સભામાં કૉર્ટના સભ્યો તરફથી નીચે જણાવ્યા પ્રમાણે થયેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) રિસર્ચ મેથેડોલોજીના અભ્યાસક્રમ અંગે વિચારવું જોઈએ.

(૨) બેવડા મૂલ્યાંકનની પદ્ધતિની આવશ્યકતા અંગે પુનર્વિચારણા ની જરૂર છે.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) ઉપરનું સૂચન નં. ૧ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની અભ્યાસસમિતિઓની વિચારણા માટે મોકલવું.

(૨) સદરહુ સૂચન નં. ૨ની વિચારણા બાબત નં. ૧૬ સાથે કરવાનું રાખવું.

૧૨. યુનિવર્સિટી કૉર્ટની તા. ૨૭/૨૮-૩-૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ ભરતાં પગલાં લેવા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૫-૧૯૭૩ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

કૉર્ટનો ઠરાવ

"એ.ટી.કે.ટી. વિદ્યાર્થીઓ માટે ઑકટોબર મહિનામાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવા કૉર્ટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

એકિઝકયુટિવ કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓની સંખ્યાના આંકડા કઢાવીને સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી."

સદરહુ બાબત ચર્ચા-વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે માર્ચ-એપ્રિલ ૧૯૭૩માં લેવાયેલ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી એ.ટી.કે.ટી. પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા અંગે નીચેની માહિતી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

પરીક્ષા	એ.ટી.કે.ટી. મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા	નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા
પ્રી-યુનિ આર્ટ્સ	૧૦૩૯	૯૬૫૩
પ્રી-યુનિ. સાયન્સ	૨૬૮	૫૪૩૪
પ્રી-યુનિ. વાણિજ્ય	૧૯૯૨	૧૪૩૨૪
ફર્સ્ટ બી એ.	૭૯૦	૭૪૭૩
ફર્સ્ટ બી.એસસી.	૩૭૨	૨૮૮૩
ફર્સ્ટ બી કોમ. (ન્યૂ)	૧૫૮૪	૬૯૮૭
,, (ઓલ્ડ)	૨૦૯	૩૦૧૪
સેકન્ડ બી.એ	૪૦૯	૬૨૧૩
સેકન્ડ બી.એસસી.	૯૭	૨૯૩૬
સેકન્ડ બી.કોમ.	૧૦૫૫	૭૩૫૨

તે પછી ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) એ.ટી.કે.ટી. પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને માટે ઑક્ટોબર-નવેમ્બરમાં વધુ એક પરીક્ષા લેવાનું રાખવા તથા આ ઠરાવનો અમલ ચાલુ વર્ષથી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓની ફીમાં ઘટતી રાહત આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. ૧૯૭૩ના ગુજરાત એકટ નં. ૬થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨)ને અનુલક્ષીને જૂન ૧૯૭૪થી શરૂ કરાનાર નવી કૉલેજોના જોડાણ બાબતમાં કૉલેજોની જરૂરિયાત અંગેના એકિઝકયુટિવ કાઉન્સિલના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૪થી શરૂ કરાનાર નવી કૉલેજોના જોડાણ માટેની અરજીઓ પર યુનિવર્સિટી ધારાની નવી કલમ ૩૩(૨)ના સંદર્ભમાં વિચારણા કરીને જે તે કૉલેજોની જરૂરિયાત અંગેનો અહેવાલ તૈયાર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં નીમેલ સમિતિની ભલામણો પૈકી મેાડાસા અને ગોધરા મુકામે

જૂન ૧૯૭૩થી કાયદાની નવી કૉલેજોના જોડાણ આપવા મંજૂર કર્યું હોઈ તે સિવાયની નીચેની સંસ્થાઓ જેને જૂન ૧૯૭૪થી તેમનાં નામ સામે જણાવેલ સ્થળે અને વિદ્યાશાખાવાળી કૉલેજ શરૂ કરવા માટેની અરજી પરત્વે કૉલેજની જરૂરિયાત નથી એમ સ્વીકારવું :

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	વિદ્યાશાખા
(૧)	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી. પ્રાંતીજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તા. પ્રાંતીજ, નેશનલ હાઈવે નં. ૬, જિ. સાબરકાંઠા	પ્રાંતીજ	વિનયન અને વાણિજ્ય
(૨)	શ્રી. હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ, હાલોલ	હાલોલ	,,
(૩)	શ્રી. સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી	સાવલી	,,
(૪)	સી. ડી. ખાંડવાળા એજ્યુ. ટ્રસ્ટ	અમદાવાદ	,,
(૫)	શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી	છોટાઉદેપુર	શિક્ષણ
(૬)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ	નડિયાદ	શિક્ષણ
(૭)	નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, નડિયાદ	નડિયાદ	શિક્ષણ
(૮)	ઉત્તરપૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ	પિલવાઈ	વાણિજ્ય
(૯)	ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ	નડિયાદ	વાણિજ્ય
(૧૦)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધર્મસિંહ દેસાઈ ફાઉન્ડેશન, નડિયાદ	નડિયાદ	વાણિજ્ય
(૧૧)	મંત્રીશ્રી, પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા, જિ. પંચમહાલ	ગોધરા	વાણિજ્ય
(૧૨)	મૅનેજિંગ ટ્રસ્ટી, માનવમંદિર ટ્રસ્ટ, C/o. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ–૧૪.	અમદાવાદ	કાયદો

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજોની જરૂરિયાત સ્વીકારવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેકચરરની જગ્યા માટે તા. ૮-૬-૧૯૭૩ના રોજ મળેલી વરણીસમિતિની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મુજબ શ્રી. આર. ટી. રતાણીને વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેકચરર તરીકે નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂક અંગેની વરણી સમિતિ સાથે જે તે વિષયના વિભાગના વડાને સંયોજિત (એસોસિયેટ) કરવાનું રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(વરણીસમિતિની તા. ૮-૬-૧૯૭૩ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૫. સમાજવિદ્યા ભવનમાં લેકચરર-ઇન-હિસ્ટરીની જગ્યા માટે તા. ૨૮-૫-૧૯૭૩ના રોજ મળેલી વરણીસમિતિની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણી સમિતિની ભલામણ મુજબ શ્રીમતી શિરિન એમ. મહેતાને સમાજવિદ્યા ભવનમાં લેકચરર ઇન-હિસ્ટરી તરીકે નીમવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણમાં બીજા નંબરથી સૂચવાયેલ ઉમેદવાર શ્રી. જયકુમાર આર. શુકલ વરણી સમિતિની સભા મળી તે વખતે જરૂરી લાયકાત ધરાવતા નહોતા તે પ્રત્યે એકિઝકયુટિવ કાઉન્સિલનું ધ્યાન દોરવું.

(વરણીસમિતિની તા. ૨૮-૫-૧૯૭૩ની સભાની ભલામણ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૬. ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સોશિયલ વેલ્ફેર પરીક્ષા સુધારણા અંગે નીમેલી સમિતિના હેવાલની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૩-૧૯૭૩ના પત્રાંક એફ. ૮-૧-૭૩ (એચ-૧૧) પર વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૪-૧૯૭૩ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની સાથે, આગળ બાબત ક્રમાંક ૧૧માં જણાવેલી પેટાબાબત નં. (૨) વિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૨-૭૩ની પરીક્ષામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા તથા ત્રીજા મૂલ્યાંકન (એસેસમેન્ટ) અંગેની આંકડાવિષયક માહિતી સાથે આ બાબત ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૧૭. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭/૨૮/૨૯-૩-૧૯૭૩ની વાર્ષિક સભામાં પસાર થયેલા નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ બઢતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"એ.ટી.કે.ટી. વિદ્યાર્થીઓ માટે ઑકટોબર મહિનામાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવા સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

(નોંધ.—તા. ૧૨-૫-૧૯૭૩ની એકિઝકયુટિવ કાઉન્સિલે આ બાબત એકેડેમિક કાઉન્સિલ સમક્ષ મૂકવા ફરમાવ્યું છે.)

સદરહુ બાબત અંગેની વિચારણા આગળ બાબત નં. ૧૨માં થઈ ગયેલી હોઈ તે અંગે વિચારણા કરવાપણું રહ્યું નથી.

૧૮. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૨-૫-૧૯૭૩ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪ની ત્રીજા વર્ષ બી.એ.ની પરીક્ષાનો અંગ્રેજીનો પ્રશ્નપત્ર ૮ નીચે મુજબ સુધારવો :

Paper VIII—Chaucer

The Prologue- ... ...35 marks

The Nun's Priest's Tale... ... ...35 marks

Note.—(1) Both the texts are to be studied in detail. Students should be tested through questions.

(2) Editions by Pollard Macmillan or James Winny Cambridge are available.)

(૨) ૧૯૭૪ના પ્રથમ વર્ષ બી.એ.ના અંગ્રેજી મુખ્ય અને ગૌણ વિષયના પ્રશ્નપત્ર ૧ માટે—

'Penguin Book of English Short Stories' edited by Christopher Dolley ને બદલે 'Modern Short Stories' edited by S. K. Kumar (First series, Macmillan)માંથી નીચેની વાર્તાઓ નિયત કરવા ભલામણ કરવી :

(*i*) *The Monkey's Paw* : W. W. Jacobs

(*v*) *Simon's Papa* : Guy de Maupassant

(*vi*) *The Darling* : Anton Chekow

(*vii*) *The Ant and the Grass-hopper* : W. S. Maugham

(*viii*) *Taking the Veil* : Katherine Mansfield.

(૩) ૧૯૭૪ના પ્રથમ વર્ષ બી.એ.ના અંગ્રેજી મુખ્ય અને ગૌણ વિષયના પ્રશ્નપત્ર ૧ માટે નિયત કરેલા 'Penguin Book of English Verse' edited by John Haywardમાંથી નીચેનાં કાવ્યો અભ્યાસક્રમમાં રાખવાં :

Names of the poems

1. Herbet : *Virtue*
2. Shakespeare : *Fear no more the heat of the sun*
3. John Donne : *Death, be not proud*
4. Milton : *On his Blindness*
5. Carew : *Ask me no more*
6. Blake : *London*
7. Coleridge : *Kubla Khan*

8. Wordsworth : *She dwelt among the untrodden*
9. Shelley : *Ode to the West Wind*
10. Keats : *To Autumn*
11. Tennyson : *Break, Break, Breuk*
12. Browning : *Prospice*
13. Arnold : *Dover Beach*
14. Owen : *Strange Meeting*
15. Auden : *Lay your sleeping Head.*

(૪) ૧૯૭૪ની એમ.એ., ભાગ ૧ની અંગ્રેજીની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧માં નીચેની નોંધ ઉમેરવી :

Only two Literary forms viz (1) Epic and (2) Tragedy are to be studied and text book No. 1, 9 and 10 from the following are to be studied in relation to literary forms.

(૫) અંગ્રેજીના એમ.એ., ભાગ ૧ અને ૨ના નવા અભ્યાસક્રમના અંતે નીચે મુજબ નોંધ આપેલી છે તે ભાગ ૧ અને ભાગ ૨ દરેકની નીચે છાપવી :

General Note : (1) Candidates are expected to answer five questions.

(2) Texts are to be studied in relation to the age and society.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૧૪-૧૨-૧૯૭૨ની સભાની ભલામણ અન્વયે "બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પેથોલોજી-બૅક્ટીરિયોલોજીનું એક પ્રશ્નપત્ર છે તેને બદલે "પેથોલોજી"નું એક ૧૦૦ માર્ક્સ (૭૦+૩૦)નું પ્રશ્નપત્ર તથા મેડિકલ માઇક્રોબાયોલોજી અને હેલમિન્થોલોજીનું એક ૧૦૦ માર્ક્સ (૭૦+૩૦)નું પ્રશ્નપત્ર તથા બંનેને લગતા પ્રૅક્ટિકલ ૨૦૦ માર્ક્સ (૧૪૦ વત્તા ૬૦)ના રાખવા અંગે એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૩ની સભામાં મંજૂરી આપી છે તે બાબતમાં બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાનું માળખું બદલાતું હોવાથી માળખામાં ફેરફાર નહિ કરવા અંગેની તબીબી વિદ્યાશાખાની તા. ૬-૨-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-ક્લિનિકલ વિષયની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરી શકાય તેમ નથી તેમ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૨૦. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલની ભલામણ મુજબ તબીબી કૉલેજોમાં સ્નાતક કક્ષાએ ડિપાર્ટમેન્ટ ઑફ બાયોકેમિસ્ટ્રી, માઇક્રોબાયોલોજી, ઈ.એન.ટી.ના ડિપાર્ટમેન્ટનું વિભાજન કરી નીચે મુજબ ડિપાર્ટમેન્ટ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ફિઝિયોલોજી ઍન્ડ બાયોકેમિસ્ટ્રી

(૨) પેથોલોજી ઍન્ડ માઇક્રોબાયોલોજી

(૩) ઓપ્થેલ્મોલોજી ઍન્ડ ઈ.એન.ટી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં આંતરિક મૂલ્યાંકનની પરીક્ષાઓમાં ૨૫ ટકા પ્રશ્નો મલ્ટિપલ ચોઇસના ફરજિયાત પૂછવા અને તેનો અમલ જૂન ૧૯૭૩થી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ૨૫ ટકા પ્રશ્નો મલ્ટિપલ ચોઇસના ફરજિયાત પૂછવા અને તેનો અમલ ઑકટોબર ૧૯૭૪ની પરીક્ષાથી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં સેમેસ્ટર પદ્ધતિનો અભ્યાસક્રમ દાખલ કરવો શકય નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ પરની વિચારણા મોકૂફ રાખવી અને ઉપરની ભલામણ નં. ૩ સ્વીકારવી.

૨૨. નર્સિંગની પરીક્ષાના નીચેના બે વિષયોના ગુણમાં વધારો કરવાની તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) Comprehensive Nursing–I from 100 at present to 150

(2) Public Health Nursing–II from 50 at present to 100.

Thus there shall be an increase of 100 marks in the total marks.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત નર્સિંગની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી.

૨૩. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩નો સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ન્યુરોલોજી અને કાર્ડિયોલોજીની એમ.ડી.ની પદવી આપવી અને ન્યુરોસર્જરી, કાર્ડિયો-થોરેસિક સર્જરી, યુરિનોજેનિટરી સર્જરી અને પ્લાસ્ટિક સર્જરીની એમ.એસ.ની પદવી આપવી અને તેના અભ્યાસક્રમના પ્રવેશના ધોરણ વગેરે માટે ઑ. ૨૭૩, ૨૭૪, ૨૮૨, ૨૮૬, ૨૮૭ અને ૨૯૫ સુધારવા તથા રેગ્યુ. ૧૮૫-એ અને ૧૮૮-એ નવા ઉમેરવા.

(૨) સ્પેશિયાલિટીની શાખાઓ માટે શિક્ષકોની લાયકાતનું ધોરણ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સ્વીકારવા ભલામણ છે :

It is further recommended that initially as persons with adequate qualifications and teaching experience in speciality branches are not available, persons having post-graduate degree and with 10 years' teaching experience in general (Mecicine or Surgery) and actively engaged exclusively in the speciality may be recognised.

૧. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ સ્વીકારવા તથા તે મુજબ ઑર્ડિ. ૨૭૩, ૨૭૪, ૨૮૨, ૨૮૬, ૨૮૭ અને ૨૯૫ સુધારવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી, તથા રેગ્યુ. ૧૮૫-એ અને ૧૮૮-એ મંજૂર કરવા.

(સુધારેલા ઑર્ડિનન્સો તથા મંજૂર કરેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨. સદરહુ ભલામણ નં. ૨ મેડિકલ કાઉન્સિલની અનુમતિને આધીન સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સ્પેશિયાલિટીની શાખાઓ માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૪. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૬-૧૯૭૩ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રી-મેડિકલ અભ્યાસક્રમમાં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનનો સુધારેલો અભ્યાસક્રમ સ્વીકારવો અને તે માટે રેગ્યુ. પ્રી-મેડિકલ ૨ સુધારી તે મુજબ તેને જૂન, ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(૨) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના સુધારેલા અભ્યાસક્રમો મેડિકલ બાયસથી ઘડેલા હોવાથી પ્રથમ વર્ષ અથવા બી.એસસી.ની પરીક્ષા પાસ કર્યા પછી પ્રી-મેડિકલના અભ્યાસક્રમમાં જોડાય તેમને પ્રી-મેડિકલના અંગ્રેજી વિષય સિવાય બીજા વિષયોમાં મુક્તિ આપવાની જોગવાઈ રદ કરવી અને તે માટે રેગ્યુ પ્રી-મેડિકલ ૧ સુધારી તેને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવો.

(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭–૪-૧૯૭૩ની (બા. ક્ર. ૩૬) સભામાં જીવવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે ત્રણ કલાક રાખવાનું વિચારવા જણાવેલ છે તે માટે આ સમિતિ ભલામણ કરે છે કે તેટલા સમયમાં આ પરીક્ષા રાખી શકાય નહિ અને આ પરીક્ષાનો સમય ૪ કલાકનો રાખવો.

(૪) પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ તબીબી વિદ્યાશાખાનો અભ્યાસક્રમ હોઇ તેના બીજા સત્રની વ્યવસ્થા ૧૦મી નવેમ્બરથી ૧૫મી એપ્રિલની રાખવી અને તે માટે ઓ. ૭૫માં ઘટતી જોગવાઇ કરવી.

(૫) પ્રી-મેડિકલ પરીક્ષા વર્ષમાં બે વખત રાખવી અને એપ્રિલની પરીક્ષા ૧૫મી એપ્રિલ પછી યોજવી અને તે માટે ઓ. ૧૨૯માં ઘટતી જોગવાઇ કરવી.

(૬) પ્રી-મેડિકલની પરીક્ષાના રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાયોગિક કામ માટે પરીક્ષકોને વર્ષ પહેલાં બી.એસસી.ની પરીક્ષાના ધોરણે મહેનતાણું આપવું અને પ્રી-મેડિકલમાં જીવવિજ્ઞાનના ૪ કલાકની પ્રાયોગિક પરીક્ષા હોવાથી સપ્રમાણ (પ્રોરેટા) વધારો આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૫. તબીબી વિદ્યાશાખાની તા. ૬–૬–૧૯૭૩ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ હેલ્થના અભ્યાસક્રમને સ્થાને ડિપ્લોમા-ઇન-ઓક્યુપેશનલ હેલ્થનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવો અને તે માટે ઓર્ડિ. ૩૭૭ તથા રેગ્યુ. ૨૬૧, ૨૬૧–એ, ૨૬૧–બી અને ૨૬૧-સી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા ઓ. ૩૭૭–એ ૨૬ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) એમ.ડી.ની પરીક્ષા અંગેના ઓર્ડિ. ૨૭૩માં ઓક્યુપેશનલ હેલ્થની બ્રાન્ચ ઉમેરવા તથા અભ્યાસક્રમને લગતા રેગ્યુ. ૧૮૫માં પ્રશ્નપત્રો નીચે મુજબ રાખવા ભલામણ કરવી:

Branch III

M.D. Branch	(Occupational Health)
Paper I	Applied Basic, Medical Science
Paper II & Paper III	Occupational Health Medicine
Paper IV	An essay on Modern trends in Occupational Health

૧. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવા તથા તે મુજબ સુધારેલા ઓર્ડિ. ૩૭૭ મંજૂર કરવા તથા ઓર્ડિ. ૩૭૭-એ ૨૬ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી, તથા રેગ્યુ. ૨૬૧, ૨૬૧–એ, ૨૬૧–બી અને ૨૬૧-સી મંજૂર કરવા.

(સદરહુ ઓર્ડિનન્સ તથા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૨. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. ૧૮૫ સુધારવો.

૨૬. મનોવિજ્ઞાન કે તર્કશાસ્ત્ર ભણેલ સંસ્કૃતના અધ્યાપકને પ્રો-યુનિ. વિનયનમાં તર્કશાસ્ત્રના વિષયનું શિક્ષણકાર્ય કરવાની છૂટ આપવા અંગેના સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદના આચાર્યના તા. ૧-૫-૧૯૭૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

૨૭. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬/૭-૪-૧૯૭૨ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે જુદા ઓનર્સ કોર્સ અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા નીમેલી સમિતિની તા. ૧૮-૬-૧૯૭૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. એમ.એ., ભાગ ૧ની ૧૯૭૪ની પરીક્ષાની અભ્યાસપાત્ર નવલિકા લેખકોની યાદીમાં "શ્રી. પન્નાલાલ પટેલ"નું નામ ઉમેરી, સાહિત્યસ્વરૂપ સમજવામાં મદદરૂપ થાય એ માટે પુસ્તકોની યાદીમાં "પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ" રાખવાની ગુજરાતીની અભ્યાસસમિતિની સ્ટે. ૧૨૩-ઈ અનુસાર પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૯. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૯-૪-૧૯૭૩ની સભાની ભલામણ અનુસાર દ્વિતીય વર્ષ બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ના બિઝનેસ મૅનેજમેન્ટના મરજિયાત પ્રશ્નપત્રોના અભ્યાસક્રમો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬-૪-૧૯૭૩ની સભામાં મંજૂર કરેલા તે અભ્યાસક્રમોની પુનર્રચના મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(સદરહુ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૩૦. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૩થી (૧) પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઇન મેડિકલ સાયકોલોજી ઍન્ડ સોશિયલ સાયકોલોજી (ડી. એમ. ઍન્ડ એસ.પી.), અને (૨) પોસ્ટ-ગ્રેજ્યુએટ બી.એસસી. (ઑડિયોલોજી ઍન્ડ સ્પીચથેરાપી)ના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને સદરહુ અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૧. વિદ્યાર્થીઓની નીચેની માગણીઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) એક વર્ગમાં હાલમાં કૉલેજ કક્ષાએ વધુમાં વધુ ૧૨૦ વિદ્યાર્થીઓની સંખ્યા રાખવાની છૂટ છે તેનાથી ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આવા પ્રશ્નોના ઉકેલ માટે કૉલેજ કક્ષાએ એક વર્ગમાં વધુમાં વધુ ૫૦ વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી.

(૨) દરેક વિદ્યાશાખાઓમાં સેમેસ્ટર પદ્ધતિ અપનાવવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. ડિપ્લોમા ઇન મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજીનો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬-૪-૧૯૭૩ની સભામાં મંજૂર કર્યો છે તેમાં બી.એમ. ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. એસ. એમ. મજમુદારનાં સૂચનોને અનુલક્ષીને જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન મેડિકલ ઍન્ડ સોશિયલ સાયકોલોજીનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. ૨૬૯માં જરૂરી સુધારા કરવા.

(સુધારેલા રેગ્યુ. ૨૬૯ની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એ.કા./૨૧૬૮૯/૧૯૭૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯
ઑગસ્ટ ૧, ૧૯૭૩.

કું. ચં. પરીખ,
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

ક્રમકાર્ય ક્રમાંક 3

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Mathematics (Temporary) in the University School of Sciences was held on 4-6-1973, the Monday at 12-30 p.m. at the office of the Gujarat University. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presiding :

The following was the attendance of the members :

(1) Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor and Chairman	Present
(2) Shri N. R. Trivedi	Present
(3) Prof. S. S. Shrikhande	Absent
(4) Dr. Ram Kumar	Present

The following candidates were called for interview :

(1) Dr. I. H. Sheth	Present
(2) Dr. M. M. Misra	Present
(3) Dr. H. R. Krishna Iyengar	Absent

After interviewing both the candidates present, the Committee resolves that Dr. I. H. Sheth is found to be a better candidate and he may, therefore, be appointed to the temporary post of a Reader in Mathematics.

Ishwarbhai J. Patel
Prof. N. R. Trivedi
Dr. Ram Kumar

Ahmedabad.
Dt. 4-6-1973.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૬

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની એક સભા, ગુરુવાર, તા. ૮–૩–૧૯૭૩ના રોજ બપોરે ૧૨–૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. વી. જે. ત્રિવેદી, ડીન, વિનયન વિદ્યાશાખા	ગેરહાજર
૩. શ્રી. એ. જી. મુનશી, ડીન, વિજ્ઞાન વિદ્યાશાખા	હાજર
૪. ડૉ. આર. એમ. શાહ, ડીન, તબીબી વિદ્યાશાખા	ગેરહાજર
૫. શ્રી. જી. એમ. પટેલ, ડીન, વાણિજ્ય વિદ્યાશાખા	હાજર
૬. શ્રી. સી. એસ. શાહ, ડીન, ફાર્મસી વિદ્યાશાખા	હાજર
૭. શ્રી. એન. એસ. પંડ્યા, ડીન, કાયદા વિદ્યાશાખા	હાજર
૮. શ્રી. એમ. જે. દવે, ડીન, આયુર્વેદિક વિદ્યાશાખા	ગેરહાજર
૯. શ્રી. વી. જે. જાની, ડીન, ઇજનેરી વિદ્યાશાખા	હાજર
૧૦. શ્રી. ગોડિયાવાળા આર. એન., ડીન, દંત વિદ્યાશાખા	હાજર
૧૧. શ્રી. સૈયદ આઈ. કે., ડીન, કૃષિ વિદ્યાશાખા	ગેરહાજર.

૧. તા. ૧૪–૯–૧૯૭૨ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૪–૯–૧૯૭૨ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, મણિપુર–ઇમ્ફાલ તરફથી લેવામાં આવતી "હાઈસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ" પરીક્ષાને માન્ય કરવા અંગેના તે બોર્ડના ચેરમેનશ્રી તરફથી આવેલ તા. ૧૫–૧૧–૧૯૭૨ના પત્ર નં. જી. ૧૬–૧૦૪૭–૨૩ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.— બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, મણિપુર-ઇમ્ફાલ એ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ગૌહત્તી-આસામમાંથી વિભિન્ન થયેલ છે. રેગ્યુ. ૭ અન્વયે બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, આસામની હાઇસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષાને જો અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને તે એગ્રીગેટ ૩૫ ટકા ગુણ મેળવી પાસ કરી હોય તો તે પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન મણિપુર-ઇમ્ફાલ તરફથી લેવામાં આવતી "હાઈસ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ" પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) વિનીત = એસ.એસ.સી.

(૨) સમાજવિદ્યા પારંગત, અને

(૩) પારંગત (એમ.એ.)

(૪) વિદ્યાવાચસ્પતિ.

[નોંધ.—(૧) વિનીત પરીક્ષાને (ઑગસ્ટ ૧૯૪૨ સુધીની) માન્ય કરેલ છે.

(૨) વિદ્યાવાચસ્પતિ પરીક્ષાની માન્યતા અંગે ઇક્વિવેલેન્સ સમિતિની જે સભા તા. ૧૪-૯-૧૯૭૨ના રોજ મળેલ હતી તેમાં ઠરાવવામાં આવ્યું છે કે વિદ્યાવાચસ્પતિ-(પીએચ.ડી.)ને માન્ય કરવી નહીં.]

આથી ઠરાવવામાં આવે છે કે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) વિનીત = એસ એસ.સી. (ગુજરાત રાજ્ય)

(૨) સમાજવિદ્યા (કાર્ય) પારંગત = પીએચ.ડી.ના સંશોધનકાર્ય માટે

(૩) પારંગત = એમ.એ.

(૪) વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી) = પીએચ ડી.

૪. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓની સેમેસ્ટર પદ્ધતિની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની બી.ઈ. ૧, બી.ઈ. ૨, બી.ઈ. ૩, બી.ઈ. ૪, અને ફાઇનલ બી.ઈ. ૫ પદવી પરીક્ષાઓની માન્યતા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પરીક્ષાઓની માન્યતા બાબતમાં સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૧-૬-૧૯૭૦ની સભાએ જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની વિચારણા માટે મૂકવા માટે ઠરાવ્યું હતું.

(૨) જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સુરત મુકામે મળેલી તા. ૨૦-૨-૧૯૭૧ની સભાએ બાબત ક્રમાંક ૧૧થી નીચે મુજબ ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યની યુનિવર્સિટીઓના ઇજનેરી વિદ્યાશાખાઓના અધ્યક્ષો (Deans of the Faculties of Engineering of the Universities in the State.....) ને ઉપરોક્ત બાબતમાં વિચાર કરી પોતાનો હેવાલ આપવા જણાવવું. એ હેવાલ આવ્યા બાદ એ અંગે વધુ વિચારણા કરવી.

(૩) રાજ્યની યુનિવર્સિટીઓના ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષોની તા. ૧૨-૬-૧૯૭૧ની સભાનો અહેવાલ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.

(૪) રાજ્યની યુનિવર્સિટીઓના ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષોના હેવાલ પર જોઈન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની જામનગરની તા. ૭--૬--૧૯૭૨ની સભામાં કાર્યસૂચિ ૧૩થી નીચે પ્રમાણે ઠરાવ કરેલ છે :

" ઉપરોક્ત બાબતમાં રજૂ થયેલ અહેવાલની નોંધ લેવી. "

(૫) ઇજનેરી વિદ્યાશાખાના ડીનશ્રીઓના ઠરાવ ઉપર વિચારણા કરવાની થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓની ઈજનેરી વિદ્યાશાખાની સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષાઓ વર્ષને અંતે એટલે કે બી.ઈ. ૧, બી.ઈ. ૨, બી.ઈ. ૩, બી.ઈ. ૪ અને બી.ઈ. ૫ની પરીક્ષાઓ પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી એમ.બી.,બી.એસ. પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની એમ.બી ,બી.એસ. પદવી પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે પરીક્ષા માન્ય કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ, ન્યૂ દિલ્હીની એમ.બી.,બી.એસ. પદવી પરીક્ષાને પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭--૩--૧૯૭૨ની સભામાં ઠરાવ્યું છે કે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કે જેઓએ એમ.કૉમ.માં એક કે વધારે સત્રો મંજૂર કરાવેલાં હોય તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.કૉમ.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા. તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આ પરીક્ષા માટે એક કે વધુ સત્રો મંજૂર કરાવ્યાં હોય તેમને પરસ્પરના ધોરણે આપણે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના વિદ્યાર્થીઓ કે જેઓએ એમ.કૉમ.માં એક કે વધારે સત્રો મંજૂર કરાવેલાં હોય તેમની આ યુનિવર્સિટીની એમ.કૉમ.ના વર્ગ માટે પ્રવેશપાત્રતા પ્રત્યેક કેસની ગુણવત્તાના આધારે નક્કી કરવાનું રાખવું અને તે અંગે આખરી નિર્ણય લેવાનું કુલપતિશ્રી પર છોડવું.

૭. યુનિવર્સિટી ઑફ કેરાળા, ત્રિવેન્દ્રમની બી.એસસી.(એન્જિ.)ની પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની બી.ઈ. (સી., એમ ઍન્ડ ઈ.) પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

ફેકલ્ટી ઑફ ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

B.Sc. (Engg.) degree of University of Kerala can be considered as equivalent to B.E. degree of Gujarat University.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ કેરાલા, ત્રિવેન્દ્રમની બી.એસસી.(એન્જિ.)ની પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની બી.ઈ.ની જે તે શાખાની પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની સ્થાયી સમિતિની તા. ૫-૪-૧૯૭૨ની સભામાં બાબત ક્રમાંક ૨થી હાયર સેકન્ડરી પરીક્ષાઓની માન્યતા અંગે જે તે બોર્ડ દ્વારા લેવાતી આ પરીક્ષાઓના અભ્યાસક્રમો, અભ્યાસક્રમોનો ગાળો વગેરે વિચારીને સુગ્રથિત અહેવાલ રજૂ કરવા માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષોની એક સમિતિ નીમી હતી તે સમિતિના તા. ૩૦-૧૦-૧૯૭૨ના હેવાલ પર વિચારણા કરવા બાબત

(હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "ब" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અન્ય બોર્ડ કે યુનિવર્સિટીઓ દ્વારા લેવામાં આવતી "હાયર સેકન્ડરી" પરીક્ષાઓને સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાઓને જે શરતોને આધીન પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન કે વાણિજ્ય પરીક્ષા તુલ્ય માન્ય કરી છે તે અનુસાર માન્ય કરવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૯. (૧) સરદાર પટેલ યુનિ.ની ફર્સ્ટ બી.એસસી. સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષા માટેનું મંજૂર થયેલું પ્રથમ સત્ર માન્ય રાખીને ફર્સ્ટ બી.એસસી.ના વર્ગના બીજા સત્રમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(૨) રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ કે જ્યાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઑર્ડિનન્સ ૭૧ હેઠળ પ્રથમ સત્ર માન્ય રાખીને બીજા સત્રથી પ્રવેશ મેળવવા પાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી.ના ફર્સ્ટ સેમેસ્ટરની પરીક્ષા માટે રાખેલ સત્રને આધારે વિદ્યાર્થીઓને તદર્થ ધોરણે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ જ્યાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષાઓ લેવાય તેની ફર્સ્ટ સેમેસ્ટરની પરીક્ષા પૂરેપૂરી પાસ કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં બીજા સત્રથી ઑ. ૭૧ને આધીન પ્રવેશ આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની હાયર સેકન્ડરી પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં અમુક શરતોને આધીન પ્રવેશ આપવામાં આવે છે તેને બદલે અભ્યાસક્રમમાં કોઈ પણ પ્રકારની શરત વિના પ્રવેશ આપવા માટે સેકન્ડરી બોર્ડના સેક્રેટરીના તા. ૩૦-૧૧-૧૯૭૨ના પત્રાંક એફ ૪૨—જનરલ—૨(વોલ્યુ. ચાર) ૫૭૯૫થી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત

(પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "क" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બોર્ડની પરીક્ષાની માન્યતા અંગે યથાવત્ સ્થિતિ (statusquo) ચાલુ રાખવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી ઑફ બરદ્વાન તરફથી લેવામાં આવતી પ્રી-મેડિકલ અને એમ.બી.,બી.એસ. પદવી પરીક્ષાની માન્યતા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૧૨—૮—૧૯૭૨ના પત્રાંક આર.સી.આઇ—૪૬વી—૧૩૮—૭૬(૯૦) ૭૨ પર વિચારણા કરવા બાબત.

મેડિકલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

I feel that they are following the syllabi, rules and regulation as prescribed by the Calcutta University and since we have already reciprocal recognition with Calcutta University. I feel that the same can be granted to the University of Burdwan for the same course.

આથી ઠરાવવામાં આવે છે કે બરદ્વાન યુનિવર્સિટી, બરદ્વાનની પ્રી-મેડિકલ અને ફાઇનલ એમ.બી.,બી.એસ. પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગરની ફર્સ્ટ ઇયર બી.એ., બી.એડ.ની પરીક્ષાને પ્રી-યુનિ. વિનયનની પરીક્ષા સમકક્ષ ગણીને સદરહુ પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીના ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

B.A., B.Ed. Examination of S. V. Patel University may be recognised as equivalent to our Pre-University Arts Examination, subject to the student passing the same examination with English.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ., બી.એડ. અંગ્રેજી કોર્સની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરવા માટે પ્રવેશપાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. ભાગલપુર યુનિવર્સિટી, ભાગલપુરની એલએલ.બી. ત્રણ વર્ષ અભ્યાસક્રમની પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીના ત્રણ વર્ષના અભ્યાસક્રમની એલએલ.બી. (સ્પેશિયલ) પદવી પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

કાયદા વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

They are almost similar to those of our University in the courses of study sent by you I find on page 6(*b*) that the passing standard in a subject is same as ours but to pass the Examination, they require aggregate of 45% of marks while our University requires 50 % of the marks. If this defect is condoned than only I am of the opinion that it may be considered equivalent to 3-year Degree course of our University.

આથી ઠરાવવામાં આવે છે કે ભાગલપુર યુનિવર્સિટી, ભાગલપુરની એલએલ.બી. ત્રણ વર્ષના અભ્યાસક્રમની પરોક્ષાને આ યુનિવર્સિટીની એલએલ.બી. (સ્પે.) પદવી પરોક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી–૫ તરફથી લેવામાં આવતી બી.એસસી. પાર્ટ ૧– (મેડિકલ ગ્રુપ)ની નવા અભ્યાસક્રમની પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલા તારીખ ૩૧—૧૨—૧૯૭૧ના પત્રાંક આર.એ.સી.—૬૬૫૫—બી.એસસી. ૧ : ૨૦૦૨૯ પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસીનો નવો દાખલ થયેલ બી.એસસી. પાર્ટ ૧– (મેડિકલ ગ્રુપ)નો અભ્યાસક્રમ આપણી યુનિવર્સિટીના ફર્સ્ટ બી.એસસી.ના તેમ જ પ્રી-મેડિકલ કોર્સને સમકક્ષ ગણી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસીની બી.એસસી. પાર્ટ ૧ મેડિકલ ગ્રુપની નવા અભ્યાસક્રમની પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો હાથ પર લેવામાં આવી :

૧૫. (૧) શ્રી. શર્મા કમલેશે મીરત યુનિવર્સિટીની બી.એસસી. પદવી પરીક્ષા પાસ કર્યાના આધારે તેને બી.એડ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

(૨) શ્રી. અગ્રવાલ ગોપીરામે દિબ્રુગઢ યુનિવર્સિટીની બી.કૉમ. પાર્ટ ૨ની પદવી પરીક્ષા પાસ કર્યાના આધારે વિદ્યાર્થીને ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બંને વિદ્યાર્થીઓને પ્રવેશપાત્ર ગણવા એમ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીના ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષોની એક સભા, શનિવાર, તા. ૧૨-૬-૧૯૭૧ના રોજ બપોરે ૧-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ટી. એમ. પરીખ, અમદાવાદ	હાજર
